
Thursday, 27 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦




કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૯૯ ● સંવત-૨૦૮૨ માગશર સુદ સાતમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

### ગ્રુપ બી અને સી નોન ગેઝેટેડ સરકારી ભરતી સ્થાનિક ઉમેદવારો મારફત કરાવવા માટે

## દમણ-દીવના સાંસદે પ્રદેશના દોઢ વર્ષ બરબાદ કર્યા બાદ હવે લોકોને ગુમરાહ કરવાનું છોડી લોકસભામાં અસરકારક રજૂઆત કરવા સાથે સરકારમાં મજબૂત લોબિંગ કરી સમસ્યાનું નિરાકરણ લાવવું જરૂરી

**સંસદ ટીવીને આપેલા એક ઈન્ટરવ્યુમાં એક સામાજિક કાર્યકર તરીકે સી અને ડીની ભરતી સ્થાનિક ઉમેદવારો પાસેથી કરાવવા સફળ રહ્યા હોવાનો દાવો કરનાર ઉમેશ પટેલ સાંસદ બન્યા બાદ હવે કેમ સમસ્યાનું સમાધાન કરાવી શકતા નથી?**




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૬

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશ પટેલે સંસદ ટીવીને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, તેઓ જ્યારે ફક્ત એક સામાજિક કાર્યકર હતા તે સમયે તેમણે દમણ અને દીવમાં ગ્રુપ સી અને ડીની સરકારી ભરતી ડોમિસાઈલ ધરાવતા સ્થાનિક ઉમેદવારો મારફત જ કરાવવા સફળ રહ્યા હતા. ત્યારે હવે શ્રી ઉમેશ પટેલ સાંસદ બની ચુક્યા છે તેથી દમણ અને દીવમાં ગ્રુપ બી નોન ગેઝેટેડ શ્રેણીમાં તમામ સરકારી ભરતીઓ ડોમિસાઈલ ધરાવતા સ્થાનિક ઉમેદવારો માટે જ કરાવવા દોઢ વર્ષના કાર્યકાળમાં કેમ સફળ નહીં રહ્યા? એવો પ્રશ્ન પણ પૂછાય રહ્યો છે.

મળતી માહિતી પ્રમાણે નામદાર સુપ્રીમ કોર્ટના નિર્દેશ ઉપર ભારત સરકારે તમામ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ગ્રુપ બી નોન ગેઝેટેડ સહિતની ઉપરની ભરતી માટે અખિલ ભારતીય ધોરણે અરજી પત્રક મંગાવવાનો નિર્ણય લેવાયો હતો.

**દમણ અને દીવના સાંસદ તરીકે ઉમેશ પટેલે દમણગંગા નદીના પ્રદૂષિત પાણીના સેમ્પલ લેવા સાથે પ્રશાસનના સુંદર અને મજબૂત વિકાસ કામોનો અનેક વખત લોકસભામાં વિરોધ અવશ્ય કરી રહ્યા છે, પરંતુ જેના નિર્ણય લેવાની સત્તા સ્થાનિક પ્રશાસન પાસે નથી તેવી સમસ્યાના સમાધાન માટે કેમ દિલચસ્પી નથી બતાવતા?**

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશ પટેલે પોતાના સાંસદ તરીકેના દોઢ વર્ષના કાર્યકાળ દરમિયાન પ્રદેશ માટે સરકારી નોકરીમાં સ્થાનિકો માટે સળગતી સમસ્યા બનેલી આ ઘટના અંગે લોકસભામાં મજબૂત રજૂઆત કરી હોય એવું ધ્યાનમાં નથી આવ્યું, અને પોતાના ઉચ્ચ સંપર્કોનો ઉપયોગ કરી આ સમસ્યાના નિરાકરણ માટે પણ કોઈ ઠોસ પ્રયાસ કર્યો હોય એવું દેખાતું નથી.

દમણ અને દીવના સાંસદ તરીકે શ્રી ઉમેશ પટેલે દમણગંગા નદીના પ્રદૂષિત પાણીના સેમ્પલ અવશ્ય લીધા હતા અને પ્રશાસનના થઈ રહેલા સુંદર અને મજબૂત વિકાસ કામોનો અનેક વખત લોકસભામાં વિરોધ પણ કર્યો હતો. હવે દોઢ વર્ષ બાદ લોકોને ગુમરાહ કરવાનું છોડી અને જાગ્યા ત્યારથી સવાર ગણી દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશ પટેલે પણ આ મુદ્દે લોકસભામાં રજૂઆત કરવા સાથે મજબૂત લોબિંગ પણ કરવું જોઈએ એવી વ્યાપક લાગણી વ્યક્ત થઈ રહી છે.

## દમણ જિ.પં.ના પ્રમુખ અને ઉપ પ્રમુખ માટે ૧લી ડિસેમ્બરે યોજાનારી ચૂંટણી

**દમણ જિલ્લા પંચાયતના સભાખંડમાં સવારે ૧૧:૦૦ વાગ્યે જિ.પં. સભ્યોની મળનારી ખાસ બેઠક**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૬

દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણી માટે આગામી તા.૧લી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ જિલ્લા પંચાયતના કોન્ફરન્સ હોલમાં સવારે ૧૧:૦૦ વાગ્યે જિલ્લા પંચાયતના સભ્યોની બેઠક પ્રિસાઈડિંગ ઓફિસર શ્રીમતી આરતી અગ્રવાલે બોલાવી છે.

સવારે ૧૧:૦૦ થી ૧૧:૩૦ વાગ્યા દરમિયાન પ્રિસાઈડિંગ ઓફિસરને નામાંકન પત્ર સુપ્રત કરવાનું રહેશે. ત્યારબાદ તેજ દિવસે સવારે ૧૧:૩૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી નામાંકન પત્રની ચકાસણી થશે અને ૧૨:૩૦ વાગ્યા સુધી નામાંકન પત્રક પરત ખેંચી શકાશે અને ચૂંટણી યોજાઈ તો બપોરે ૧:૦૦ વાગ્યે ચૂંટણી યોજવામાં આવશે.

અત્રે યાદ રહે કે, ૧૬ સભ્યોની બેઠક ક્ષમતા ધરાવતી દમણ જિલ્લા પંચાયતમાં ૧૫ સભ્યો ભાજપના પ્રતિક ઉપર ચૂંટાયેલા છે. ભાજપ હાઈકમાન્ડ દ્વારા જારી મેન્ડેટ પ્રમાણે પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરાશે. સંભવતઃ બપોરે ૧૨:૦૦ વાગ્યા બાદ પ્રમુખ અને ઉપ પ્રમુખના પદ માટે કોનું નશીબ જોર કરે તે સ્પષ્ટ થઈ જશે.

## દમણ, દાનહ અને દીવ જિલ્લા પંચાયતને ૧લી ડિસેમ્બરથી મળશે નવા પ્રમુખ અને ઉપ પ્રમુખો

**દમણ જિ.પં. માટે દમણના ડેપ્યુટી કલેક્ટર (સામાન્ય) સહ એસડીએમ આરતી અગ્રવાલ, દાનહ જિ.પં. માટે સંઘપ્રદેશના સમાજ કલ્યાણ અને મહિલા અને બાળ વિકાસ વિભાગના ડાયરેક્ટર સહ ડેપ્યુટી સેક્રેટરી સહ ડેપ્યુટી ડાયરેક્ટર પુનિત કુલશ્રેષ્ઠ અને દીવ જિલ્લા માટે દીવના એસ.ડી.એમ. સહ ડેપ્યુટી કલેક્ટર શિવમ મિશ્રાને જિલ્લા પંચાયતની પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણીના પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે કરાયેલી નિયુક્તિ**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૬

દમણ, દાનહ અને દીવ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપ પ્રમુખ માટેની ચૂંટણી આગામી તા.૧લી ડિસેમ્બરના રોજ મુકરર કરવામાં આવી છે.

આજે પંચાયતી રાજ વિભાગના સંયુક્ત સચિવશ્રીએ જારી કરેલ આદેશમાં આગામી ૧લી ડિસેમ્બરના રોજ યોજાનાર જિલ્લા પંચાયતોના પ્રમુખ અને ઉપ પ્રમુખ માટેના પ્રિસાઈડિંગ ઓફિસરોની પણ નિયુક્તિ કરવામાં આવી છે. જેમાં દમણ જિલ્લા પંચાયત માટે દમણના ડેપ્યુટી કલેક્ટર (સામાન્ય) સહ એસડીએમ શ્રીમતી આરતી અગ્રવાલ, દાનહ જિલ્લા પંચાયત માટે સંઘપ્રદેશના સમાજ કલ્યાણ અને મહિલા અને બાળ વિકાસ વિભાગના ડાયરેક્ટર સહ ડેપ્યુટી સેક્રેટરી સહ ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી પુનિત કુલશ્રેષ્ઠ અને દીવ જિલ્લા માટે દીવના એસ.ડી.એમ. સહ ડેપ્યુટી કલેક્ટર શ્રી શિવમ મિશ્રાને જિલ્લા પંચાયતની પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણીના પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

દમણ, દાનહ અને દીવ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણી પોતાની જિલ્લા પંચાયતમાં યોજવામાં આવશે.

### પ્રશાસક પ્રફુલભાઈ પટેલની મંજૂરી બાદ

## લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ દાનહ અને દમણ-દીવમાં કામદારો માટે ખાસ ભથ્થામાં કરાયો વધારો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૬

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના સક્ષમ અને કુશળ નેતૃત્વ હેઠળ, શ્રમ અને રોજગાર વિભાગે, કામદારોના અધિકારો અને તેમના કામ પ્રત્યે ન્યાયીતા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી, આજે લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ ખાસ ભથ્થાંઓની જાહેરાત કરી હતી. દાનહ અને દમણ-દીવના શ્રમ કમિશનર અને સચિવ શ્રી અજય કુમાર ગુપ્તાએ એક અખબારી યાદી જારી કરીને, લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ કામદારો માટે ખાસ ભથ્થાંના દરમાં રૂા.૩નો વધારો કરી નવો દર નક્કી કર્યો હોવાની માહિતી આપી હતી.

દાનહ અને દમણ-દીવમાં કુશળ કામદારોને હવે રૂા.૫૧૦.૫૦, અર્ધ-કુશળ કામદારોને રૂા.૫૦૦.૫૦ અને અકુશળ કામદારોને રૂા.૪૮૯.૫૦ પ્રતિ દિવસ મળશે.

પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ વિવિધ ઉદ્યોગોમાં કાર્યરત કામદારોના જીવનધોરણમાં સુધારો કરવા અને તેમને નાણાકીય સુરક્ષા પૂરી પાડવા માટે સતત પ્રયત્નશીલ છે. આ કાયદા હેઠળ, લઘુત્તમ વેતન ઉપરાંત, દરેક કામદારને હવે ખાસ ભરતીનો લાભ મળશે. આ ભથ્થાં ફુગાવા, જીવનનિર્વાહનો ખર્ચ અને કામદારોના કામની ચોક્કસ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવ્યા છે. આ વિવિધ શ્રેણીઓમાં કામદારોને નાણાકીય સહાય પૂરી પાડશે અને તેમને ગૌરવપૂર્ણ જીવનનો અધિકાર સુનિશ્ચિત કરશે. આ ખાસ ભથ્થું ૧ એપ્રિલ, ૨૦૨૫થી લાગુ કરવામાં આવશે.

દાનહ અને દમણ-દીવના શ્રમ કમિશનર અને સચિવ અજય કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે, કામદારો માટે લઘુત્તમ વેતન, વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ નક્કી કરવામાં આવ્યું છે. શ્રમ વિભાગ સમયાંતરે કામદારો માટે ખાસ ભથ્થામાં વધારો કરી રહ્યો છે. શ્રમ વિભાગે દમણ અને દીવમાં કામદારોને લઘુત્તમ વેતન દર કુશળ કામદારો માટે રૂા.૫૧૦.૫૦ પ્રતિ દિવસ, અર્ધ-કુશળ કામદારો માટે રૂા.૫૦૦.૫૦ પ્રતિ દિવસ અને અકુશળ કામદારો માટે રૂા.૪૮૯.૫૦ પ્રતિ દિવસ ચૂકવ્યો છે.

અત્રે નોંધનીય છે કે, પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના નેતૃત્વમાં કેન્દ્ર શાસિત પ્રદેશ વહીવટીતંત્ર માટે કામદારોના અધિકારોની ખાતરી કરવી હંમેશા પ્રાથમિકતા રહી છે, અને આ પહેલ તેમના અધિકારોના રક્ષણ તરફ એક નક્કર પગલું છે.

### સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી અને દમણ બાર એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે

## દમણ જિલ્લા અને સત્ર ન્યાયાલયમાં 'સંવિધાન દિવસ'ની કરાયેલી ગૌરવપૂર્ણ ઉજવણી

**■ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ(સીજેએમ) ફર્સ્ટ ક્લાસ પ્રણિતા પી. ભારસાકડે વાઘના નેતૃત્વમાં બંધારણની પ્રસ્તાવનાનું કરાયેલું વાંચન ■ કાનૂની જાગૃતતા શિબિરમાં દમણના સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી સતિષભાઈ મોડાસિયાએ ભારતીય સંવિધાનની આપેલી રોચક અને રસપ્રદ માહિતી**





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૬

આજે 'સંવિધાન દિવસ'ના ઉપલક્ષમાં મોટી દમણ ખાતે જિલ્લા અને સત્ર ન્યાયાલયમાં ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ(સીજેએમ) ફર્સ્ટ ક્લાસ શ્રીમતી પ્રણિતા પી. ભારસાકડે વાઘના નેતૃત્વમાં બંધારણની પ્રસ્તાવનાનું વાંચન કરવામાં આવ્યું હતું.

- (વધુ પાના નં.૨ પર)

### પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયાના નેતૃત્વમાં

## દમણ પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે 'સંવિધાન દિવસ'ના ઉપલક્ષમાં યોજાયેલ વિશેષ કાર્યક્રમ



**સંવિધાન આપણી શક્તિ, પ્રેરણા અને આપણાં સ્વાભિમાનનું પ્રતિકઃ પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયા**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૬

આજે દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ દ્વારા દમણ કાર્યાલય ખાતે 'સંવિધાન દિવસ'ના ઉપલક્ષમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાના નેતૃત્વમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશના ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓ, પ્રદેશ અને જિલ્લાના પદાધિકારીઓ, અનુ.જાતિ, જનજાતિ મોરચાના કાર્યકર્તાઓ, દમણ જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી ભરતભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાએ 'સંવિધાન દિવસ'ની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી મોટા લોકતંત્રનું સમાવેશી પરિવર્તનશીલ અને ઉચ્ચ માનવીય મૂલ્યોથી યુક્ત સંવિધાનની રચના કરવાવાળા ડૉ. બાબાસાહેબ આંબેડકર અને સંવિધાન સભાના દરેક સભ્યોને સાદર નમન કર્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સંવિધાન આપણી શક્તિ, આપણી પ્રેરણા અને આપણું સ્વાભિમાન છે. સંવિધાન એ એવું માધ્યમ છે અને એક એવો સેતૂ છે જેના માધ્યમથી આપણે દરેક ભારતીય એકબીજાથી જોડાયેલા છીએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતનું સંવિધાન કોઈ એક દસ્તાવેજ નથી, પરંતુ આપણાં દરેકની ઓળખાણ છે, આપણું સાર્વભૌમત્વ, આપણાં મૂલ્યો અને દેશના નાગરિકોના અધિકારોને સુનિશ્ચિત કરનારની અને સમાન ન્યાય, સમાનતા અને પ્રગતિનું વચન છે. તેમણે નવા વિકસિત ભારતના નિર્માણ માટે દરેકને સમાનતા, ન્યાય અને બંધુત્વની સાથે મળી સંવિધાનના ઉચ્ચ સિદ્ધાંતોને આત્મસાત કરવા પ્રતિબધ્ધતા બતાવવા પણ આહ્‌વાન કર્યું હતું.

### સરપંચ ફાલ્ગુનીબેન પટેલના નેતૃત્વમાં

## કચીગામ ગ્રા.પં. દ્વારા બંધારણ દિવસના ઉપલક્ષમાં મળેલી વિશાળ ગ્રામસભા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૬

દમણ જિલ્લાની કચીગામ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલે આજે 'બંધારણ દિવસ'ના ઉપલક્ષમાં વિશાળ ગ્રામસભાનું આયોજન કર્યું હતું. જેમાં બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાનને યાદ કરાયા હતા.

આ પ્રસંગે કચીગામ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલ, પંચાયતના સભ્યો, પંચાયતના સેક્રેટરી શ્રી નિખિલ મીટના સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





### સરપંચ હિતાક્ષીબેન પટેલના નેતૃત્વમાં આયોજીત સભામાં

## ઘેલવાડ ગ્રા.પં.માં સંવિધાન દ્વારા આપવામાં આવેલ કર્તવ્યોને ગૌરવપૂર્વક યાદ કરાયા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

દમણ, તા.૨૬: દમણ જિલ્લાની ઘેલવાડ ગ્રામ પંચાયત દ્વારા સરપંચ શ્રીમતી હિતાક્ષીબેન જીગ્નેશભાઈ પટેલના નેતૃત્વમાં આજે 'સંવિધાન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગ્રામ પંચાયતના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત સર્વે લોકોએ ગૌરવપૂર્ણ આપણાં મૂળભૂત કર્તવ્યોને યાદ કર્યા હતા અને બંધારણના મૂલ્યો, સિદ્ધાંતો અને ભાવનાને જાળવી રાખવા માટે શપથ લીધા હતા.






## સુવિચાર - સદ્વિચાર

વિશ્વાસ રાખો, પ્રભુ તમારા સાથે છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### આંખ મીંચી અને વાત વ્હેતી થઈ

આંખ મીંચી અને વાત વ્હેતી થઈ,
ગૂંગળાતી હવા શ્વાસ લેતી થઈ.
ખૂબ શોધ્યું છતાં ના કશું નીકળ્યું,
આપણાંમાં જીવ્યું કોણ રેતી થઈ ?
જાવ ઈચ્છા વિશે બોલવું કૈં નથી,
અંત આવ્યા પછી દાદ દેતી થઈ.
બાથ ભીડી અને સામે ઊભું સ્મરણ,
મોતની ભરબજારે ફજેતી થઈ.

**- અંકિત ત્રિવેદી**

## આજની જોક

એક દિવસ મનિયાના પપ્પા મગનલાલને તેમના મિત્ર છગનલાલ એમના ઘરે મળવા આવ્યા.
છગનલાલે વાત-વાતમાં કહ્યું : 'યાર મગન ! મારી પુત્રીના લગ્ન કરવા છે, તે માટે હું યોગ્ય મૂરતિયો શોધી રહ્યો છું, લગભગ બાવીસ વરસની ઉંમરનો કોઈ સારો યુવાન જોઈએ, પણ કોઈ મળતું જ નથી તમે...'
હજી છગનલાલ પોતાની વાત આગળ વધારે ત્યાં જ મનિયો વચ્ચે ટપકી પડતા બોલી ઊઠયો : 'અંકલ ! અગિયાર-અગિયાર વરસના બે ન ચાલે ?'

## કબીર વાણી

**માયા તરવર ત્રિવિધકી, શે.ક દુઃખ સંતાપ;**
**શિતલતા સ્વપને નહિ, ફલ ફીકો તન તાપ.**

**- અર્થાત-**

માયા, એક ત્રણ ડાળીનું ઝાડ છે, જેમાં દિલગીરી, દુઃખ અને બળાપો એ ત્રણ અવગુણો ભરેલા છે; તે ઝાડથી માણસને સ્વપ્નામાં પણ યાને કદીએ શાંતિ મળતી નથી; તેનાં ફળ સ્વાદ વગરનાં છે ને શરીરમાં દુઃખજ ઉત્પન્ન કરે છે.

## આજનો દિન વિશેષ

### દામોદર બોટાદકર

દામોદર ખુશાલદાસ બોટાદકર (૨૭ નવેમ્બર, ૧૮૭૦ - ૭ સપ્ટેમ્બર, ૧૯૨૪) જેઓ દામોદર બોટાદકર અથવા કવિ બોટાદકર તરીકે જાણીતા હતા, ગુજરાતી કવિ હતા.

તેમનો જન્મ બોટાદમાં થયો હતો અને છ ધોરણ સુધીનો અભ્યાસ ત્યાં જ કર્યો. તેઓ તેરમાં વર્ષે શિક્ષક બન્યા અને કુટુંબની આર્થિક મુશ્કેલી દૂર કરવા જુદા જુદા સમયે એમણે જુદા જુદા વ્યવસાયો અજમાવેલાં. વેપાર અને વૈદું કર્યાં, પણ તેમાં ફાવેલાં નહીં. ૧૮૯૩માં વૈષ્ણવ ગોસ્વામી મહારાજ નૃસિંહલાલજી સાથે તેમના કારભારી તરીકે મુંબઈ ગયા. 'પુષ્ટિમાર્ગ પ્રકાશ'નું તંત્રીપદ સંભાળ્યું. મુંબઈના નિવાસ દરમિયાન ત્યાંના કોઈ શાસ્ત્રી પાસે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. નાદુરસ્ત તબિયતને લીધે ૧૯૦૭માં વતન પાછા આવી પુનઃ શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો.

**સર્જન**

એમનું પ્રથમ પ્રકાશન 'શાહ પ્રણીત લાલસિંહ-સાવિત્રી નાટક અથવા સ્વયંવરવિધિથી સુખી દંપતીનું ચરિત્ર' નામનું નાટક છે. એ જ રીતે 'ગોકુળગીતા', 'રાસવર્ણન' અને 'સુબોધ કાવ્યસંગ્રહ' પણ એમની પ્રારંભિક કૃતિઓ છે. તે પછી કાવ્યોપાસનાના દ્યોતક સંગ્રહો 'કલ્લોલિની' (૧૯૧૨), 'સ્રોતસ્વિની' (૧૯૧૮), 'નિર્ઝરિણી' (૧૯૨૧), 'રાસતરંગિણી' (૧૯૨૩) અને મરણોત્તર 'શૈવલિની' (૧૯૨૫), ''ચંદન'' મળ્યા છે. 'રાસતરંગિણી' ના રાસોએ એમને એક નોંધપાત્ર રાસકવિનાં સ્થાનમાન મેળવી આપ્યાં છે. તે જમાનાની ગુજરાતણોને આ રાસોએ ખૂબ ઘેલું લગાડેલું લોકઢાળોનો તેમાં ખૂબીપૂર્વકનો વિનિયોગ થયો છે. 'શૈવલિની'નાં કાવ્યોની ગુણસંપત્તિ નોંધપાત્ર છે. એમાં પ્રકૃતિ અને ગૃહજીવનના ભાવોને એમણે કાવ્યરૂપ આપ્યું છે. ગ્રામજીવનના પરિવેશના અને એના તળપદા વિષયોના સુચારુ અને મધુર પ્રાસાદિક નિરૂપણે એમને 'સૌંદર્યદર્શી કવિ'નું બિરુદ અપાવ્યું છે. ગૃહજીવનની ભાવનાનાં કાવ્યો એમનું મુખ્ય અને મહત્વનું પ્રદાન છે. કન્યા, માતા, નણંદ, સાસુ, લગ્નોદ્યતા, ભગિની, નવોઢા, ગૃહિણી, સીમંતિની, પ્રૌઢા-એમ નારીજીવનની જુદી જુદી અવસ્થા અને એના પદને લક્ષ્ય કરીને એનાં અનેકવિધ સુકુમાર સંવેદનોને એમણે મધુર અને પ્રશસ્ય રૂપ આપ્યું છે.

## રેસીપી : ફુદીનાનું રાયતું રેસીપી

**ચટણી - રાયતા :** ફુદીનાનું રાયતું બનાવવામાં સરળ અને ઝડપથી તૈયાર થઈ જાય એવી એક ભારતીય વાનગી છે જે સામાન્ય રીતે બપોરના અથવા રાતના ભોજનની સાથે પીરસવામાં આવે છે. તેને બનાવવા માટે તાજા ફુદીનાના પાન, દહીં અને થોડા મસાલા જ જોઈએ. તે સ્ટ્ફ્ડ (ભરેલા) પરોઠા, વિભિન્ન પ્રકારના પુલાવ અને વેજ બિરયાનીની સાથે સરસ લાગે છે. તો આવો આજે આપણે આ રેસીપી (વિધિ) નું પાલન કરીને થોડી જ મિનિટોમાં ફુદીનાનું રાયતું બનાવતા શીખીએ.



પૂર્વ તૈયારીનો સમયઃ ૭ મિનિટ, કેટલા લોકો માટેઃ ૩

**સામગ્રીઃ** ૧&૧/૪ કપ દહીં, ૧/૨ કપ ફુદીનાના પાન, ૨ ટેબલસ્પૂન કાપેલા લીલા ધાણા-વૈકલ્પિક, ૧/૨-૧ ટીસ્પૂન ખાંડ, મીઠું સ્વાદ પ્રમાણે, એક ચપટી સંચળ, વૈકલ્પિક, ૧/૨ ટીસ્પૂન શેકેલા જીરાનો પાઉડર, ૧/૪ કપ બારીક સમારેલી ડુંગળી, વૈકલ્પિક.

**બનાવવાની રીતઃ** એક મિકસર ગ્રાઈન્ડરના નાના જારમાં ૧/૨ કપ ફુદીનાના પાન, ૨ ટેબલસ્પૂન લીલા ધાણા, ૨ ટેબલસ્પૂન દહીં, ૧ ટીસ્પૂન ખાંડ અને મીઠું લો. તેને પીસીને ચીકણી પ્યુરી બનાવો. એક બાઉલમાં વધેલું ૧ કપ+૨ ટેબલસ્પૂન દહીં લો. તેને એક ચમચી અથવા વ્હિસ્કથી વલોવી લો. તેમાં સ્ટેપ-૨ માં બનાવેલી ફુદીનાની પ્યુરી, ૧/૨ ટીસ્પૂન શેકેલા જીરાનો પાઉડર અને એક ચપટી સંચળ નાખો. તેને બરાબર મિક્ષ કરો. તેમાં ૧/૪ કપ બારીક સમારેલી ડુંગળી નાખોં અને બરાબર મિક્ષ કરો. ફુદીનાનું રાયતું પીરસવા માટે તૈયાર છે. તેને તમારી પસંદના પુલાવની સાથે અથવા લંચ અથવા ડીનરમાં પીરસો.

# દીવની વિવિધ ગ્રામ પંચાયતોમાં 'સંવિધાન દિવસ'ની કરાયેલી ઉજવણી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૬**

દીવના સાઉદવાડી ગ્રામ પંચાયત, સરદાર વલ્લભભાઈ પટેલ ગ્રામ પંચાયત અને શહિદ ભગતસિંહ ગ્રામ પંચાયત દ્વારા સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ ડો.ભીમરાવ આંબેડકરની તસ્વીર પર પુષ્પ અર્પણ કરી પુષ્પાજંલી આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન બંધારણને લઈ ઉપસ્થિત તમામ લોકોએ શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં ડો.ભીમરાવ આંબેડકર દ્વારા ઘડવામાં આવેલ બંધારણની વિસ્તૃત માહિતી યુટ્યુબના માધ્યમથી પ્રોજેક્ટર પર બતાવવામાં આવી હતી.

આ કાર્યક્રમ દરમિયાન સાઉદવાડી ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી કાન્તાબેન મેઘજી, સરદાર વલ્લભભાઈ પટેલ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી દમયંતિબેન નાનજી, શહીદ ભગતસિંહ ગ્રામ પંચાયતના સરપંચ શ્રી મેઘજીભાઈ લાખા ચાવડા તેમજ જિલ્લા પંચાયતના સભ્ય શ્રીમતી અશ્વિનીબેન ભરત બામણિયા, શ્રીમતી કાંતાબેન રામજી સોલંકી તેમજ પંચાયતના સભ્યો, વાડી વિસ્તાર સમાજના પટેલ ભરતભાઈ ઉકરડા, મંત્રી શ્રી છગનભાઈ, ગામના આગેવાનો, મંત્રી શ્રી નરોતમભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધી મંત્રી શ્રી નરોતમભાઈ સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

# દીવ હોટલ એસોસિએશન દ્વારા ફૂડ સેફ્ટી અને કુકિંગ દરમિયાન તકેદારી અંગે વર્કશોપનું આયોજન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૬**





કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે કોહીનુર હોટલમાં દીવ હોટેલ એસોસિએશન દ્વારા દીવની હોટલો અને રેસ્ટોરેન્ટના માલિક, માસ્ટર સેફ, સેફ, હાઉસ સ્કીપીગ, સર્વિસ સ્ટાફ વગેરેને દિવસ દરમિયાન હોટલ, રેસ્ટોરેન્ટમાં બનાવવામાં આવતી વાનગીઓને લઈ ફૂડ સેફટી, વાનગીની ગુણવતા, સ્વાદ વગેરેને બરકરાર રાખવા કઈ કઈ તકેદારી રાખવી તે અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. સાથે સાથે ફુડના વેપારને લઈ તેમના નિયમો અંગે પણ જાણકારી અપાઈ હતી.

આજે ફુડ લેબલ, ફુડ અને રોમટીરીયલને કેટલા સમય સુધી સ્ટોર કરવું, રોમટીરીયલ ફ્રિઝમાં કે ફ્રિઝરમાં સ્ટોર કરવું, પ્રોડકશન સમયે ક્યા ફૂડમાં કલર વાપરવો કે નહિ વાપરવો, રસોઈ કર્યા પછી સાફ સફાઈ કઈ રીતે કરવી વગેરે અંગે તાલીમ આપવામાં આવી હતી.

આ સમગ્ર તાલીમ પ્રવીણ એન્ડરોસ ટેકનિકલ ડાયરેક્ટર પ્રશિક્ષણ એફએસએસ પ્રા.લિ., ટ્રેનરે દિવસ દરમિયાન તાલીમ આપી હતી. તાલીમ દરમિયાન હોટલ એસોસિએશન દીવના પ્રમુખ અને HRAWI એક્ઝિક્યુટિવ મેમ્બર યતિન ફુગ્રો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં જન્મ-મરણના દાખલામાં નામ સુધારા અંગે નવા નિયમો જાહેર

**હવે એકથી વધુ વાર સુધારો શક્ય : જન્મ અને મરણના દાખલામાં નામ સુધારા અંગે પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે મુખ્ય રજિસ્ટ્રાર (જન્મ-મરણ) દ્વારા આજે (૨૬ નવેમ્બર) એક મહત્વપૂર્ણ એડવાઈઝરી જાહેર કરવામાં આવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૨૬**

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નાગરિકોને મોટી રાહત આપતો નિર્ણય લેવામાં આવ્યો છે. જન્મ અને મરણના દાખલામાં નામ સુધારા અંગે પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે મુખ્ય રજિસ્ટ્રાર (જન્મ-મરણ) દ્વારા આજે (૨૬ નવેમ્બર) એક મહત્વપૂર્ણ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. આ નવા નિયમોમાં છૂટાછેડા લીધેલા દંપતીઓ, સિંગલ પેરેન્ટ્સ અને નામમાં અટક કે ક્રમ બદલવા માંગતા અરજદારો માટે સ્પષ્ટ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

જો દંપતી વચ્ચે છૂટાછેડા થયા હોય અને કોર્ટના આદેશ મુજબ બાળકની કસ્ટડી માતા પાસે હોય, તો તેવા કિસ્સામાં બાળકના જન્મના પ્રમાણપત્રમાં બાળકના નામની પાછળ માતાનું નામ અને માતાની અટક રાખી શકાશે. દા.ત. (બાળકનું નામ, માતાનું નામ, માતાની અટક).

**પિતાનું નામ ફરજિયાતઃ** જોકે, એક મહત્વની સ્પષ્ટતા એ કરવામાં આવી છે કે જન્મના પ્રમાણપત્રમાં 'પિતાના નામ'ની જે કોલમ હોય છે, તેમાંથી જૈવિકપિતાનું નામ દૂર કરી શકાશે નહીં. ત્યાં ફરજિયાત પિતાનું નામ જ લખવાનું રહેશે.

**માતા-પિતા સાથે રહેતા હોય તો પણ છૂટઃ** જો માતા અને પિતા બંને બાળક સાથે જ રહેતા હોય, તો પણ જો તેઓ ઈચ્છે તો બાળકના નામની પાછળ પિતાના નામને બદલે માતાનું નામ અને માતાની અટક રાખી શકાશે.

**અટક/પિતાનું નામ કાઢી નાખવું:** જો અરજદાર ઈચ્છે તો બાળકના નામ પાછળ મિડલ નેમ (પિતાનું નામ) અને લાસ્ટ નેમ (અટક) બંને લખાવવાનું ટાળી શકે છે અને તે વૈકલ્પિક રહેશે. એટલે કે દાખલામાં ફક્ત 'બાળકનું નામ' જ રાખી શકાય.

**નામનો ક્રમ બદલવો:** હવેથી બાળકના નામમાં પ્રથમ અટક, વચ્ચે બાળકનું નામ અને છેલ્લે પિતાનું નામ (દા.ત. અટક, બાળકનું નામ, પિતાનું નામ) રાખવું હોય તો તે પણ માન્ય ગણાશે.

**પિતા પુત્રની અલગ અટકઃ** પિતા અને બાળકની અટક અલગ રાખવી હોય તો સરકારી ગેઝેટ અને પુરાવાને આધારે તેમાં સુધારો થઈ શકશે.

**મરણના દાખલામાં નિયમઃ** મરણના પ્રમાણપત્રમાં પણ મરનારના નામ પાછળ પિતા કે પતિનું નામ અને અટક લખાવવી વૈકલ્પિક કરી શકાશે.

**હવે એકથી વધુ વાર સુધારો શક્યઃ** અગાઉ ૨૦૦૭ના નિયમો મુજબ જન્મ-મરણની નોંધમાં રજિસ્ટ્રાર દ્વારા માત્ર એક જ વાર સુધારો કરી શકાતો હતો. પરંતુ હવે નવા પરિપત્ર મુજબ, સંજોગો અને નિયમો બદલાય ત્યારે યોગ્ય આધાર-પુરાવા રજૂ કરીને ફરીવાર પણ જરૂરી સુધારા કરી શકાશે. મરણના પ્રમાણપત્રમાં પણ મરનારના નામ પાછળ પિતા કે પતિનું નામ લખવું હવેથી વૈકલ્પિક ગણાશે. રાજ્યના તમામ જિલ્લા રજિસ્ટ્રાર, મહાનગરપાલિકા અને નગરપાલિકાના અધિકારીઓને આ એડવાઈઝરીનો તાત્કાલિક અમલ કરવા સૂચના આપી દેવામાં આવી છે.

## પરિજનોને ૩ અઠવાડિયાથી મળવા ન દીધા

# જેલમાં કેદ ઈમરાન ખાન અંગે શંકાના વાદળ ઘેરાયાં

**ઈમરાન ખાનની બહેનોએ પાકિસ્તાનના પંજાબ પ્રાંતના IGને ફરિયાદ કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પાકિસ્તાન,તા.૨૬**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અંગે પાકિસ્તાનમાં અનેક અફવાઓ ચાલી રહી છે. પાકિસ્તાનમાં એવી અફવાઓએ વેગ પકડ્યો છે કે, જેલમાં તેમનું સ્વાસ્થ્ય ઠીક નથી. તો બીજી તરફ પાકિસ્તાનના રાવલપિંડી જેલમાં કેદ ઈમરાન ખાનની હત્યા અંગેની ચર્ચાઓ ઈસ્લામાબાદથી કાબુલ સુધી તેજ બની છે. ઈમરાન ખાનની ત્રણ બહેનોને ૩ અઠવાડિયાથી અદિયાલા જેલમાં ઈમરાન ખાનને મળવા નથી દીધી. ઈમરાન ખાનની બહેનોએ પાકિસ્તાનના પંજાબ પ્રાંતના IGને ફરિયાદ કરી છે.

કોર્ટની પરવાનગી હોવા છતાં રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ ઈમરાન ખાનને તેની ત્રણ બહેનો અને વકીલોને મળવા નથી દેતા. તેમની બહેનો તેમને છેલ્લે મળી હતી તેના ત્રણ અઠવાડિયા વીતી ગયા છે. બહેનોનો આરોપ છે કે, ઈમરાન ખાનનું ઠેકાણું અને તેમના સ્વાસ્થ્ય વિશે કોઈ ઓફિશિયલ જાણકારી નથી. ઈમરાનની બહેન નૌરીને અદિયાલા જેલની બહાર પ્રદર્શનકારીઓ પર 'ક્રૂર હુમલા' અંગે પંજાબ પ્રાંતના IGને ઔપચારિક ફરિયાદ આપી છે. પીટીઆઈના સમર્થકોનું કહેવું છે કે, જો ઈમરાન ખાન સ્વસ્થ છે તો તેમની બહેનોને કેમ તેમની સાથે મળવા નથી દેતા. જ્યારે ઈમરાન ખાન સાથે મુલાકાતનો આદેશ કોર્ટે આપ્યો છે. એક અહેવાલ પ્રમાણે કોર્ટમાંથી નીકળતી વખતે ઈમરાન ખાનની બહેન અલીમા ખાનને કસ્ટડીમાં લેવામાં આવી હતી.

પીટીઆઈના ફાઉન્ડર ઈમરાન ખાનની બહેન નૌરીન નિયાઝીએ ગત અઠવાડિયે રાવલપિંડીની આદિયાલા જેલની બહાર પીટીઆઈના પ્રદર્શનકારીઓ પર થયેલા 'ક્રૂર હુમલા' વિરુદ્ધ પંજાબ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ ડૉ.ઉસ્માન અનવરને ઔપચારિક ફરિયાદ આપી છે.

# ચિલોડા શામળાજી સિક્સલેન નેશનલ હાઈવેની કામગીરીનું કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ નિરીક્ષણ કર્યું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**હિંમતનગર, તા.૨૬**

ચિલોડા શામળાજી નેશનલ હાઈવે સીક્સલેનમાં પરિવર્તન થવાની કામગીરી કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ હિંમતનગરમાંથી પસાર થતો નેશનલ હાઈવે પરની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સાથે જોડાયા હતા. નેશનલ હાઈવેના નિરીક્ષણ બાદ મજરા ખાતે પણ કામનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યારબાદ અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે બેઠક યોજી હતી. નેશનલ હાઈવેના સર્વિસ રોડ, ઓવરબ્રિજ સહિતની કામગીરી બાબતે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. હિંમતનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સાબરકાંઠાના સાંસદ શોભનાબેન બારૈયા, ધારાસભ્ય વિ.ડીઝાલા, સાબરકાંઠા જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક સહિત ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતના વરાછામાં ઘરમાં ફસાયેલા બાળકીને ફાયર ટીમે બચાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત, તા.૨૬**

સુરત શહેરના વરાછા વિસ્તારમાં આવેલી હેમકુંજ સોસાયટીમાં એક પરિવારની નાનકડી બાળકી રૂમની અંદર ફસાઈ ગઈ હતી. બાળકીને રૂમની અંદરથી રડવાનું શરૂ થતાં માતા-પિતા ગભરાઈ ગયા અને આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. સદભાગ્યે ફાયર વિભાગને તુરંત જાણ કરતાં ફાયરે જવાનોએ ઝડપથી પહોંચીને સફળતાપૂર્વક બાળકીને સુરક્ષિત બહાર કાઢી હતી.

સૂત્રો અનુસાર, જયારે બાળકીને રમતાં રમતાં પોતાના રૂમનો દરવાજો અનુમાને ધક્કો મારતા જ તે બંધ થઈ ગયો. બાળકીએ અજાણતાં જ તેને બંધ કરી દીધો હતો. નાની ઉંમરની હોવાને કારણે તે લૉક ખોલી ન શકતા ફસાઈ ગઈ અને થોડા જ સમય બાદ રડવાનું શરૂ કર્યું.

હેમકુંજ સોસાયટીના એક ઘરના રૂમમાં બાળકીના રડવાના અવાજ સાંભળી માતા દોડીને રૂમ પાસે આવી, પરંતુ દરવાજો ખૂલતો ન હોવાથી તેની ચિંતા વધી. માતાએ મદદ માટે બુમાબુમ કરી તો પડોશીઓ અને સોસાયટીના લોકો પણ એકઠાં થયા. બધા મળીને દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હશે, પરંતુ મજબૂત લૉકને કારણે સફળતા ન મળતા તાત્કાલિક ૧૦૧ પર કૉલ કરીને ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

ફાયર વિભાગની ટીમ ઝડપથી સ્થળ પર પહોંચી અને પરિસ્થિતિ પારખી તાત્કાલિક દરવાજાનું લોક તોડવાની કામગીરી શરૂ કરી હતી. બાળકી રૂમની અંદર સતત રડી રહી હતી જ્યારે માતા-પિતા દરવાજા બહાર વધુ ચિંતીત હતા. ફાયર બ્રિગેડના જવાનોએ સૌપ્રથમ બાળકી સાથે વાતચીત કરીને તેને શાંત કરવાનો પ્રયાસ કર્યો, જેથી તે વધુ ગભરાઈ ન જાય. ત્યારબાદ જવાનોએ ખાસ ટૂલ્સનો ઉપયોગ કરીને દરવાજાનો લૉક તોડવાનું કામ શરૂ કર્યું.

થોડા મિનિટોમાં લોક તોડી દરવાજો ખોલવામાં સફળતા ખોલ્યો અને રડી રહેલી બાળકી સુરક્ષિત બહાર કાઢવામાં આવી. માતા-પિતાએ બાળકીને ગળે લગાવીને રાહતનો શ્વાસ લીધો. આસપાસ હાજર લોકોને પણ શાંતિ મળી કે કોઈ મોટી દુર્ઘટના થતાં ટળી ગઈ.

**(પહેલાં પાનાનું ચાલુ)** **દમણ જિલ્લા અને સત્ર...**

સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી દમણ અને દમણ બાર એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આયોજીત આ કાર્યક્રમમાં કોર્ટના અધિકારીઓ, ધારાશાસ્ત્રીઓ, કર્મચારીઓ તથા અસીલો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સીજેએમ (ફર્સ્ટ ક્લાસ) શ્રીમતી પ્રણિતા પી. ભારસાકડે વાઘે જણાવ્યું હતું કે, આપણાં દેશમાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯થી સંવિધાનનો ઔપચારિક રૂપથી સ્વીકાર કરવામાં આવ્યો હતો. ભારતીય સંવિધાનના નિર્માણ માટે સંવિધાન સભાએ ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના નેતૃત્વમાં એક પ્રારૂપ સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. ભારતના સંવિધાનને બે વર્ષ ૧૧ મહિના ૧૮ દિવસમાં તૈયાર કરી ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ના રોજ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતું. ડૉ. ભીમરાવ આંબેડકરના યોગદાનને નજર સમક્ષ રાખી તેમની ૧૨૫મી જન્મ જયંતિના અવસરે ૨૬મી નવેમ્બર, ૨૦૧૫થી પહેલી વખત ભારત સરકાર દ્વારા 'સંવિધાન દિવસ' મનાવવાની શરૂઆત કરવામાં આવી હતી અને પ્રત્યેક વર્ષ ૨૬ નવેમ્બરને 'સંવિધાન દિવસ' તરીકે મનાવવામાં આવી રહ્યો છે. કાર્યક્રમ દરમિયાન કાનૂની જાગૃતતા શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દમણના સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી શ્રી સતિષભાઈ મોડાસિયાએ ભારતીય સંવિધાનની બાબતમાં અનેક રસપ્રદ અને રોચક માહિતી રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સંવિધાનના કારણે જ દેશમાં લોકતાંત્રિત સરકાર છે અને તેમાં જનતા દ્વારા ચૂંટાયેલ સદસ્ય સાંસદ અને વિધાનસભા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના માધ્યમથી લોક કલ્યાણકારી કામો અને કાયદાનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ભારતીય સંવિધાનમાં દરેક નાગરિકોને મૌલિક અધિકાર પ્રદાન કરવામાં આવ્યો છે જે માનવ અધિકારોનું રક્ષણ કરે છે.

# માઈલસ્ટોન ગિયર્સ લિમિટેડે રૂ.૧૧૦૦ કરોડના આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૨૬**

ટ્રેક્ટર્સ, કન્સ્ટ્રક્શન ઉપકરણ, ઈલેક્ટ્રિક વ્હિકલ્સ (ઈવી), લોકોમોટિવ, વિન્ડમીલ અને અન્ય હેવી ઈન્ડસ્ટ્રીઝ જેવાં બહુવિધ ક્ષેત્રોમાં ઉપયોગમાં લેવાતા હાઈ-પ્રિસિઝન, કોમ્પલેક્સ એન્જિનિયર્ડ ટ્રાન્સમીશન કોમ્પોનન્ટના ઉત્પાદક માઈલસ્ટોન ગિયર્સ લિમિટેડે સેબીમાં તેનું ડીઆરએચપી ફાઈલ કર્યું છે. ૧ એપ્રિલ, ૨૦૨૨થી ૩૦ જૂન, ૨૦૨૫ દરમિયન કંપનીએ ભારતમાં ટ્રેક્ટર સેક્ટરમાં ટોચની ૯ ઓઈએમ સહિત ૫૦થી વધુ ગ્રાહકોને સપ્લાય કર્યું છે (સ્રોતઃ ૧ લેટ્ટિસ રિપોર્ટ) અને તેણે મોટાભાગની કંપનીઓ સાથે તેના લાંબાગાળાના સંબંધો સ્થાપિત કર્યું છે.

કંપની રૂ.૧૧૦૦ કરોડના પ્રારંભિક જાહેર ભરણા દ્વારા પ્રતિ શેર રૂ.૨ની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શેર્સ ઓફર કરીને ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ ઓફરમાં રૂ.૮૦૦ કરોડ સુધીના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ તથા સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા રૂ.૩૦૦ કરોડ સુધીના ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે.

રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરાયેલા ઈક્વિટી શેર્સ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ) ઉપર લિસ્ટ કરવાની દરખાસ્ત છે.

જેએમ ફાઈનાન્સિયલ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ અને મોતીલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિમિટેડ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

### નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સાદડવેલ ગામે ખેડૂત આક્રોશ રેલી યોજાઈ

# જાહેર હરાજીમાં આઈપીએલ કંપની સાદડવેલ કાવેરી સુગરનો કબ્જો લેવા આવશે તો ટાંટિયા તોડી નાખવાની તાકાત અમારામાં છે: ધારાસભ્ય અનંતભાઈ પટેલ

**કોંગ્રેસની સરકાર જ્યારે સત્તામાં આવશે ત્યારે ભ્રષ્ટાચારી અધિકારીઓના પટ્ટા ઉતારી લેવાશેઃ અનંતભાઈ પટેલ**




-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૬**

ચીખલી તાલુકાના સાદડવેલ ગામે નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વાંસદા - ચીખલીના ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલની આગેવાનીમાં ખેડૂત આક્રોશ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં વાંસદા-ચીખલીના ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી શૈલેષભાઈ પટેલ, રૂઢી ગ્રામસભાના અધ્યક્ષ શ્રી રમેશભાઈ ખાંભડા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ, ખેરગામ તાલુકા પ્રમુખ શ્રી શશીનભાઈ, યુથ કોંગ્રેસ પ્રમુખ પુરવભાઈ, પૂર્વ માજી તાલુકા પંચાયત પ્રમુખ શ્રી રામભાઈ, આદિવાસી આગેવાન ડો.અનિલ પટેલ, નવસારી જિલ્લા મહિલા પ્રમુખ અર્ચનાબેન સોલંકી, તાલુકા પ્રમુખ ભાવનાબેન, ઉપપ્રમુખ હેમાંગીનીબેન સહિત મોટી સંખ્યામાં ખેડૂતો, શેર ધારકો અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહી સરકારના એક નિર્ણય સામે ખેડૂતોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. કાવેરી સુગર ફેક્ટરીને બંધ કરવાના નિર્ણયનો સખત વિરોધ કરીઆ સુગર ફેક્ટરી બંધ થવાથી માત્ર શેરડીના ઉત્પાદકોને જ નહીં પરંતુ તેના પર નિર્ભર હજ્જારો શ્રમિક પરિવારોની રોજી-રોટી પર પણ સંકટ ઘેરાઈ રહ્યું છે.

ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલે રાજ્યની ભાજપ સરકાર પર સીધા અને આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, કાવેરી સુગર ફેક્ટરીના વર્તમાન મેનેજમેન્ટ અને તેને બંધ કરવાના નિર્ણયને ભાજપના શાસન હેઠળ ચાલી રહેલા ભ્રષ્ટાચારનું પ્રતિક ગણાવ્યું હતું. કાવેરી સુગર ફેક્ટરી હવે સુગર ફેક્ટરી નથી રહી પરંતુ તે ભાજપના ભ્રષ્ટાચારની ઓફીસ બની ગઈ છે. જ્યાં માત્ર મળતિયાઓને ફાયદો પહોંચાડવાના સોદા થાય છે. સુગર ફેક્ટરીને જાણીજોઈને ખોટમાં ધકેલીને બંધ કરવામાં આવી છે. જેથી સસ્તા ભાવે તેની કિંમતી જમીન અમુક ઉદ્યોગપતિઓના હાથમાં સોંપી શકાય. ખેડૂતોનું હિત નહીં પરંતુ જમીનનો ધંધો જ સરકારની નજર સામે છે. સભામાં ધારાસભ્યશ્રી અનંતભાઈ પટેલે આદિવાસી શેર ધારકોને તેમના અધિકારો માટે લડવા માટેનું એક નવું દિશાસૂચન આપી જણાવ્યું હતું કે જો સરકાર બંધ પડેલી સુગર ફેક્ટરીની જમીનનો યોગ્ય ઉપયોગ કરીને શેર ધારકોના પૈસા પાછા નહીં આપે તો આદિવાસી શેર ધારકોએ સંગઠિત થઈ ને તે જમીન ઉપર ખેતી કરવાનું શરૂ કરવું જોઈએ અથવા નાની દુકાનો કે સ્ટોલ બનાવીને પોતાના હિસ્સાના પૈસા વસૂલ કરવા હાકલ કરી હતી. આ જમીન આદિવાસી ખેડૂતોના પરસેવાથી બનેલી છે અને તેના પર ખેડૂતોનો જ પ્રથમ અધિકાર છે. જો જાહેર હરાજીમાં કોઈ ખાનગી કંપની ખાસ કરીને આઈપીએલ કંપની કાવેરી સુગર ફેક્ટરીનો કબજો લેવા માટે આવશે તો તેઓ આદિવાસી સમાજના હિતોનું રક્ષણ કરવા માટે કંઈ પણ કરવા તૈયાર છે. કોઈ પણ કંપની જો આદિવાસીઓના હક છીનવવા આવશે તો તેમના ટાંટિયા તોડી નાખવાની તાકાત અનંત પટેલમાં છે. આ જમીન અમે કોઈને હડપવા નહીં દઈએ.

તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે, કાવેરી સુગરનો મુદ્દો હવે માત્ર આર્થિક નથી રહ્યો પરંતુ તે દક્ષિણ ગુજરાતના આદિવાસી અને ખેડૂત સમાજની ઓળખ અને અસ્તિત્વનો મુદ્દો બની ગયો છે. ત્યારે સરકાર ખેડૂતોના આ આક્રોશને શાંત કરવા માટે શું પગલાં લેશે તે જોવું રહ્યું.

**વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીને સંપૂર્ણ સમર્થન જાહેર કરી અનંત પટેલે જણાવ્યું કે, તેઓ અન્યાય સામે લડતા દરેક નેતાની સાથે ઉભા છે અને જીજ્ઞેશ મેવાણીની લડાઈને તેમની પોતાની લડાઈ ગણાવી હતી**

# ચીખલીના થાલામાં હાઈવેને અડીને આવેલ ખાનગી હોસ્પિટલની પાછળ મેડિકલ વેસ્ટ અને કચરાના ઢગલાઓ



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૬**

ચીખલીમાં હાઈવેને અડીને આવેલ ખાનગી હોસ્પિટલના બિલ્ડીંગની દીવાલને અડીને પાછળના ભાગે બાયો મેડિકલ વેસ્ટ સહિતનો કચરો ભેગો કરી સળગાવી ત્યાંજ નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ રીતે કોટન, ગ્લોઝ, બ્લડ બેગ, સિરિન્જ સહિતના મેડિકલ વેસ્ટ પ્લાસ્ટિકના કચરાનો નિકાલ હોસ્પિટલની પાછળ જ કરાતા માનવ અને પશુ-પક્ષીઓનું જીવન જોખમાવા પામ્યું છે. આ પ્રકારના હોસ્પિટલના બેદરકારી ભર્યા કારભારમાં સરકારના બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટના નિયમોનો પણ ખુલ્લો ભંગ થતો જોવા મળી રહ્યો છે. હકીકતમાં હોસ્પિટલ દ્વારા મેડિકલ વેસ્ટને અલગ અલગ પાંચ કલર કોડની કેટેગરીમાં વિભાજીત કરી નિકાલ કરવાનો હોય છે. કોમન બાયો મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસિલિટી સાથે જોડાવાનું પણ ફરજીયાત હોય છે. અને આ માધ્યમથી નિકાલ કરવાના સ્થાને હોસ્પિટલ દ્વારા નિયમોનો ભંગ કરી મેડિકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવી રહ્યો હોય તેવામાં આરોગ્ય વિભાગ દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે તો વધુ હકીકત બહાર આવે તેમ છે.

થાલામાં હાઈવે ને અડીને આવેલા હોસ્પિટલની પાછળ કચરાના નિકાલ સ્થળેથી ગટરનું ગંદુ પાણી પણ ખુલ્લામાં વહી રહ્યું છે. ત્યારે ગંદકી ફેલાવા સાથે મચ્છર જેવા જીવતોનો ઉપદ્રવ પણ વધવા સાથે લોકોનું આરોગ્ય પણ જોખમાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વધુમાં આ હોસ્પિટલમાં એક ડોક્ટર ઓપીડી ચલાવે છે તે દીવાલની પાછળ જ આ રીતે કચરાનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગંદકી બાબતે લોકોમાં જાગૃતિ લાવવા માટે છેલ્લા ઘણા વર્ષથી અથાગ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ત્યારે આરોગ્યના ધામ એવા હોસ્પિટલના સંચાલકોમાં જ સ્વચ્છતા અંગે સરકારના અનેક પ્રયત્નો બાદ જાગૃતતાનો અભાવ હોય તેવું ફલિત થઈ રહ્યું છે.

# સલવાવ સ્વામિનારાયણ ગુરુકુળ બાલવાટીકામાં એબેકસ સ્કૂલ લેવલ સ્પર્ધા યોજાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવ સંચાલિત બાલવાટિકા ખાતે બે દિવસ સુધી અબેકસ સ્કૂલ લેવલ સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની ગતિ, ચોકસાઈ, માનસિક ગણતરી અને આત્મવિશ્વાસ વધારવાના હેતુથી બાલવાટિકાના પ્રિન્સિપાલ આશાબેન દામાના માર્ગદર્શન હેઠળ સ્પર્ધાનું ખૂબ જ ઉત્તમ આયોજન થયું હતું. શિક્ષિકા સ્મિતાબેન કોઠારીના સતત પ્રયત્નોથી વિદ્યાર્થીઓને સમયસર માર્ગદર્શન અને માહિતી પ્રાપ્ત થતાં સ્પર્ધા ખૂબ જ સુચારૂ રીતે પૂર્ણ થઈ હતી.

આ સ્પર્ધા ત્રણ રાઉન્ડમાં યોજાઈઃ રાઉન્ડ ૧ - Writing Test રાઉન્ડ ૨ - Listening Test રાઉન્ડ ૩ - Digital Ground.

સ્પર્ધામાં આશરે ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાંથી ૫૨ વિદ્યાર્થીઓ પ્રથમ રાઉન્ડમાંથી પસંદ થઈ બીજા રાઉન્ડ માટે ક્વોલિફાઈ થયા હતા. રાઉન્ડ ૨ અને રાઉન્ડ ૩ શાળાના શિક્ષાપત્રી હોલ ખાતે યોજાયા હતા. જેમાં ધોરણ-૨ના વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સ્વામીજી, ડાયરેક્ટર અને આચાર્યએ પણ વિદ્યાર્થીઓને મૌખિક ઝડપી પ્રશ્નોત્તરી કરી હતી. માત્ર ગણતરી નહીં પરંતુ આત્મવિશ્વાસથી ભરેલા જવાબો જોઈને ઉપસ્થિત સર્વ એ ગર્વની લાગણી અનુભવી હતી. બાળકોની બુદ્ધિ અને સફળતા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. સ્પર્ધામાં વિજયતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શાળાના સ્થાપક પૂજ્ય દાદા સ્વામી, ટ્રસ્ટી પૂજ્ય કપિલ સ્વામીજી, રામ સ્વામીજી, કેમ્પસ ડાયરેક્ટર ડૉ.શૈલેષ લુહાર, તથા વિવિધ વિભાગોના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓની ચોકસાઈભરી ગણતરી તથા આત્મવિશ્વાસભર્યા પ્રદર્શનને નિહાળી ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા અને વધાવી લીધા હતા. આ કાર્યક્રમ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પુરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી કપિલ જીવનદાસજી, રામ સ્વામીજી, હરી સ્વામીજી, સંસ્થાના ટ્રસ્ટીઓ, કેમ્પસ ડિરેક્ટર ડૉ.શૈલેષ વી. લુહાર તથા કેમ્પસ એડમિન હિતેન બી. ઉપાધ્યાયે અભિનંદન પાઠવ્યા હતા.

# પુસ્તક પરબ-વલસાડ દ્વારા કપરાડા તાલુકાના વાલવેરી ગામમાં લાયબ્રેરી શરૂ કરવામાં આવી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૬**

પુસ્તક પરબ, વલસાડ દ્વારા કપરાડા તાલુકાના વાલવેરી ગામમાં પુસ્તકાલયનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સાથે સાથે ધાબળા વિતરણ કાર્યક્રમ પણ યોજાયો હતો. ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં બાળકો વાંચન કરી શકે, વાંચન ક્ષમતા વિકસે, ભાષા સમૃદ્ધ બને અને શબ્દ ભંડોળ વધે તે હેતુથી પરબ દ્વારા ૧૫૧ પુસ્તકોની નાનકડી લાઈબ્રેરી ઊભી કરી આપવામાં આવી છે. શિક્ષણ સાથે ઈતર વાંચન બાળકોના ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવતું હોય છે તે વાતને સમજતાં કપરાડાના શિક્ષક મહેશભાઈ ગાંવિત તથા વાલવેરી પ્રાથમિક શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલના સંકલનથી પુસ્તક પરબ, વલસાડની ટીમ દ્વારા અહીં પુસ્તકો આપવાનું આયોજન થયું હતું. પુસ્તક પરબ વલસાડની આ અનોખી પહેલનું આઠમુ પુસ્તકાલય બન્યું છે.

પુસ્તકોના દાતાઓ ધીરેનભાઈ સોલંકી-વાંસદાની મદદ મળી છે. પુસ્તક પરબ, વલસાડથી પ્રોજેક્ટ ચેરપર્સન ડૉ. આશા ગોહિલ, હાર્દિક પટેલ, દેવરાજ બાપા, પ્રિયાંક પટેલે ઉપસ્થિત રહી એમના વક્તવ્ય થકી કાર્યક્રમને અનોખું રૂપ આપ્યું હતું.

કાર્યક્રમમાં શાળાના બાળકોએ શ્લોકગાન તથા પ્રાર્થના તથા પુસ્તક પરબ, વલસાડના દેવરાજબાપાએ વાંસળીના સૂરો રેલાવ્યા હતા.

પ્રા. ડૉ. આશા ગોહિલે ‘જીવનમાં પુસ્તકોનું મહત્ત્વ’ વિશે વાત કરી. વાલવેરીમાં પૂર્વ સરપંચ નલીનભાઇ સાથે મળી ગૌદાન તથા કપડાં વિતરણ કાર્યક્રમ કર્યો હતો એ બધી યાદો તાજા કરી હતી. હાર્દિક પટેલે એમના વક્તવ્યમાં ઉચ્ચ શિક્ષણ કેમ જરૂરી છે એની માહિતી સરળ રીતે આપી હતી. પ્રિયાંક પટેલે ઈતરવાચન કેટલું મહત્ત્વનું છે એ સમજાવ્યું હતું.

શૈલેષભાઇ મેહતા (વલસાડ)ના માતૃશ્રી સ્વ. ઈન્દિરાબેન તથા પિતાશ્રી સ્વ. શાંતિલાલ મેહતાના સ્મરણાર્થે પુત્ર શૈલેષભાઈ મેહતા દ્વારા ૫૦ જેટલા ધાબળાનું વિતરણ શાળામાં ભણતાં બાળકોને કરવામાં આવ્યું હતું. જયંતિભાઈ મિસ્રીના સંકલન થકી આ બાળકોને આ ઠંડીની મોસમમાં સમયસર મદદ પહોંચી ગઈ છે.

આ કાર્યક્રમમાં વાલવેરી ગામના સરપંચશ્રી નિર્મળાબેન માહલા, પૂર્વસરપંચ નલિનભાઈ માહલા, શિક્ષક ગુલાબભાઈ ચૌધરી તથા સમગ્ર શાળાપરિવાર, સભ્ય રામદાસ ભોયા તથા અન્ય એસએમસીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ધરમપુરના મોટી ઢોલડુંગરી ખાતે ફરતા પશુ દવાખાનાના ડોક્ટરોએ સફળતાપૂર્વક ઓપરેશન કરી ગાયનો જીવ બચાવ્યો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૬**

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાની મોટી ઢોલડુંગરી ખાતે ફરતા પશુ દવાખાનામાં એક ઈમરજન્સી કેસ આવ્યો હતો. એમ્બ્યુલન્સ તાત્કાલિક સારવાર માટે સ્થળ પર પહોંચી ગઈ હતી. ત્યાં ડૉક્ટરે તપાસ કરતા જાણ થયું કે તેના નાભિ પર સોજો આવેલો હતો.

ત્યારબાદ ત્યાં પહોંચેલા EMRI Green Health Services સંસ્થાના ડૉ. હાર્દિકભાઈ, પ્રણવભાઈ, પાઈલોટ અશોકભાઈ તથા નિતેશભાઈએ મળીને ગાયનું સફળતાપૂર્વક ઓપરેશન કર્યું હતું. આ માનવતાભર્યા કાર્ય બદલ પશુમાલિકે EMRI Green Health Services અને તેમની આખી ટીમને દિલથી અભિનંદન પાઠવ્યા હતા.

# તાલુકા કક્ષાનાં ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનમાં ટીંબરથવા પ્રાથમિક શાળાનાં બાળકો ઝળક્યા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૨૬**

ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકામાં તાલુકા કક્ષાનાં ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૫-૨૬નું આયોજન તાલુકા શાળા સુબીરમાં રાખવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં જુદા જુદા કેન્દ્રની શાળાઓએ કુલ ૫ વિભાગોમાં ૪૮ જેટલી કૃતિઓ રજૂ કરી હતી. જેમાં ટીંબરથવા પ્રાથમિક શાળાનાં બાળકોએ વિભાગ-૪મા કૃતિ સ્માર્ટ ટ્રેન રજૂ કરી હતી. બાળ વૈજ્ઞાનિકોની મહેનત અને શાળાનાં માર્ગદર્શક શિક્ષક રોશનભાઈ પટેલ તથા અંકિતભાઈ પટેલ સાથે શાળા સ્ટાફનાં માર્ગદર્શન થકી આ કૃતિ જિલ્લા કક્ષાએ લઈ જવા માટે પસંદ કરવામાં આવી. આ પ્રસંગે શાળાનાં આચાર્ય ગણેશ માવચી તથા શાળાનાં શિક્ષકો દ્વારા નરેનભાઈ ગામીત, રિંકેશભાઈ ગામીતનું સન્માન કરી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો...
દિપક સોલંકી - 98796 87316

# કપરાડા બીઆરસી ભવન ખાતે વિશ્વ દિવ્યાંગ દિવસ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૬**

સમગ્ર શિક્ષા વલસાડ યુનિટ માર્ગદર્શિત બ્લોક આઈ.ઈ.ડી. રિસોર્સ સેન્ટર કપરાડા આયોજિત ‘વિશ્વ વિકલાંગ દિન’ના ભાગરૂપે બ્લોક આઈ.ઈ.ડી. સેન્ટર (બી.આર.સી.ભવન) કપરાડા ખાતે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા-દિવ્યાંગ બાળકો માટે ‘મારું સ્વપ્ન’ અને ‘મારી શક્તિ’ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં તાલુકાનાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા-દિવ્યાંગ બાળકો-વાલીઓ હાજર રહ્યા હતાં.



આ પ્રવૃત્તિઓ દ્વારા ખાસ કરીને નોર્મલ બાળકોની સાથે દિવ્યાંગ બાળકો પણ જુદી જુદી પ્રવૃત્તિઓ કરી શાળાઓમાં નિયમિત જતા થાય તેમજ કૌશલ્ય વર્ધન પ્રવૃત્તિ દ્વારા પોતાનાં મનપસંદ કૌશલ્યમાં આગળ વધી પોતાની કારકિર્દી બનાવવા માટે પ્રેરાય તે હેતુ રહેલો હતો. આ પ્રવૃત્તિઓમાં કોલાજ વર્ક, ચિત્રકામ, પોતે જે બનવા માંગે છે તેમના કટીંગ ચીપકાવવા તેમજ સંગીતના સાધનોનો ઉપયોગ, નાની મોટી રમતો, માઈન્ડ ગેમ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવી ખુબ સરસ રીતે આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન બી.આર.સી.કો.ઓ. સંજયભાઈના માર્ગદર્શન હેઠળ તમામ સ્પેશિયલ એજ્યુકેટરશ્રીઓ તેમજ બ્લોક સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

# કપરાડા વન વિભાગ દ્વારા રક્તદાન જાગૃતિ માટે યોજાયેલ વિશેષ કેમ્પમાં ૨૧ બેગ રક્ત એકત્રિત કરાયું

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

વલસાડ જિલ્લાના આદિવાસી વિસ્તાર કપરાડામાં આરોગ્ય અને માનવસેવા માટે મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. કપરાડા વન વિભાગના આર.એફ.ઓ. અંકિત પટેલના નેતૃત્વ હેઠળ દાબખલ ગામે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની સહભાગિતાથી આ કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

રક્તદાન કેમ્પમાં સ્થાનિક ગામલોકો, યુવાનો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કુલ ૨૧ બેગ રક્તનું સંગ્રહ થવાથી આદિવાસી વિસ્તારમાં રક્તની જરૂરિયાત પૂરવામાં સહયોગ મળશે. કપરાડા જેવા





દુર્ગમ વિસ્તારોમાં તાત્કાલિક સારવાર દરમિયાન રક્તની અછત સર્જાય છે, જેવા સંજોગોમાં આવા કેમ્પો જીવનદાયી સાબિત થાય છે.

આદિવાસી વિસ્તારમાં રક્તદાન અંગે લાગેલ અંધશ્રદ્ધા અને ભ્રાંતિ દૂર કરવા માટે વન વિભાગે વિશેષ પ્રયત્નો કર્યા. વન અધિકારીઓએ ગામલોકોને રક્તદાનના વૈજ્ઞાનિક અને માનવતાભર્યા પાસાઓ સમજાવ્યા હતા. રક્તદાન શરીર માટે સુરક્ષિત અને નિરાપદ છે તથા તેની મદદથી અનેક જીવ બચી શકે છે—એવો સંદેશ ગ્રામજનો સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

આ અભિયાનને ગામે ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. વન વિભાગ દ્વારા આવતા સમયમાં કપરાડા અને આસપાસના ગામોમાં આવા વધુ રક્તદાન અને આરોગ્ય જાગૃતિ કાર્યક્રમો યોજવાની યોજના બનાવવામાં આવી રહી છે. કપરાડા વન વિભાગની આ પહેલ આદિવાસી વિસ્તારના વિકાસ, આરોગ્ય સેવાનો વિસ્તાર અને માનવસેવામાં એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડે છે.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

### દુબઈ એર શૉ દરમ્યાન તૂટી પડવાની ઘટનાથી

# ભવિષ્યમાં તેજસ વિમાનો અન્ય દેશોને વેચવાની શક્યતા સામે સર્જાયું છે જોખમ

દુબઈમાં યોજાયેલા એર શૉ દરમ્યાન ભારતીય બનાવટનાં ફાઈટર વિમાન તેજસને નડેલા ગમખ્વાર અકસ્માતે દેશના સ્વદેશી શસ્ત્ર ઉત્પાદનના મંત્રને મોટો આંચકો આપ્યો છે. શુક્રવારે આ પ્રતિષ્ઠિત એર શૉમાં ભારતનાં આ વિમાનનું હવાઈ ડેમોન્સ્ટ્રેશન થઈ રહ્યું હતું ત્યારે તેજસ અચાનક નિયંત્રણ બહાર થયું હતું અને તૂટી પડ્યું હતું. આ કમનસીબ બનાવમાં વાયુસેનાના કાબેલ ટેસ્ટ પાઈલટનો જીવ પણ ગયો હતો. આ બનાવે ભારતના શસ્ત્રોનાં ઘરઆંગણે વિકાસ અને ઉત્પાદનના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટની સામે ગંભીર સવાલ ઉભા કર્યા છે. આજે દુનિયામાં જંગ માટે હવાઈ તાકાત વિસ્તારવા પર સતત ધ્યાન



અપાઈ રહ્યું છે ત્યારે ભારતે ૪.૫મી પેઢીના મલ્ટિ રોલ કોમ્બેટ વિમાન તેજસ વિકસાવ્યું છે. વર્ષોની મહેનત અને વિલંબ બાદ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) દ્વારા આખરે તૈયાર થયેલાં તેજસને હવાઈ સલામતી, જમીન પર હુમલા અને નજીકના હવાઈ જંગની ક્ષમતા સજ્જ કરાઈ છે. ભારે હળવા અને નાનું કદ હોવાને લીધે તેજસ હવામાં અનોખી ઝડપ અને સચોટ ઉડ્ડયન કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, આ વિમાનમાં તેના પાઈલટની સલામતી માટે ખાસ જીરો જીરો ઈંજેક્શન સીટ લગાવાઈ છે. સાવ નીચેનાં સ્તર સુધી પાઈલટને કટોકટીમાં વિમાન છોડવામાં મદદ કરી શકે છે. આ ખાસિયત આધુનિક વિમાનોમાં હવે અનિવાર્ય બની ગઈ છે. તેજસમાં આ બધી ખૂબીઓ હોવા છતાં તેને અકસ્માત નડ્યો તે બાબત ચોંકાવી મૂકે તેવી છે. વળી તેના પઈલટ પણ છેલ્લી ઘડીએ પોતાનો બચાવ કરી શક્યા નહીં તે પણ ભારે ચિંતા જગાવે તેવી હકીકત છે. આમ આ અકસ્માતે સંખ્યાબંધ સવાલો ખડા કર્યા છે જેના જવાબ શોધવા માટે ઝીણવટભરી તપાસ અનિવાર્ય બની છે. વળી તેજસનો આ પ્રથમ અકસ્માત ન હતો. આ અગાઉ માર્ચ૨૦૨૪માં પણ જેસલમેરમાં આ વિમાન પરીક્ષણ દરમ્યાન તૂટી પડ્યું હતું. જો કે, સદ્નસીબે તે અકસ્માતમાં પાઈલટનો બચાવ થયો હતો. હવે બે વિમાન અકસ્માતને લીધે તેનાં કારણોની વિગતે તપાસ થવી જોઈએ. વળી એ પણ તપાસ થવી જોઈએ કે, આ બન્ને અકસ્માતો કોઈ યોગાનુયોગ હતા કે તેમાં કોઈ કાવતરાંએ કામ કર્યું હતું તેની તપાસ થવી જોઈએ. છેલ્લા થોડા સમયથી તેજસને લીધે ચીન અને પાકિસ્તાન જેવા દેશોના પેટમાં તેલ રેડાયું છે. આ વિમાનથી ચીનના ફાઈટર વિમાનો ઝાંખા પડી રહ્યાં હોવાની પણ ચર્ચા ચાલતી હતી. આવામાં આ અકસ્માતની પાછળ કોઈ ભાંગફોડ કે કાવતરું હોવાની શંકાની પણ તપાસ થવી જોઈએ. વળી જો વિમાનમાં ખરેખર કોઈ ટેકનિકલ ખામી હોય તો પણ તેને શોધવાની તાકીદની જરૂરત છે. દુબઈ એર શૉમાં થયેલા અકસ્માતે વિશ્વમંચ પર ભારતની ક્ષમતા સામે સવાલ ઉભા કર્યા છે અને ભવિષ્યમાં આ વિમાનો અન્ય દેશોને વેચવાની શક્યતા સામે પણ જોખમ સર્જાયું છે. મહત્ત્વની બાબત એ છે કે, ભારતે તેના ફાઈટર વિમાનોની ઘટના ઉકેલ રૂપે તેજસ વિમાનોની ખરીદીનો મોટો ઓર્ડર એચએએલને આપેલો છે. જો વિમાન સલામત ન હોય તો દેશની સલામતી કઈ રીતે શક્ય બની શકે. વળી આ અકસ્માત તેજસનાં ઉત્પાદનને થંભાવી દે એવા સંજોગો ઊભા થાય તો તે ભારતીય હવાઈ સલામતી માટે વધુ ગંભીર પડકાર સમાન બની રહે તેમ છે. એચએએલે તેજસ વિમાનની આ કસોટીનો ઝડપભેર શોધવો રહ્યો.

# જીવાત્મા વિષયોનું સેવન કેવી રીતે કરે છે..?

શ્રીમદ્ ભગવદ્ ગીતાના પંદરમા અધ્યાયને પુરૂષોત્તમ યોગ નામથી કહેવામાં આવે છે. આજે પંદરમા અધ્યાયના શ્લોક ૯નું ચિંતન કરીશું જેમાં જીવાત્મા વિષયોનું સેવન કેવી રીતે કરે છે? તેનું વર્ણન કરતાં ભગવાન કહે છે કે..,

શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ રસનં ઘ્રાણંમેવ ચ
અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે..

આ જીવાત્મા મનનો આશ્રય લઈને જ કાન આંખ ત્વચા જીભ અને નાક આ પાંચેય ઈન્દ્રિયો દ્વારા વિષયોનું સેવન કરે છે. ઘણાં લોકો જીવાત્માને ભોક્તા માનતા નથી. તે માત્ર દ્રષ્ટા જ છે તેવું માને છે તે યોગ્ય નથી. જીવાત્મા મન અને પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા પાંચ વિષયોનું સેવન કરે છે. ભોક્તા હોય એટલે કર્તા પણ હોય જ. કર્તા ન હોય અને ભોક્તા થઈ જાય તો તે અન્યાય કહેવાય. કરે કોઈ અને ભોગવે કોઈ એવું થઇ જાય. આ બરાબર ન કહેવાય, એટલે કે જીવાત્મા કર્તા અને ભોક્તા પણ છે જ, તો તેના ઉપર કર્મોની જવાબદારી સ્થાપિત કરી શકાય. જો તે કર્તા કે ભોક્તા હોય જ ન તો પછી કર્મોની જવાબદારી પણ ન હોય.

મનમાં અનેક પ્રકારના સારા-ખરાબ અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ થતા રહે છે તેનાથી સ્વયંની સ્થિતિમાં કોઈ ફેર પડતો નથી. કેમકે સ્વયંચેતનતત્ત્વ આત્મા જડ શરીર, ઈન્દ્રિયો, મન અને બુદ્ધિથી પર અને તેમનો આશ્રય તથા પ્રકાશક છે. સંકલ્પ-વિકલ્પ આવતા જતા રહે છે અને સ્વયં સદા જેમ છે તેમ રહે છે. મનનો સંયોગ થતાં જ સાંભળવા, દેખવા, સ્પર્શ કરવા, સ્વાદ લેવા તથા સુંઘવાનું જ્ઞાન થાય છે.


કાનોમાં સાંભળવાની શક્તિ છે. આજ સુધી આપણે અનેક પ્રકારના અનુકૂળ શબ્દો જેવા કે સ્તુતિ, માનબડાઈ, આર્શીવાદ, મધુર ગાન, વાદ્ય વગેરે તથા પ્રતિકૂળ શબ્દો જેવા કે નિંદા અપમાન શ્રાપ અપશબ્દો વગેરે સાંભળ્યા છે પરંતુ તેનાથી સ્વયંમાં કોઈ ફેર પડતો નથી. નેત્રોમાં જોવાની શક્તિ છે. આજ સુધી આપણે અનેક સુંદર અસુંદર મનોહર, ભયાનક રૂપ કે દ્રશ્યો જોયા છે પરંતુ તેનાથી આપણા સ્વરૂપમાં શું ફરક પડ્યો? ત્વચામાં સ્પર્શ કરવાની શક્તિ છે. જીવનમાં આપણને અનેક કોમળ કઠોર ચિકણા ઠંડા ગરમ વગેરે સ્પર્શો પ્રાપ્ત થયા છે પરંતુ તેનાથી પોતાના સ્વરૂપમાં શું અંતર પડ્યું? જીભમાં સ્વાદ લેવાની શક્તિ છે. કડવો તીખો ગળ્યો તૂરો ખાટો અને ખારો આ છ પ્રકારના ભોજનના રસ છે. આજ સુધી આપણે જાત જાતના રસયુક્ત ભોજન કર્યા છે પરંતુ વિચાર કરવો જોઈએ કે તેનાથી સ્વયંને શું મળ્યું? નાસિકામાં સુંઘવાની શક્તિ છે. જીવ દરમ્યાન આપણી નાસિકાએ જાતજાતની સુગંધ અને દુર્ગંધગ્રહણ કરી છે પરંતુ તેનાથી સ્વયંમાં શું ફરક પડ્યો?

કાનનો વાણી સાથે, નેત્રનો પગ સાથે, ત્વચાનો હાથ સાથે, જીભનો ઉપસ્થ સાથે અને નાકનો ગુદા સાથે આમ પાંચ જ્ઞાનેન્દ્રિયોનો પાંચ કર્મેન્દ્રિયો સાથે ઘનિષ્ઠ સંબંધ છે. જેમ કે જે જન્મથી બહેરો હોય છે તે મૂંગો પણ હોય છે. પગના તળિયામાં માલિશ કરવાથી નેત્રો ઉપર અસર પડે છે. ત્વચાના લીધે જ હાથ સ્પર્શનું કામ કરે છે .જીભના વશમાં થવાથી ઉપસ્થ ઈન્દ્રિય પણ વશમાં થઈ જાય છે. નાકથી ગંધનું ગ્રહણ તથા તેનાથી સંબંધિત ગુદાથી ગંધનો ત્યાગ થાય છે. પાંચ મહાભૂતોમાં એક એક મહાભૂતના સત્ત્વગુણ અંશથી જ્ઞાનેન્દ્રિયો, રજોગુણ અંશથી કર્મેન્દ્રિયો અને તમોગુણ અંશથી શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ વગેરે પાંચેય વિષયો બન્યા છે.



ગીતામૃતમ્
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

પાંચ મહાભૂતોના મળેલા સત્ત્વગુણ અંશથી મન, રજોગુણ અંશથી પ્રાણ અને તમોગુણ અંશથી શરીર બન્યું છે. જીવાત્મા એક શરીરને છોડીને બીજા શરીરમાં જાય




છે અને જેવી રીતે પહેલા શરીરમાં વિષયોનું રાગપૂર્વક સેવન કરતો હતો તેવી જ રીતે બીજા શરીરમાં જતાં તેવો જ સ્વભાવ હોવાથી વિષયોનું સેવન કરવા લાગે છે. આ રીતે જીવાત્મા વારંવાર વિષયોમાં આસક્તિ કરવાના લીધે ઊંચનીચ યોનિઓમાં ભટકતો રહે છે.

ભગવાને આ મનુષ્યશરીર સુખભોગ ભોગવવા માટે નહીં પરંતુ પોતાનો ઉદ્ધાર કરવા માટે આપ્યું છે. વિષયસેવન કરવાથી પરિણામમાં વિષયોમાં રાગ આસક્તિ વધે છે કે જે પુનર્જન્મ તથા તમામ દુઃખોનું કારણ છે. વિષયોમાં વસ્તુતઃ સુખ છે જ નહીં, ફક્ત આરંભમાં ભ્રમવશ સુખ પ્રતિત થાય છે. જો વિષયોમાં સુખ હોત તો જેમની પાસે પ્રચુર ભોગસામગ્રી છે એવા મોટા મોટા ધનવાનો, ભોગી અને પદાધિકારીઓ સુખી થઈ જાત પરંતુ વાસ્તવમાં જોઈએ તો સમજાશે કે તેઓ દુઃખી અને અશાંત છે.

જેવી રીતે સ્વપ્નમાં જળ પીવાથી તરસ છીપાતી નથી એવી જ રીતે ભોગપદાર્થોથી શાંતિ મળતી નથી કે અંતરની ઈચ્છા દૂર થતી નથી. મનુષ્ય વિચારે છે કે આટલું આટલું ધન મળી જાય, આટલો સંગ્રહ થઈ જાય, આટલી વસ્તુઓ પ્રાપ્ત થઈ જાય તો શાંતિ મળી જશે પરંતુ એટલું મળી જવા છતાં પણ શાંતિ મળતી નથી. ઉલટાની વસ્તુઓ ન મળવાથી તેની લાલસા વધી જાય છે. ભોગપદાર્થોના ઉપભોગથી કામના ક્યારેય શાંત થતી નથી પરંતુ જેવી રીતે ઘીની આહૂતિ આપવાથી અગ્નિ વધારે ભડકી ઉઠે છે તેવી જ રીતે ભોગવાસના પણ ભોગોને ભોગવવાથી પ્રબળ થાય છે.

ધન વગેરે ભોગપદાર્થો મળવા છતાં પણ તે વધારે મળી જાય એ ક્રમ ચાલતો રહે છે પરંતુ સંસારમાં જેટલું ધનધાન્ય છે, જેટલી સુંદર સ્ત્રીઓ છે, જેટલી ઉત્તમ વસ્તુઓ છે તે તમામ એકસામટી કોઈ એક વ્યક્તિને મળી જાય તો પણ તેમનાથી તેને તૃપ્તિ થતી નથી. એનું કારણ એ છે કે જીવ અવિનાશી પરમાત્માનો અંશ અને ચેતન છે અને ભોગપદાર્થો નાશવાન પ્રકૃતિના અંશ તથા જડ છે. ચેતનની ભૂખ જડ પદાર્થોના દ્વારા કેવી રીતે મટી શકે?

આપણે આજે જ દ્રઢ નિશ્ચય કરી લેવાનો છે કે મારે ભોગબુદ્ધિથી વિષયોનું સેવન કરવાનું નથી. સકળ સંસાર મળીને પણ મને તૃપ્ત કરી શકવાનો નથી. આમ કરવાથી ઈન્દ્રિયો નિર્વિષય બની જતાં મન નિર્વિકલ્પ અને બુદ્ધિ આપોઆપ સમ થઈ જાય છે અને બુદ્ધિ સમ થઈ જવાથી પરમાત્માની પ્રાપ્તિનો આપોઆપ અનુભવ થઈ જાય છે કેમકે પરમાત્મા તો સદા પ્રાપ્ત જ છે. વિષયોમાં પ્રવૃત્તિ હોવાના કારણે એમની પ્રાપ્તિનો અનુભવ થતો નથી. સુખભોગ અને સંગ્રહ આ બેમાં જેઓ આસક્ત થઈ જાય છે તેમના માટે પરમેશ્વર પ્રાપ્તિ તો દૂર રહી તેઓ પરમેશ્વર તરફ ચાલવાનો દ્રઢ નિશ્ચય પણ કરી શકતા નથી.


વિષયોનું સેવન કરવાથી સ્વયં ગૌણ બની જાય છે અને શરીરસંસાર મુખ્ય બની જાય છે. તેથી સ્વયં પણ જગતરૂપ થઈ જાય છે. ગોસ્વામી તુલસીદાસજી રામચરીત માનસના અંતમાં પ્રાર્થના કરે છે કે જેવી રીતે કામીને સ્ત્રી, ભોગી અને લોભીને ધન સંગ્રહ પ્રિય લાગે છે તેવી રીતે શ્રી રઘુનાથજીનું રૂપ અને રામનામ મને નિરંતર પ્રિય લાગો.

# વિશ્વનો સૌથી ગરમ અને સક્રિય હાયલી ગુબ્બી જ્વાળામુખી ૧૦,૦૦૦ વર્ષ પછી કેમ ફાટ્યો?

ઈથોપિયામાં વિશ્વનો સૌથી ગરમ અને સક્રિય જ્વાળામુખી 'હાયલી ગુબ્બી' ૧૦,૦૦૦ વર્ષ પછી ફાટવાની ઘટનાએ સમગ્ર વિશ્વનું અને વૈજ્ઞાનિકોનું ધ્યાન ખેચ્યું છે.







ઈથોપિયામાં ફાટેલો આ જ્વાળામુખી 'હાયલી ગુબ્બી' નામનો જ્વાળામુખી છે, જે અફાર પ્રદેશમાં આવેલો છે. આ જ્વાળામુખી ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રવિવારે સવારે આશરે ૧૧:૩૦ વાગ્યે સ્થાનિક સમયે (૦૮:૩૦ GMT) ફાટ્યો હતો અને તેની ફૂટણી કેટલાક કલાકો સુધી ચાલી હતી. આ સ્થળ અફાર પ્રદેશ, ઈથોપિયાના ઉત્તરપૂર્વમાં, એડિસ અબાબાથી આશરે ૮૦૦ કિમી દૂર તે એર્ટા એલે (જ્વાળામુખી શ્રેણીનું દક્ષિણમુખીનો પ્રદેશ છે, જે ડેનાકિલ ડિપ્રેશનમાં આવે છે. જ્યાં આફ્રિકન, અરબીયન અને સોમાલીયન ટેક્ટોનિક પ્લેટ્સ મળે છે.

આમ તો વર્ષો સુધી નિષ્ક્રિય રહેલો જ્વાળામુખી લગભગ ૧૦,૦૦૦ વર્ષ પછી અચાનક સક્રિય થઈને કેમ અને કેવી રીતે ફાટ્યો? એ લાખ રૂપિયાનો સવાલ વૈજ્ઞાનિકો માટે થઈ પડ્યો છે. ઈથોપિયાના અફાર ક્ષેત્રમાં સ્થિત આ નિષ્ક્રિય શીલ્ડ જ્વાળામુખી તેના રેકોર્ડ થયેલા ઈતિહાસમાં પહેલીવાર આટલી વિસ્ફોટક શક્તિ સાથે ફાટી નીકળ્યો છે. જેમાં રાખ અને સલ્ફર ડાયોક્સાઇડનો વાદળ આકાશમાં ૧૫ કિલોમીટર ઊંચો પહોંચ્યો હતો. પૃથ્વી પરના સૌથી દુર્ગમ અને મુશ્કેલ ભૂ-પ્રદેશોમાંના એક, ઉજ્જડ દાનાકિલ ડિપ્રેશનમાં ૨૩ નવેમ્બરની સવારે વિસ્ફોટ નોંધવામાં આવ્યો હતો.

જ્વાળામુખી ફાટવાથી ઉડ્ડયન માર્ગોમાં ઘણી મુશ્કેલીઓ આવી, કારણ કે જ્વાળામુખીની રાખ વિમાનના એન્જિનને નુકસાન પહોંચાડી શકે તેમ હતી. અસરગ્રસ્ત મુખ્ય દેશો અને વિસ્તારોઃ યમન અને ઓમાન હતા. રાખનું વાદળ લાલ સમુદ્ર પાર આ દેશો તરફ ફેલાયું હતું, જેનાથી ત્યાંના વિમાન માર્ગો બંધ કરવા પડ્યા. વિસ્ફોટની રાખ રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી એનસીઆર અને પંજાબ સુધી પહોંચી હતી. જેનાથી ફ્લાઈટ સેવાઓ ખરાબ રીતે પ્રભાવિત થઈ ગઈ હતી. સોમવારે સાંજે લગભગ ૬.૩૦ કલાકે રાખનો વિશાળ ગોળો ભારતીય સીમામાં દાખલ થયો. આ વાદળા જેવો ગોળો ૧૦૧૫ કિમીની ઊંચાઈ પર ૧૦૦ થી ૧૨૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપથી આગળ વધતો હતો. જ્યારે ૨૩ નવેમ્બરના રોજ આ જ્વાળામુખી સક્રિય થયો ત્યારે તેમાંથી ખૂબ મોટી સંખ્યામાં રાખનાં વાદળો બન્યાં હતા અને તે જમીનથી ખૂબ ઊંચે સુધી પહોંચ્યાં હતાં. હવામાનનાં જાણકારોના કહેવા મુજબ આ વાદળ આકાશમાં ૩૫ હજાર ફૂટથી લઈને ૪૫ હજાર ફૂટની ઊંચાઈમાં ફેલાયેલાં હતાં. તેમાં મુખ્યત્વે જ્વાળામુખીની રાખ, સલ્ફર ડાયૉક્સાઈડ અને કેટલાક કાચ અથવા ખડકના નાના કણ સામેલ હતા. આ વાદળો વાતાવરણમાં ખૂબ ઊંચાઈએ પહોંચ્યાં અને આ ઊંચાઈ પર મજબૂત અને ખૂબ ઝડપથી પવનો ફૂંકાતા હોય છે. આ તાકતવર પવનો પશ્ચિમથી પૂર્વ તરફ ફૂંકાઈ રહ્યા હતા. જેથી રાખનાં વાદળો આ પવન સાથે ગુજરાત સુધી પહોંચ્યાં હતાં. આમ તો આ જ્વાળામુખી લાંબા સમયથી નિષ્ક્રિય માનવામાં આવતો હતો, અને તેની છેલ્લી મોટી ફૂટણી હોલોસીન કાળ (લગભગ ૧૦,૦૦૦ વર્ષ પહેલાં)માં થઈ હતી. વૈજ્ઞાનિકો માને છે કે તેમાં તાજેતરમાં નાની પ્રવૃત્તિઓ થઈ હોઈ શકે, પરંતુ આ પ્રથમ મોટી રેકોર્ડેડ ફૂટણી છે. આ ફૂટણીનું કારણ જુલાઈ ૨૦૨૫માં એર્ટા આલેના ઓવરફલો દરમિયાન મેગ્માનું નીચે ૩૦ કિમી સુધી ફેલાયું હતું, જે હાયલી ગુબ્બી હેઠળ પહોંચ્યું અને જમીનમાં હિલચાલ પેદા કરી. જુલાઈ ૨૦૨૫માં મોટો ઓવરફલો થયો, જેનો લાવાં ૧૫ કિમી સુધી ગયો હતો. આ જ ઓવરફલોના કારણે મેગ્મા નીચે ખસીને દક્ષિણ તરફ હાયલી ગુબ્બી જ્વાળામુખી સુધી પહોંચ્યું, જે ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ ૧૦,૦૦૦ વર્ષ પછી ફાટ્યો.

**જ્વાળામુખીની રાખ વિમાનો માટે કેમ ઘાતક હોય છે?:**



વિજ્ઞાન જગત
લેખકઃ દીપક જગતાપ
નિવાસઃ 'ઋષાર્થ', મહેતા કોમ્પલેક્ષ પાસે, સંતોષ ચાર રસ્તા, રાજપીપળા - ૩૯૩૧૪૫. (જિ.નર્મદા)
(મો.૯૯૮૮૭ ૯૬૫૨૭)
(Email : deepakjagtap3@gmail.com)

જમીનથી આશરે ૧૦ થી ૧૫ કિલોમીટરની ઊંચાઈએ સલ્ફર ડાયોક્સાઈડ અને બારીક પથ્થરોની રજકણો વાળા વાદળો ફરી રહ્યા હતા. જે એવિએશન ટર્બાઇન માટે મોટો ખતરો ગણવામાં આવે છે. તેમાં ખૂબ જ બારીક કાચ, ધૂળ તેમજ ખનિજ કણ હોય છે. સિલિકા, એલ્યુમિનિયમ ઑક્સાઈડ, આર્યન ઑક્સાઈડ, સલ્ફર જેવા તત્ત્વો પણ હોય છે. વિમાનના એન્જિનમાં જ્યારે આ કણ પ્રવેશે છે તો ૧ હજાર ડિગ્રી તાપમાનમાં પીગળીને ટર્બાઇન બ્લેડમાં જામી જાય છે. તેનાથી એન્જિન પાવર ગુમાવે છે.

**હાયલી ગુબ્બી જ્વાળામુખી કેવો છે?:**

ઈથોપિયાના અફાર વિસ્તારમાં, એર્ટા આલે (Erta Ale) જ્વાળામુખીથી લગભગ ૧૫ કિમી દૂર, ડાનાકિલ ડિપ્રેશનમાં આવેલું છે. આ વિસ્તાર વિશ્વના સૌથી ગરમ અને જ્વાળામુખીય સક્રિય વિસ્તારોમાંથી એક છે. આનો ઈતિહાસ કહે છે કે આ જ્વાળામુખી અગાઉ ક્યારેય સક્રિય થયો નથી, પરંતુ અફાર વિસ્તારમાં જ્વાળામુખીય પ્રવૃત્તિ સામાન્ય છે. નજીકનું એર્ટા આલે ૧૯૬૭થી સતત સક્રિય છે અને તેના પોતાના લાવા તળાવ છે. આ જ્વાળામુખી ફાટવાથી મોટા પ્રમાણમાં $SO_2$ (સલ્ફર ડાયોક્સાઈડ) નીકળ્યું, જે વાતાવરણમાં વિષાક્તતા વધારી શકે છે. હવામાં ઊડતી રાખ વરસાદને અસર કરી શકે છે અને સ્થાનિક વાતાવરણને ગરમ કરે છે. આ વિસ્ફોટથી તાપમાન અને વાયુ પ્રદૂષણ વધી ગયું હતું.

ટુલુઝ વોલ્કેનિક એશ એડવાઈઝરી સેન્ટર (VAAC)એ વિમાનો માટે ચેતવણી જારી કરી હતી કે સેટેલાઇટ ઈમેજીઝથી રાખનું મેઘ ટ્રેક કરવામાં આવી રહ્યું છે. આની ભૂગર્ભીય અસર પણ જોવા મળી. આફ્રિકા મહાદ્વીપના તૂટવાનું કેન્દ્ર છે. તળાવની ગતિવિધિથી મૌલિક ખડકો ઉપર આવ્યા હતા. જોકે આ વિસ્ફોટ ઘટના હજુ ચાલુ છે અને વધુ રાખ નીકળી શકે છે. વૈજ્ઞાનિકો તેને નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છે. હવે સામાન્ય સવાલ એ થાય કે જ્વાળામુખી કેમ ફાટે છે?, કઈ રીતે સક્રિય થાય છે? અને ફાટે ત્યારે તેની વાતાવરણમાં કેવી વિપરીત અસર થાય છે તેની વૈજ્ઞાનિક માહિતી જાણવાના પ્રયાસ કરીએ.

**૧.જ્વાળામુખી કેમ ફાટે છે?:**

પૃથ્વીની અંદર (મેન્ટલમાં) ખૂબ જ ગરમ (૧૦૦૦-૧૪૦૦°C) પથ્થર પણ પીગળીને મેગ્મા બની જાય છે. આ મેગ્મા ઓછી ઘનતાવાળો હોવાથી ઉપર તરફ આવવા માંગે છે (જેમ પાણીમાં તેલ ઉપર આવે). જ્યારે મેગ્મામાં રહેલા પાણી અને અન્ય ગેસ ($CO_2$, $SO_2$, $H_2S$) ખૂબ દબાણમાં હોય અને ઉપર આવવાનો રસ્તો મળે, ત્યારે એ દબાણ અચાનક છૂટું પડે અને જ્વાળામુખી થઈને ફાટે છે. સરળ શબ્દોમાં કહીએ તો જેમ કોલ્ડ્રિંકની બોટલ હલાવો તો ગેસનું દબાણ વધે અને ઢાંકણું ખોલતાં જ ફુવારો નીકળે, એવો જ પણ હજારો ગણું શક્તિશાળી ફૂવારો નીકળે છે.

**જ્વાળામુખી કઈ રીતે સક્રિય થાય છે?:**

મોટા ભાગના જ્વાળામુખી ટેક્ટોનિક પ્લેટની કિનારીઓ પર હોય છે. ઈથોપિયા આફ્રિકન રિફ્ટ વેલીમાં આવેલ છે. અહીં આફ્રિકન પ્લેટ ધીમે ધીમે બે ભાગમાં ફાટી રહી છે. આ કારણે નીચેથી મેગ્મા સરળતાથી ઉપર આવી શકે છે અને જ્વાળામુખી વારંવાર સક્રિય થાય છે.

**૩.ફાટવાથી વાતાવરણ પર કેવી વિપરીત અસર થાય?:**

જ્વાળામુખી જ્યારે ફાટે છે ત્યારે રાખ, ધૂળ વગેરે વસ્તુઓ વાતાવરણમાં ફેલાય છે. જે જેટ એન્જિનને નુકસાન કરે (કાચની જેમ ઘસારો કરે). હજારો કિલોમીટર દૂર સુધી ફ્લાઇટ્સ રદ્ કરાવે છે. ૨૦૧૦માં આઈસલેન્ડના Eyjafjallajökullએ યુરોપની હજારો ફ્લાઈટ્સ બંધ કરાવી હતી. જ્વાળામુખી ફાટે ત્યારે એમાંથી વાતાવરણમાં જઈને સલ્ફ્યુરિક એસિડના ઝીણા કણ બનાવે છે. આ કણો સૂર્યપ્રકાશ પરાવર્તિત કરી પૃથ્વીને ઠંડી કરે છે. ૧૯૯૧માં ફિલિપાઇન્સનો પિનાટુબો ફાટ્યો હતો ત્યારે પૃથ્વીનું સરેરાશ તાપમાન 0.5°C ઘટ્યું હતું ૨ વર્ષ સુધી રહ્યું હતું. બીજું ગ્રીનહાઉસ ગેસ છે, પણ એક જ જ્વાળામુખી માનવજાત કરતાં ઘણો ઓછો $CO_2$ છોડે છે. એમાં $SO_2$ અને પાણીની વરાળ મળીને સલ્ફ્યુરિક એસિડ વરસાદ બનાવે છે. એનાથી ખેતી, જંગલો, તળાવોને નુકસાન થાય છે. કેટલાક ગેસ ઓઝોન સ્તરને પાતળું કરે છે. આમ જ્વાળામુખી એ પૃથ્વીની અંદરનું ખૂબ ગરમ પથ્થર (મેગ્મા) દબાણ સાથે બહાર નીકળે તે છે. ઈથોપિયામાં પ્લેટ ફાટી રહી છે એટલે ત્યાં જ્વાળામુખી વારંવાર સક્રિય થાય. ફાટે ત્યારે રાખના વાદળાથી વિમાનો બંધ થાય, સલ્ફરના કણોથી પૃથ્વી થોડા સમય માટે ઠંડી પડે, અને એસિડ વરસાદથી ખેતી પર્યાવરણને ભારે નુકસાન થાય છે.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

ગુજરાત માટે ઐતિહાસિક દિવસ

## કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦નું યજમાન બન્યું અમદાવાદ

**પહેલીવાર એવું બન્યું છે કે કોઈ ઈન્ટરનેશનલ લેવલની મલ્ટિસ્પોર્ટ્સ ગેમ્સનું આયોજન દિલ્હી બહાર થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ,તા.૨૬ :** ગુજરાત માટે આજનો દિવસ ખૂબ ઐતિહાસિક છે. મિનિઓલિમ્પિક તરીકે ગણાતી કોમનવેલ્થ ગેમ્સની ૨૦૩૦ની યજમાની અમદાવાદને આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં આજે મહત્વની મિટિંગ હતી. જેમાં ભાગ લેવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં ભારત તરફથી એક ડેલિગેશન ત્યાં પહોંચી ચૂક્યું છે. અમદાવાદને યજમાની મળતાં પહેલીવાર એવું બન્યું છે કે કોઈ ઈન્ટરનેશનલ લેવલની મલ્ટિસ્પોર્ટ્સ ગેમ્સનું આયોજન દિલ્હી બહાર થશે. એટલું જ નહીં, ૨૦૩૦ માટે અમદાવાદને યજમાની મળતાં એક સંયોગ એવો પણ છે કે ત્યારે કોમનવેલ્થ ગેમ્સના આયોજનની ૧૦૦મી વર્ષગાંઠ પણ હશે.

કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલે જણાવ્યું કે, આપણા દેશમાં કોમનવેલ્થ રમાય તે ખૂબ ગર્વની વાત છે. તમામ ભારતીય માટે ખૂબ ગર્વની વાત છે. આપણા ત્યાંના ખેલાડીઓને પણ તક મળશે. દેશ-દુનિયાના ખેલાડીઓ કેવી રીતે તૈયારીઓ કરે છે અને કેવી રીતે રમાય છે, તે દરેક લોકો આંખે જોઈ શકશે. ગુજરાતના લોકોને ખૂબ ખૂબ અભિનંદન. આના સફળ આયોજન પછી ઓલિમ્પિક માટેનો આપણો દાવો વધુ મજબૂત થશે. ગુજરાત યજમાની કરવામાં ક્યારેય પાછળ રહેતું નથી. કોમેનવેલ્થ ગેમ ઓલિમ્પિક માટેના દરવાજા ખોલી આપશે, તેવો મને વિશ્વાસ છે.

કોમનવેલ્થ સ્પોર્ટએ એવી સંસ્થા છે જે કોઈ દેશને યજમાની આપવાનો નિર્ણય લે છે. કોઈપણ દેશ માટે કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવું એ માત્ર રમતગમતના દષ્ટિકોણથી જ નહીં, આંતરરાષ્ટ્રીય સ્તરે તેની સમૃદ્ધિ, વિઝન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની રીતે પણ મહત્વનું માનવામાં આવે છે. અત્યાર સુધી ઓસ્ટ્રેલિયા, કેનેડા, ઈંગ્લેન્ડ, ભારત, ન્યૂઝીલેન્ડ વગેરે સહિત નવ અલગ-અલગ દેશો કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરી ચૂક્યા છે. ઓસ્ટ્રેલિયાએ ૫ વખત કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું છે. હવે ભારતની વાત કરીએ તો ભારતે અત્યાર સુધીમાં ૩ મલ્ટિસ્પોર્ટ્સ ગેમ્સનું આયોજન કર્યું છે. જેમાં ૧૯૫૧ અને ૧૯૮૨ એશિયન ગેમ્સ અને ૨૦૧૦ની કોમનવેલ્થ ગેમ્સનો સમાવેશ થાય છે. આ ત્રણેય રમતોનું આયોજન દિલ્હીમાં જ થયું હતું.

**યજમાની માટે ભારતના પ્રયાસ**

**૨૯ જાન્યુઆરી ૨૦૨૫:** કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના પ્રમુખ ક્રિસ જેનકિન્સ અને સીએમ ભૂપેન્દ્ર પટેલ વચ્ચે બેઠક મળી.

**૭ જૂન ૨૦૨૫:** હર્ષ સંઘવી, પી ટી ઉષા અને કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓએ કોમનવેલ્થ સ્પોર્ટ્સના પદાધિકારીઓ સાથે લંડનમાં બેઠક કરી.

**૨૭ ઓગસ્ટ ૨૦૨૫:** પીએમ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રિય કેબિનેટે બિડ રજૂ કરવાનો પ્રસ્તાવને મંજૂરી આપી.

**૨૯ ઓગસ્ટ ૨૦૨૫:** ભારતે અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ યોજવા પ્રયોઝલ મુક્યું.

**૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫:** નાયબ મુખ્યમંત્રી અને IOAના પ્રમુખ પીટી ઉષાના નેતૃત્વમાં એક ડેલિગેશનને CWGની કમિટી સમક્ષ અમદાવાદનો પ્રસ્તાવ રાખ્યો.

**૧૫ ઓક્ટોબર ૨૦૨૫:** કોમનવેલ્થ સ્પોર્ટના એક્ઝિક્યૂટિવ બોર્ડે યજમાન શહેર તરીકે અમદાવાદની ભલામણ કરી.

હરિયાણામાં શોકની લાગણી ફેલાઈ ગઈ

## રાષ્ટ્રીય સ્તરના યુવા બાસ્કેટબોલ ખેલાડી હાર્દિક રાઠીનું અકાળે અવસાન

**રમતગમત સમુદાય અને સોશિયલ મીડિયા પર ખેલાડીના મૃત્યુના કારણ અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**હરિયાણા, તા.૨૬ :** રાષ્ટ્રીય સ્તરના યુવા બાસ્કેટબોલ ખેલાડી હાર્દિક રાઠીના અકાળ અવસાનથી રાજ્યમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. યુવા ખેલાડીને શ્રદ્ધાંજલિ આપવા માટે, ઓલિમ્પિક એસોસિએશને આગામી ત્રણ દિવસ સુધી હરિયાણામાં કોઈપણ રમતગમતના કાર્યક્રમોનું આયોજન ન કરવાનો નિર્ણય લીધો છે. હાર્દિક રાઠી રોહતકના લખન માજરા ગામનો રહેવાસી હતો.

આ ઘટના ત્યારે બની જ્યારે હાર્દિક બાસ્કેટબોલ રમી રહ્યો હતો અને અચાનક તેના પર બાસ્કેટબોલનો પોલ પડી ગયો. સીસીટીવી ફૂટેજમાં આ દુઃખદ ઘટના કેદ થઈ ગઈ. રમતગમત જગત અને તેનો પરિવાર આ ઘટના પર શોક વ્યક્ત કરી રહ્યો છે. ઘટનાસ્થળે હાજર અન્ય ખેલાડીઓએ પણ પોલ હટાવીને હાર્દિકને રાહત આપવાનો પ્રયાસ કર્યો. ઓલિમ્પિક એસોસિએશને હવે જાહેરાત કરી છે કે તે ત્રણ દિવસ સુધી રાજ્યમાં કોઈપણ રમતગમતના કાર્યક્રમોનું આયોજન કરશે નહીં. દરમિયાન, સોશિયલ મીડિયા સહિત રમતગમતની દુનિયામાં, એક યુવાન ખેલાડીના મૃત્યુ માટે કોણ જવાબદાર છે તે અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. વપરાશકર્તાઓ આ મુદ્દા પર વિવિધ રીતે ટિપ્પણી કરી રહ્યા છે. બધા હરિયાણામાં રમતગમત પ્રતિભા સાથે થયેલા ખરાબ વર્તનને દોષી ઠેરવી રહ્યા છે.

મૃતક વ્યક્તિઓના આધાર નંબર નિષ્ક્રિય કરી દીધા

## દેશભરમાં બે કરોડ લોકોના આધાર નંબર બંધ કરાયા

**કોઈપણ છેતરપિંડી ન થાય કે પછી આધાર કાર્ડનો દુરુપયોગ ન થાય, તે હેતુથી ઓથોરિટીએ મૃતક વ્યક્તિઓના આધાર નંબર નિષ્ક્રિય કરી દીધા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૬**

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા આધાર કાર્ડ મુદ્દે મહત્ત્વની માહિતી આપી છે. ઓથોરિટીએ કહ્યું છે કે, દેશભરમાં બે કરોડ મૃત વ્યક્તિઓના નામ ડેટામાંથી હટાવી દેવાયા છે. કોઈપણ છેતરપિંડી ન થાય કે પછી આધાર કાર્ડનો દુરુપયોગ ન થાય, તે હેતુથી ઓથોરિટીએ મૃતક વ્યક્તિઓના આધાર નંબર નિષ્ક્રિય કરી દીધા છે. મૃતક વ્યક્તિઓની ચોક્કસ માહિતી મેળવી શકાય તે માટે UIDAI એ રજિસ્ટ્રાર જનરલ, રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશો, જાહેર વિતરણ વ્યવસ્થા, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ અને અનેક સરકારી વિભાગો પાસેથી ડેટા મેળવ્યા હતા.

આ ઉપરાંત ડેટા મેળવવા માટે બેંકો અને અન્ય સંસ્થાઓની પણ મદદ લીધી હતી.




UIDAI એ સ્પષ્ટ કહ્યું છે કે, 'કોઈપણ મૃતક વ્યક્તિનો આધાર નંબર કોઈ અન્ય વ્યક્તિને જારી કરવામાં આવતા નથી. જોકે સુરક્ષાની દ્રષ્ટિએ આ નંબરો નિષ્ક્રિય કરવા પણ જરૂરી છે. જો ફરી આ નંબરો અન્યને આપવામાં આવે તો સરકારી યોજનાઓનો દુરુપયોગ થવાની અને ગેરકાયદે લાભ લેવાની સંભાવના વધી જાય છે, તેથી આ નંબરો કાયમ માટે નિષ્ક્રિય કરવા ખૂબ જરૂરી છે.

યુઆઈડીએઆઈએ નવી સુવિધા શરૂ કરી છે, જેમાં પરિવારના સભ્યો 'myAadhaar' પોર્ટલ પર પોતાના દિવંગત વ્યક્તિના આધાર અંગે રિપોર્ટ નોંધાવી શકે છે. આ સુવિધા હાલ ૨૫ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં શરૂ છે.

ચોક્કસ માહિતી મેળવ્યા બાદ જ ઓથોરિટી મૃત વ્યક્તિનો આધાર નંબર નિષ્ક્રિય કરી દે છે. ઓથોરિટીએ લોકોને અપીલ કરી છે કે, ડેટાબેજ સુરક્ષિત રહે તેમજ અપડેટ પણ રહે તે માટે, જો પરિવારના સભ્યનું મૃત્યુ થાય તો, તેમના ડેટ સર્ટિફિકેટની myAadhaar પોર્ટલ પર નોંધણી કરાવે.

રાષ્ટ્રપતિએ બંધારણના આમુખનું કર્યું વાંચન

# સંસદમાં રાષ્ટ્રપતિ મુર્મૂએ ૯ ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યુ

**રાષ્ટ્રપતિએ ડિજિટલ રૂપે મરાઠી, નેપાળી, પંજાબી, બોડો, કાશ્મીરી, તેલુગુ, ઓડિયા, અસમિયા અને મલયાલમ જેવી ૯ ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યું**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવીદિલ્હી,તા.૨૬**

દેશ આજે ૭૬મો બંધારણ દિવસ ઉજવી રહ્યો છે. આ અવસરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની અધ્યક્ષતામાં બંધારણ ગૃહના સેન્ટ્રલ હૉલમાં ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૧ વાગ્યાથી આયોજિત આ કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, તમામ કેન્દ્રીય મંત્રી અને બંને ગૃહના સાંસદોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ૯ ભાષાઓમાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કરવામાં આવ્યું.

રાષ્ટ્રપતિએ ડિજિટલ રૂપે મરાઠી, નેપાળી, પંજાબી, બોડો, કાશ્મીરી, તેલુગુ, ઓડિયા, અસમિયા અને મલયાલમ જેવી ૯ ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યું. તેમણે કહ્યું કે, આજના દિવસે આખો દેશ બંધારણના નિર્માતાઓ પ્રતિ આદર વ્યક્ત કરે છે. હું બંધારણ દિવસના આ ઐતિહાસિક અવસર પર તમારી વચ્ચે ઉપસ્થિત રહીને ખૂબ પ્રસન્નતા અનુભવું છું. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના દિવસે બંધારણ ભવનના આ કેન્દ્રીય કક્ષમાં બંધારણ સભાના સભ્યોને ભારતના બંધારણના ડ્રાફ્ટને તૈયાર કરવાનું કાર્ય પૂર્ણ કર્યું હતું. તે જ વર્ષે આપણે- ભારતના લોકોએ- આપણા બંધારણને અપનાવ્યું હતું.

સંસદના સેન્ટ્રલ હૉલમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંધારણના આમુખનું વાંચન કર્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રગાનનું ગાવામાં આવ્યું. આ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ સી.પી રાધાકૃષ્ણન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અધ્યક્ષ ઓમ બિરલા, સંસદીય કાર્ય મંત્રી સહિત તમામ અતિથિ હાજર રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ અને રાજયસભાના અધ્યક્ષ સી.પી રાધાકૃષ્ણને આ કાર્યક્રમમાં કહ્યું કે, આ એ દેશવાસીઓની સામૂહિક બુદ્ધિમત્તા, ત્યાગ અને સપનાનું પ્રતીક છે. જેણે સ્વાતંત્ર્યની લડાઈ લડી હતી. મહાન વિદ્વાનો, ડ્રાફ્ટિંગ કમિટિ અને બંધારણ સભાના સભ્યોએ કરોડો ભારતીયોની આશા અને આકાંક્ષાઓને પૂરી કરવા માટે ઊંડા અને દૂરદર્શી વિચાર આપ્યા. તેમના નિઃસ્વાર્થ યોગદાને ભારતને આજે દુનિયાનું સૌથી મોટું લોકતંત્ર બનાવ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ દૂર કર્યા બાદ ૨૦૨૪માં આયોજિત ચૂંટણીમાં મોટી સંખ્યામાં થયેલા મતદાને એકવાર ફરી આપણા લોકતંત્રનો વિશ્વાસ દર્શાવ્યો છે. હાલમાં જ થયેલી બિહાર ચૂંટણીમાં ખાસ કરીને મહિલાઓનો ભારે ઉત્સાહ મોટી સંખ્યમાં મતદાને લોકતંત્રના મુગટમાં એક અનમોલ હીરો જડી દીધો છે.

EDની સૌથી મોટી રેડ

## પશ્ચિમ બંગાળમાં ૨૪ ઠેકાણા અને ઝારખંડમાં ૧૮ ઠેકાણા પર ૪૦થી વધારે જગ્યાએ દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૨૬**

૧૦૦થી વધારે ED અધિકારીઓએ ૪૦થી વધારે જગ્યા પર દરોડા પાડ્યા, આ દરોડા એટલા મોટા હતા કે બ્રીફકેસ અને બેગ ભરીને રોકડ રૂપિયા અને સોનું જપ્ત કર્યું છે. જી હાં, અમે વાત કરી રહ્યા છીએ, ૨૧ નવેમ્બરના રોજ પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં પડેલા દરોડા વિશે. આ દરોડા કોલ માફિયા વિરુદ્ધ મોટી એક્શન હતી, જેમાં અનિલ ગોયલ, સંજય ઉદ્યોગ, લાલ બાબુ સિંહ અને અમર મંડલ સાથે જોડાયેલા પરિસર પર દરોડા પાડ્યા હતા.

રેડ દરમિયાન ભારે માત્રામાં રોકડ અને સોનું જપ્ત થયું છે. ઈડીએ ગેરકાયદેસર ખનન અને પરિવહનના સંબંધમાં પશ્ચિમ બંગાળમાં ૨૪ ઠેકાણા અને ઝારખંડમાં ૧૮ ઠેકાણા પર ૪૦થી વધારે જગ્યાએ દરોડા પાડ્યા હતા. રાંચીથી લઈને ધનબાદ સુધી કોલસા માફિયાના ઠેકાણા પર ઈડીની ટીમ સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. સવારે લગભગ ૬ વાગ્યે ઓપરેશનમાં ઈડીના ૧૦૦થી વધારે અધિકારી જોડાયા હતા. આ દરમિયાન સંબંધિત લોકોને ઘર સાથે ટોલ કલેક્શન બૂથ અને ચેક પોસ્ટ્સની પણ તલાશી લીધી. દરોડામાં રોકડ અને દાગીના સહિત મોટી માત્રામાં સંપત્તિ જપ્ત થઈ છે.

જો કે, આ દરમિયાન એલ.બી. સિંહની એક હરકતે અધિકારીઓને મુશ્કેલીમાં મૂકી દીધા. ઈડીના અધિકારીઓને ઘરમાં ઘૂસતા રોકવા માટે એલબી સિંહે પોતાના પાલતુ કુતરાને ખોલી દીધા હતા. કુતરા એલબી સિંહના આવાસીય પરિસરમાં ફરી રહ્યા હતા અને ઈડીના અધિકારીઓને ઘરમાં ઘૂસતા રોકી રહ્યા હતા. અધિકારી જેવા ઘરની અંદર જવાની કોશિશ કરી કે કુતરા ભોંકવા લાગ્યા હતા. જો કે બાદમાં અધિકારીઓ ઘરની અંદર જવામાં સફળ થયા હતા.

સવારે લગભગ ૬ વાગ્યે શરૂ થયેલા આ દરોડામાં બ્રીફકેસ અને બેગમાં ૫૦૦-૫૦૦ રૂપિયાની નોટોના બંડલ ભરેલા હતા. આ ઉપરાંત મોટી માત્રામાં સોનાના દાગીના પણ જપ્ત થયા છે. અધિકારીઓ અનુસાર, આ સામૂહિક રીતે કરોડો રૂપિયા સરકારી ખજાના સાથે જોડાયેલા છે. આ કાર્યવાહી ઝારખંડ અને પશ્ચિમ બંગાળના કોલસા માફિયા વિરુદ્ધ એક વ્યાપક અભિયાન છે.

## કર્ણાટકના કલબુર્ગીમાં ભયંકર કાર અકસ્માત થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કર્ણાટક,તા.૨૬**

કર્ણાટકના કલબુર્ગીમાં કાર અકસ્માતમાં એક IAS અધિકારી અને તેના બે ભાઈઓના મોત નિપજયા છે. મૃતકોમાં ૨૦૧૨ની બેચના IAS અધિકારી ૫૧ વર્ષીય મહંતશ બિલાગી સામેલ છે, જે કર્ણાટક રાજ્ય ખનિગ નિગમના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપતા હતા.

મળતી માહિતી મુજબ, આ માર્ગ અકસ્માત મંગળવારે (૨૫ નવેમ્બર) જેવાર્ગી તાલુકાના ગૌનાલ્લી ક્રોસ પાસે થયો હતો. જેવાર્ગી બાઈપાસ પાસે તેમની ઈનોવા કાર પલટી ગઈ હતી. મહંતશ અને તેમના ૫૫ વર્ષીય ભાઈ શંકર બિલાગી અને ૫૩ વર્ષીય ભાઈ ઈરન્ના બિલાગી વિજયપુરાથી કલબુર્ગી જઈ રહ્યા હતા. શંકર બિલાગી અને ઈરન્ના બિલાગીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મહંતશને એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા પરંતુ, તેમનો જીવ બચાવી શકાયો નહીં. અને કાર ચાલક સામાન્ય ઈજા સાથે બચી ગયો છે. બેલગાવી જિલ્લાના રામદુર્ગના રહેવાસી મહંતશે ઉડુપી, દાવણગેરે અને ચિત્રદુર્ગમાં વિવિધ પદો પર કામ કર્યું છે. કર્ણાટક રાજ્ય ખનીજ નિગમના એમડીનું પદ સંભાળ્યા પહેલાં તેઓ બેસ્કોમના મેનેજિંગ ડિરેક્ટર પણ હતા.

## આત્મઘાતી હુમલાખોર ઉમરને શરણ આપનાર યુવક અરેસ્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવીદિલ્હી,તા.૨૬**

દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ બ્લાસ્ટના મામલે NIA (નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી) એ મોટી સફળતા મેળવી છે. આતંકવાદી ડૉક્ટર ઉમર-ઉન-નબીને આશ્રય પૂરો પાડનાર એક વધુ શખ્સની ધરપકડ કરવામાં આવી છે. NIAએ ફરીદાબાદના ધૂજ વિસ્તારમાં રહેતા શોએબ નામના આ શખ્સની ધરપકડ કરી છે. આ ધરપકડ સાથે જ, સમગ્ર કેસમાં ઝડપાયેલા આરોપીઓની કુલ સંખ્યા ૭ થઈ ગઈ છે.

NIAની તપાસમાં આ વિગતો બહાર આવી છે કે, ૧૦ નવેમ્બરના રોજ દિલ્હીમાં કાર બોમ્બ બ્લાસ્ટ થયો તે પહેલાં આરોપી શોએબે આતંકવાદી ઉમરને લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડ્યો હતો. આ ભયાનક હુમલામાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. આ ષડયંત્રના મૂળ સુધી પહોંચવા માટે સુરક્ષા એજન્સી દ્વારા સ્થાનિક પોલીસ સાથે મળીને અનેક રાજ્યોમાં સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે અને ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે.

**દિલ્હી બ્લાસ્ટ કેસમાં NIA દ્વારા ધરપકડ કરાયેલા ૭ લોકો**

૧. આમિર રાશિદ અલી (પુલવામાના પમ્પોરથી)
૨. જાસિર બિલાલ વાની (અનંતનાગથી)
૩. ડૉ. મુઝમ્મિલ શકીલ (પુલવામાથી)
૪. ડૉ.અદીલ અહેમદ (અનંતનાગથી)
૫. ડૉ.શાહીન સઈદ (લખનઉથી)
૬. મુફ્તી ઈરફાન અહેમદ (શોપિયાંથી)
૭. શોએબ (ફરીદાબાદના ધૌજથી)

**શોએબે આપ્યો હતો આતંકીને આશ્રય**

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ધરપકડ કરાયેલો શોએબ અલ-ફલાહ યુનિવર્સિટીમાં વોર્ડ બૉય તરીકે કાર્યરત હતો. તે આતંકવાદીઓ ઉમર અને મુઝમ્મિલને અગાઉથી જ સારી રીતે ઓળખતો હતો, કારણ કે તે મેવાત વિસ્તારમાંથી દર્દીઓને તેમની પાસે સારવાર માટે લઈ જતો હતો. શોએબે આતંકવાદી ઉમરને નૂંહમાં તેની સાળીના ઘરે રોકાવવાની સગવડ પૂરી પાડી હતી. આ ઉપરાંત, તેણે ઉમરને અન્ય સ્થળોએ આશ્રય આપવાની સાથે જરૂરી લોજિસ્ટિક મદદ પણ પૂરી પાડી હતી.

## અમદાવાદ એરપોર્ટ પર નવા પેરેલલ ટેક્સીવેથી કાર્યક્ષમતામાં વધારો થશે

- સમાંતર ટેક્સીવે R અને ટેક્સીવે R1 કાર્યરત
- રનવેની અવરજવર ક્ષમતામાં ૪૦% વધારો કરશે




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા.૨૬**

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (AIAL) સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે (SVPIA) બે કોડ C પેરેલલ ટેક્સીવે - રોમિયો (R) અને રોમિયો ૧ (R1) નું કમિશનિંગ કરી મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ટેક્સી વે R અને ટેક્સીવે R1 એરપોર્ટની કાર્યક્ષમતા અને સલામતી અને રનવેની ક્ષમતામાં વધારો કરશે. SVPIA વર્લ્ડક્લાસ એરપોર્ટ બનાવવા અગ્રેસર છે, તેવામાં આ પેરેલલ ટેક્સીવે એરફિલ્ડ પર એર ટ્રાફિકની ભીડ ઘટાડશે.

વૈશ્વિક ઉડ્ડયન બેન્ચમાર્કસને અનુરૂપ ટેક્સીવેની સુવિધાનો ઉમેરો ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) અને ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઈઝેશન (ICAO) ના ધોરણોનું પાલન કરીને બનાવવામાં આવ્યો છે. તે મુસાફરો અને એરલાઈન્સની વધતી જરૂરિયાતો પૂર્ણ કરવા ભવિષ્ય માટે તૈયાર એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના SVPIA ના વિઝનને મજબૂત બનાવે છે.

પેરેલલ ટેક્સીવે R: ૧,૧૨૬ મીટરની લંબાઈ ધરાવતો ટેક્સીવે તમામ કોડ C વિમાનોને સમાવી શકે છે. તે હાલના કોડ E ને પેરેલલ ટેક્સીવે P સાથે જોડે છે. હાલમાં વિમાનોને રનવે ૨૩ પર પ્રસ્થાન માટે લગભગ ૨-૩ મિનિટ રનવે પર પાછળ ફરવું પડે છે. રનવે ૦૫ પર આવતા વિમાનોને પણ એટલો જ સમય લાગે છે. ટેક્સીવે R અને ટેક્સીવે R1 ખાતરી કરશે કે કોડ C વિમાન ઝડપથી રનવેમાં પ્રવેશ અને નિકાસ કરી શકે, જેનાથી રનવેની ઓક્યુપન્સી સમયમાં ઘટાડો, ઝડપી ઓપરેશન અને સલામતીમાં વધારો થાય. અમદાવાદમાં કાર્યરત ટ્રાફિકનો ૯૫ ટકા હિસ્સો ધરાવતા કોડ C વિમાનો A320, B737 અને બિઝનેસ જેટ પેરેલલ ટેક્સીવેનો ઉપયોગ કરશે.

ટેક્સીવે R1: આ ટેક્સીવે R ને રનવે સાથે જોડે છે અને રનવે ૦૫/૨૩ સુધી સીધો પ્રવેશ પીક ઓપરેશન દરમિયાન ઑપ્ટિમાઈઝ ફ્લો પૂરો પાડે છે.

રનવે ક્ષમતા વધારો: હાલમાં રનવે ક્ષમતા પ્રતિ કલાક ૨૦ એર ટ્રાફિક મૂવમેન્ટ (ATM) છે. ટેક્સીવે R અને R1 ના ઉમેરાથી રનવે ક્ષમતા પ્રતિ કલાક ૨૮ ATM સુધી વધશે.

બંને ટેક્સીવેમાં આધુનિક લાઈટિંગ સિસ્ટમ્સ અને અપગ્રેડેડ સલામતી ચિહ્નો શામેલ છે. તે એન્જિનિયરિંગ અને સેફટી ઓડિટમાંથી પસાર થયા છે. નવા ટેક્સીવેના કમિશનિંગથી સલામતી અને પર્યાવરણમાં નીચે મુજબના ફાયદાઓ થશે:

રનવે પર બેકટ્રેક દૂર થશે, આગમન અને પ્રસ્થાનના ATM માં સુસંગતતા અને સલામતીમાં વધારો થશે.

વિમાનના ઓન ટાઈમ પર્ફોર્મન્સ (OTP) માં સુધારો અને મુસાફરોના અનુભવમાં વધુ શ્રેષ્ઠ બનાવવો. વિમાનનો ટેક્સીવે માટે રાહ જોવાનો સમય, હવામાં હોલ્ડિંગ ટાઈમ અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો અને એરલાઈન્સની બચત થશે.

વિમાન પાર્કિંગ સ્ટેન્ડની ફાળવણી ઑપ્ટિમાઈઝ થવાથી ઝડપી ટર્નઅરાઉન્ડની સુવિધા મળશે, જેનાથી એરલાઈન્સને વધુ સ્લોટ અને હવાઈ મુસાફરોને બહોળી પસંદગી મળશે.

SVPIA પરથી એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન ૭.૮ મિલિયનથી વધુ લોકોએ મુસાફરી કરી હતી. જે વાર્ષિક ધોરણે ૭ ટકાનો વધારો દર્શાવે છે. અમદાવાદ એરપોર્ટ એક મુખ્ય પ્રાદેશિક ઉડ્ડયન કેન્દ્ર તરીકે તેની ભૂમિકાને મજબૂત બનાવવાનું જારી રાખશે.

આ માળખાગત વિકાસ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (AIAL) ની ક્ષમતા, કાર્યક્ષમતા અને ટકાઉપણું વધારવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તે ગુજરાતના ઉડ્ડયન ક્ષેત્રમાં વિકાસના આગામી તબક્કાનો માર્ગ મોકળો કરે છે.

# ઈટાલીમાં ચાચી ૪૨૦ જેવી ચોંકાવનારી ઘટના : મૃત માતાના પેન્શન માટે ૫૬ વર્ષનો ઠગ વર્ષો સુધી સ્ત્રી વેશમાં જીવ્યો

**માતાના મૃતદેહને ઘરના એક ઓરડામાં સંતાડી દીધો અને પોતે માતાનો વેશ ધારણ કરી લીધો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈટાલી, તા.૨૬**

કમલ હસનની મનોરંજક ફિલ્મ 'ચાચી ૪૨૦'ની વાર્તા તો સૌને યાદ જ હશે. છૂટાછેડા બાદ પત્ની સાથે રહેતી દીકરી સાથે સમય વિતાવવા મળે એ માટે કમલ હસન એ ફિલ્મમાં સ્ત્રીવેશ ધારણ કરીને 'ચાચી' બનીને દીકરીની આયા બને છે. આ ફિલ્મ હોલિવૂડની સુપરહિટ ફિલ્મ 'મિસિસ ડાઉટફાયર'ની રિમેક હતી. ફિલ્મોમાં તો મનોરંજનને નામે કંઈ પણ થાય, પણ જો એમ કહીએ કે અમુક કારણસર કોઈ પુરુષે ખરેખર સ્ત્રીવેશ ધારણ કરીને વર્ષો સુધી દુનિયાને અને કાયદાને ઉલ્લુ બનાવ્યે રાખ્યા, તો માનવામાં આવે જો કે, આવી સાચુકલી ચારસો-વીસીની ઘટના ઈટાલીમાં બની છે.

ઈટાલીનો આ ચોંકાવનારો કિસ્સો એક એવા પુરુષનો છે, જેણે નાણાકીય લાભ મેળવવા માટે તેની સ્વર્ગવાસી માતાની ઓળખ અને રૂપ ધારણ કર્યું હતું અને વર્ષો સુધી છેતરપિંડી કરતો રહ્યો હતો. ૫૬ વર્ષના એક ઈટાલિયન પુરુષ (જેનું નામ પોલીસે જાહેર નથી કર્યું)ની વૃદ્ધ માતા નામે ગ્રેઝીએલા ડાલ' ઓગ્લિયો ૨૦૨૨માં ૮૨ વર્ષની વયે મૃત્યુ પામ્યાં. માતાના અવસાન પછી દીકરાએ સત્તાધિકારીઓને મૃત્યુની જાણ કરવાને બદલે એક વિચિત્ર યોજના ઘડી કાઢી. તેણે માતાના મૃતદેહને ઘરના એક ઓરડામાં સંતાડી દીધો અને પોતે માતાનો વેશ ધારણ કરી લીધો. ટોપ, સ્કર્ટ અને વિગ પહેરીને, મેકઅપ કરીને, લિપસ્ટિક લગાડીને એ સમાજની નજરમાં 'ગ્રેઝીએલા' બની ગયો. માતા અને દીકરા બંનેના ચહેરામાં સામ્ય હતું જ, એટલે દીકરાએ મહિલા વેશ ધારણ કર્યો અને ઘરની બહાર જવા લાગ્યો ત્યારે પડોશીઓમાં પણ કોઈ આ બનાવટ પકડી ન શક્યું.

'ગ્રેઝીએલા'નો વેશ ધારણ કરવા પાછળ નાણાકીય લાભ મેળવવાની લાલચ હતી. આરોપીની માતા તેમના સ્વર્ગવાસી પતિને નામે મળતા પેન્શનની હકદાર હતી, જેની રકમ વાર્ષિક લગભગ ૫૩,૦૦૦ યુરો (આશરે રૂ. ૫૪.૭૯ લાખ) હતી. આ ઉપરાંત પરિવારની રિયલ એસ્ટેટ અને જમીનમાંથી પણ આવક થતી. માતાનું મૃત્યુ જાહેર કરી દેવાય તો પેન્શન મળતું બંધ થઈ જાય એમ હોવાથી દીકરાએ માતાનો વેશ ધારણ કરી લીધો. એમ કરીને તે વર્ષો સુધી છેતરપિંડી કરતો રહ્યો હતો. હવે તેના પર માતાને નામે લાખો યુરોની ગેરકાયદે આર્થિક મદદ લીધાનો આરોપ છે.

વર્ષો સુધી ચાલતી રહેલી છેતરપિંડીનો ભાંડો ૧૬ નવેમ્બરના રોજ ફૂટી ગયો. 'ગ્રેઝીએલા'ના વેશમાં આરોપી માતાના ઓળખપત્રના નવીનીકરણ માટે બોર્ગો વર્જિલિયો શહેરની રજિસ્ટ્રી ઓફિસમાં હાજર થયો ત્યારે એક કર્મચારીને તેના પર શંકા ગઈ. કારણ એ હતું કે, 'ગ્રેઝીએલા'ની ગરદનના પાછલા ભાગમાં જાડા, કાળા વાળ હતા તથા હાથ અને દાઢી પર પણ છિદ્રો દેખાઈ રહ્યા હતા, જાણે ત્યાંના વાળ શેવ કરાયા હોય. નકલી 'ગ્રેઝીએલા'નો અવાજ તો સ્ત્રી જેવો હતો, પરંતુ ક્યારેક-ક્યારેક એના અવાજમાં પુરુષો જેવી કઠોરતા આવી જતી. રજિસ્ટ્રી ઓફિસના કર્મચારીએ પોતાની શંકાને આધારે તરત જ સ્થાનિક કાઉન્સિલ અધિકારી અને પોલીસને કૉલ કરી દીધા. આરોપીની સીધી ધરપકડ કરવાને બદલે પોલીસે સીસીટીવીમાં એની હિલચાલ તપાસી. રજિસ્ટ્રી ઓફિસની બહારના સીસીટીવીમાં દેખાયું કે આરોપી 'મહિલા' કાર ડ્રાઈવ કરીને આવી હતી, જ્યારે કે સાચી 'ગ્રેઝીએલા' પાસે તો ડ્રાઈવિંગ લાઈસન્સ જ નહોતું. આ સાબિતીને લીધે પોલીસની શંકાને પુષ્ટિ મળી. ત્યાર પછી આરોપીને રંગે હાથે પકડવા માટે રજિસ્ટ્રી ઓફિસ દ્વારા તેને ફોન કૉલ કરીને કહેવાયું કે, ઓળખપત્રની કેટલીક વધારાની ઔપચારિકતા પૂર્ણ કરવા તેણે ફરીથી ઓફિસમાં હાજર થવું પડશે. જ્યારે આરોપી ફરી એની માતાનો વેશ ધારણ કરીને રજિસ્ટ્રી ઓફિસ પધાર્યો ત્યારે પહેલાથી જ તૈયાર બેઠેલી પોલીસે તરત જ તેની ધરપકડ કરી લીધી.

આરોપીએ પોલીસ સામે કબૂલ કર્યું કે, તે ખરેખર ગ્રેઝીએલાનો પુત્ર છે અને તેણે નાણાકીય લાભ મેળવવા માટે જ તેની માતાનો વેશ ધારણ કર્યો હતો. આરોપીની ધરપકડ કર્યા પછી પોલીસે તેના ઘરની તપાસ કરી ત્યારે એક ભયાનક સત્ય સામે આવ્યું. પોલીસને ઘરના લોન્ડ્રી રૂમમાં એક સ્લીપિંગ બેગમાં ગ્રેઝીએલાનો મમીકૃત મૃતદેહ મળી આવ્યો! તેનું શરીર ચાદરમાં લપેટીને ત્યાં સંતાડવામાં આવ્યું હતું. પોલીસના પ્રાથમિક અંદાજ મુજબ, મૃત્યુ કુદરતી કારણોસર થયું હોવાનું લાગતું હતું, પરંતુ અંતિમ નિષ્કર્ષ પોસ્ટ મોર્ટમ થયા પછી જ ખબર પડે એમ છે.

પેન્શન માટે કરેલી ઠગાઈનો આ કિસ્સો વિચિત્ર છે ખરો, પણ એકમેવ નથી. ઈટાલીમાં પેન્શનની રકમ મેળવવા માટે સગાં-સંબંધીઓના મૃત્યુને છુપાવવાના ઘણાં બનાવો બન્યા છે. ૨૦૨૩માં અબ્રુઝો ઈલાકામાં ૮૧ વર્ષના બ્રુનો ડેલ્નેગ્રોનો મૃતદેહ એક ગુફામાંથી મળી આવ્યો હતો. બ્રુનોના માસિક €3,000 (રૂપિયા ૩.૧ લાખ)ના પેન્શનની રકમ ચાલુ રાખવા માટે બ્રુનોના ત્રણ પુત્રો તેમના પિતાના મૃતદેહને સ્લીપિંગ બેગમાં બંધ કરીને દૂરની અવાવરું ગુફામાં મૂકી આવ્યા હતા. ઈટાલિયન સમાજમાં છાશવારે બનતા રહેતા આવા બનાવો ત્યાંની પ્રજાના નૈતિક પતનની સાબિતી આપે છે.

# અમેરિકાની શાંતિ સમજૂતી વચ્ચે રશિયાનો યુક્રેન પર હુમલો : ૬નાં મોત

**રશિયાએ ૨૨ મિસાઇલો અને ૪૬૦ ડ્રોનથી હુમલો કરતા કીવમાં વીજળી અને પાણી પુરવઠો ખોરવાયો : હીટ સિસ્ટમમાં અવરોધ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કીવ, તા.૨૬**

રશિયાએ સમગ્ર રાત યુક્રેનની રાજધાની કીવની ઈમારતો અને એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કરેલા હુમલામાં ઓછામાં ઓછા છ લોકોનાં મોત થયા છે.

બીજી તરફ યુક્રેને કરેલા હુમલામાં દક્ષિણ રશિયામાં ત્રણ લોકોનાં મોત થયા છે અને મકાનોને નુકસાન થયું છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.

આ હુમલા એવા સમયે થઇ રહ્યાં છે જ્યારે અમેરિકા લગભગ ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા અને અમેરિકાની શાંતિ યોજના પર મંત્રણા માટે ફરીથી પ્રયત્ન કરી રહ્યું છે.

એક અમેરિકન અધિકારીએ પત્રકારોને જણાવ્યું હતું કે, આર્મી સેક્રેટરી ડેન ડ્રિસ્કોલે અબુધાબીમાં રશિયન અધિકારીઓ સાથે કલાકો સુધી મંત્રણા કરી હતી.

## બેફામ, ભારત વિરોધી નારેબાજી કરી

# કેનેડામાં ખાલિસ્તાનીઓએ ફરિવાર ત્રિરંગાનું અપમાન કર્યું

**કેટલાક વીડિયો પણ સામે આવ્યા છે જેમાં આ સ્થળે હાજર કેટલાક લોકો ભારત વિરોધી સુત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૬**

કેનેડાના ઓટાવામાં ખાલિસ્તાની સંગઠન શીખ્સ ફોર જસ્ટિસ (એસએફજે) દ્વારા આયોજિત ખાલિસ્તાન જનમત સંગ્રહ દરમિયાન ભારતીય રાષ્ટ્રધ્વજ તિરંગાનું અપમાન કરવામાં આવ્યું હતું. આ ભારત વિરોધી કાર્યક્રમમાં મારી નાખો જેવા સુત્રોચ્ચાર પણ થયા હતા. જ્યારે ૨૩ નવેમ્બરે આખો દિવસ ચાલેલી જનમત સંગ્રહ પ્રક્રિયામાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં લોકો આવ્યા હોવાનો પણ સંગઠને દાવો કર્યો હતો.

કેનેડાના ઓટાવાના મેકબેન કોમ્યુનિટી સેન્ટર પર આ જનમત સંગ્રહની પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેમાં ભાગ લેવા માટે કેનેડાના વિવિધ પ્રાંતો જેમ કે ઓન્ટારિયો, અલ્બર્ટા, બ્રિટિશ કોલંબિયા અને ક્યૂબેકના ૫૦ હજારથી વધુ ખાલિસ્તાની સમર્થકો આવ્યા હોવાનો દાવો કરાઈ રહ્યો છે. ભારત દ્વારા દેશ વિરોધી પ્રવૃત્તિઓ બદલ આ સંગઠન પર પ્રતિબંધ મુકી દેવાયો છે. આ સંગઠને દાવો કર્યો હતો કે બાળકોથી લઈને વૃદ્ધો સહિત તમામ લોકો સમર્થનમાં આવ્યા હતા. ત્રણ વાગ્યા બાદ પણ લોકો લાઈનોમાં ઉભા હતા તેથી વોટિંગ શરૂ રાખવુ પડ્યું હતું.

અલ્બર્ટા સ્થિત ડિજિટલ મીડિયા બેઝિર્ગનના જણાવ્યા મુજબ મતદાન સ્થળની આસપાસ પણ ભારે ભીડ જમા થઇ ગઇ હતી. કેટલાક વીડિયો પણ સામે આવ્યા છે જેમાં આ સ્થળે હાજર કેટલાક લોકો ભારત વિરોધી સુત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા. ભારત દ્વારા આતંકી જાહેર કરાયેલ ગુરપતવંતસિંહ પન્નૂને સેટેલાઈટ સંદેશો મોકલીને લોકોને ભારત વિરુદ્ધ ઉશ્કેર્યા હતા. જ્યારે મતદાન પ્રક્રિયાના અંતે ખાલિસ્તાન સમર્થકો દ્વારા ભારતીય ધ્વજનું અપમાન કરાયું હતું જે ઘટના પણ વીડિયોમાં કેદ થઇ ગઇ હતી.

તાજેતરમાં દક્ષિણ આફ્રીકામાં જી-૨૦ નેતાઓના સમ્મેલનમાં કેનેડાના વડાપ્રધાને ભારતના વડાપ્રધાન સાથે મુલાકાત કેમ કરી તેવો સવાલ પણ આ સંગઠને ઉઠાવ્યો હતો.

## ઈમામે ફરિયાદ કરીને તેના પર એકશન લેવાની માગણી કરી

# સોનમ બાજવા પંજાબની એક મસ્જિદમાં આપત્તિજનક શૂટિંગ કરતાં ધરપકડની માંગ

**આ મસ્જિદ ભગત સાધનાના નામ પર બનાવવામાં આવી હતી, જેનું સિખ અને મુસ્લિમના બન્ને સમુદાયો સમ્માન કરે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૬**

પંજાબી અભિનેત્રી સોનમ બાજવા હાલ મુસીબતમાં મુકાઈ ગઈ છે. તે પોતાની આવનારી ફિલ્મ પીટ સ્યાપાનુ શૂટિંગ એક મસ્જિદમાં કરી રહી હતી ત્યારે વિવાદ ઊભો થયો હતો.

પંજાબના શાહી ઈમામે મસ્જિદની અંદર શૂટિંગ કરવા માટે ધાર્મિક ઠેસ પહોંચાડી હોવાની ફરિયાદ કરી છે. એટલું જ નહીં આ મસ્જિની અંદર શૂટિંગ કરવા પર પ્રતિબંધ હોવાનું પણ જણાવ્યું હતું. આ બાબતે અભિનેત્રી અને ફિલ્મની ટીમ વિરુદ્ધ કાર્યવાહી કરવાનું ફરિયાદમાં જણાવ્યું હતું.

ફરિયાદમાં એમ પણ જણાવામાં આવ્યું હતુ કે, આ મસ્જિદ ભગત સાધનાના નામ પર બનાવવામાં આવી હતી. જેનું સિખ અને મુસ્લિમના બન્ને સમુદાયો સમ્માન કરે છે. અહીં શૂટિંગ કરવું એ ચોંકાવનારું કાર્ય છે. અને એની પવિત્રતાનું ઉલ્લઘન છે. શૂટિંગ મસ્જિદમાં રાતના કરવામાં આવ્યું હતું તેમજ અંદર ખાણીપીણી પણ થઈ હતી. આ ધાર્મિક મર્યાદાની વિરુદ્ધ છે. મસ્જિદની બહાર શૂટિંગ પર પ્રતિબંધ હોવાનું પણ લખવામાં આવ્યું હોવા છતાં પણ શૂટિંગ કર્યાથી તેમના પર કાર્યવાહી કરવાની માંગણી કરી છે. આ માટે ઈમામે અભિનેત્રી અને ફિલ્મની સંપૂર્ણ ટીમ વિરુદ્ધ એકશનની માંગણીની સાથેસાથે પોલીસમાં ફરિયાદ પણ કરી છે.




## ધર્મેન્દ્ર અને હેમાએ ૧૯૭૯માં લગ્ન કર્યા હતાં

# ધર્મેન્દ્ર પાસે દરેક પ્રસંગ માટે એક કવિતા હતી હું ભાગ્યશાળી છું કે તે મારા જીવનમાં હતા




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૬**

ધર્મેન્દ્ર અને હેમા માલિની જ્યારે રૂપેરી પડદે સાથે આવ્યાં ત્યારે ચાહકો પર તેઓનું જાદુ કામ કરતો હતો શોલેનું વશીકરણ હોય કે સીતા ઔર ગીતાનું વશીકરણ, આ બંને કલાકારોની કેમેસ્ટ્રીએ હિન્દી સિનેમાની કેટલીક યાદગાર ક્ષણો બનાવી હતી. પતિ ધર્મેન્દ્ર સાથેનાં તેનાં સંબંધો વિશે વાત કરતાં હેમા માલિનીએ કહ્યું હતું કે તેઓને બોલિવૂડનાં 'હી-મેન' મળ્યાં તે માટે તે 'નસીબદાર' છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે, ધર્મેન્દ્ર હૃદયથી કવિ હતાં.



હેમા માલિનીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'ધર્મેન્દ્ર પાસે દરેક પ્રસંગ માટે એક કવિતા હતી. કોઈ પણ તેમનાં જેવું ન હોઈ શકે. હું ભાગ્યશાળી છું કે તે મારા જીવનમાં હતા.

હેમા માલિની અને ધર્મેન્દ્રની પહેલીવાર મુલાકાત 'તુમ હસીન મેં જવાન'ના સેટ પર થઈ હતી. ત્યારે જ બંને નજીક આવ્યાં હતાં અને એવું કહેવામાં આવે છે કે હિન્દુ કાયદો બીજા લગ્નની મંજૂરી આપતો ન હોવાથી બંનેએ ઈસ્લામ ધર્મ અંગીકાર કરવાનો નિર્ણય લીધો હતો. ધર્મેન્દ્રએ પ્રકાશ કૌર સાથે લગ્ન કર્યા હતાં અને તેમને ચાર બાળકો હતાં, બોબી અને સની દેઓલ. અને બે પુત્રીઓ પોતાનાં પરિવારનાં વિરોધને અવગણીને ધર્મેન્દ્ર અને હેમાએ ૧૯૭૯માં મુંબઈમાં ચૂપચાપ લગ્ન કર્યા હતાં. લગ્નમાં માત્ર બે કાનૂની સાક્ષી હાજર હતાં. સમય જતાં, બંને વચ્ચેનાં સંબંધો વધુ મજબૂત બન્યાં અને તેણે તેની પુત્રીઓ એશા દેઓલ અને આહના દેઓલ સાથે એક પરિવાર બનાવ્યો હતો. ધર્મેન્દ્ર તેમની પત્ની હેમા માલિની માટે બે વખત મથુરા આવ્યાં હતાં. ૨૦૧૪માં હેમાની પહેલી ચૂંટણીમાં ધર્મેન્દ્ર આવ્યાં ન હતાં. ૨૦૧૮માં જ્યારે હેમા માલીનીએ મથુરામાં ઘર બનાવ્યું ત્યારે તેઓ અહીં ગૃહપ્રવેશ માટે આવ્યાં હતાં. તેઓ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે બીજી વખત મથુરા પહોંચ્યાં હતાં. બોલર મોહમ્મદ સિરાજ નવેમ્બર ૨૦૨૦ માં ઓસ્ટ્રેલિયામાં હતો ત્યારે તેનાં પિતાનું અવસાન થયું હતું. સિરાજે તેનાં પિતાનું સ્વપ્ન પૂરું કરવા માટે ત્યાં જ રહેવાનું નક્કી કર્યું. સિરાજે મેચમાં જબરજસ્ત પ્રદર્શન કર્યું હતું. જેનાં પર ધર્મેન્દ્રએ ટ્વિટ કર્યું હતું કે, 'ભારતનાં બહાદુર બેટા. લવ યુ. તારા પર ગર્વ છે.


# ડ્રગ્સના કેસમાં અભિનેત્રી શ્રદ્ધા કપૂરનો ભાઈ સિદ્ધાંત પોલીસ સમક્ષ હાજર



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૬**

ડ્રગ્સ જપ્તિના કેસમાં પોતાનું નિવેદન નોંધાવવા માટે અભિનેત્રી શ્રદ્ધા કપૂરનો ભાઈ સિદ્ધાંત કપૂર ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ સમક્ષ હાજર થયો હતો. અભિનેતા શક્તિ કપૂરનો પુત્ર અને બોલીવૂડનો ઍક્ટર-ડિરેક્ટર સિદ્ધાંત કપૂર એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી)ના ઘાટકોપર યુનિટની ઑફિસે પહોંચ્યો હતો. પોલીસે સિદ્ધાંતનું નિવેદન નોંધ્યું હોવાનું વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. આ કેસમાં સિદ્ધાંત ઉપરાંત, ઈન્ફ્લુએન્સર ઓરહાન અવતરામાણી ઉર્ફે ઑરીને પણ એએનસીએ ૨૬ નવેમ્બરે બોલાવ્યો હતો. એએનસીએ ૨૫૨ કરોડ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ જપ્ત કર્યું હતું. આ કેસના મુખ્ય આરોપી મોહમ્મદ સલીમ મોહમ્મદ સુહેલ શેખની પૂછપરછમાં બોલીવૂડની બે સેલિબ્રિટીનાં નામ સામે આવ્યાં હતાં, જેને પગલે એએનસીના ઘાટકોપર યુનિટે બન્નેને સમન્સ પાઠવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ડ્રગ્સના સેવન પ્રકરણે ૨૦૨૨માં બેંગલુરુમાં સિદ્ધાંતને પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ શેખે દાવો કર્યો હતો કે ભારત અને વિદેશમાં તેણે આયોજિત કરેલી રૅવ પાર્ટીઓમાં કેટલીક ફિલ્મ, ફૅશન સિલિબ્રિટી, એક રાજકારણી અને ભાગેડુ ગૅન્ગસ્ટર દાઉદ ઇબ્રાહિમનો સાથી હાજર રહેતા હતા. 'લેવિશ' તરીકે ઓળખાતા શેખને ગયા મહિને જ દુબઈથી ભારતમાં ડિપોર્ટ કરાયો હતો. મહારાષ્ટ્રના સાંગલીમાંથી જપ્ત કરાયેલા ૨૫૨ કરોડ રૂપિયાના મેફેડ્રોનના કેસમાં તેની ધરપકડ કરાઈ હતી.

# શ્રદ્ધા કપૂર બોયફ્રેન્ડ રાહુલ મોદીની ફિલ્મમાં કામ કરશે



(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૬**

શ્રદ્ધા કપૂર તેના બોયફ્રેન્ડ રાહુલ મોદી સાથે એક ફિલ્મ માટે કોલબરેશન કરવાની છે. બંને વચ્ચે રિલેશનશિપ બાદ આ પહેલું પ્રોફેશનલ કોલબરેશન હશે.

શ્રદ્ધાએ તાજેતરમાં એક સંવાદમાં જણાવ્યું હતું કે, રાહુલ મોદી સાથે એક ફિલ્મ કરવાની છે. શ્રદ્ધાએ કહ્યું હતું કે, હું હાલમાં એક ફિલ્મનું શૂટિંગ કરી રહી છું, જે પુરુ થયા પછી રાહુલ મોદી સાથે એક ફિલ્મ કરવાની છું. આ ફિલ્મ સ્ટાર્ટઅપની દુનિયા પરની ફિલ્મ છે. એક રાઈટર તરીકે રાહુલ શ્રદ્ધાની કેરિયર માટે બહુ મહત્વનો સાબિત થાય તેવો રોલ લખશે તેવી અટકળો વ્યક્ત થઈ રહી છે. શ્રદ્ધા અને રાહુલ મોદીની લવસ્ટોરી ૨૦૨૩ની રણબીર કપૂર સાથેની ફિલ્મ 'તુ જૂઠી મેં મક્કાર'ના સેટ પરથી શરૂ થઇ હતી. આ પછી ૨૦૨૪માં તે અને રાહુલ જાહેરમાં એક ડિનર ડેટ પર જોવા મળ્યા હતા. આ પછી તેમની ડેટિંગની અફવા બળવત્તર બની હતી.

## ગત રવિવારે મહારાષ્ટ્રના સાંગલીમાં થવાના હતા બંનેના લગ્ન

# સ્મૃતિ મંધાના અને પલાશના લગ્ન મોકૂફ થવા અંગે પલક મુચ્છલે તોડ્યું મૌન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૬**

ભારતીય ક્રિકેટર સ્મૃતિ મંધાના અને મ્યુઝિક કમ્પોઝર પલાશ મુચ્છલ ૨૩ નવેમ્બરે લગ્નના બંધનમાં બંધવવાના હતા. જોકે લગ્નના દિવસે જ પરિવારમાં ઈમજરન્સી આવતા લગ્ન મોકૂફ રાખવામાં આવ્યા હતા. મંધાનાના પિતાની તબિયત લથડતા લગ્ન મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમના પિતાની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પિતાની તબિયત લથડતા સ્મૃતિ મંધાનાએ પોતાના લગ્ન અનિશ્ચિત સમય માટે મોકૂફ રાખ્યા છે અને ત્યારબાદ તેણે ચોંકાવનારો નિર્ણય લેતા સોશિયલ મીડિયા પરથી સગાઈ અને લગ્ન સમારોહ સંબંધિત તમામ પોસ્ટ્સ ડિલીટ કરી દીધી છે. સ્મૃતિના આ નિર્ણયથી સોશિયલ મીડિયા પર અનેક અટકળો શરૂ થઈ ગઈ. આ વચ્ચે હવે પલાશની બહેન અને સ્ટાર પ્લેબેક સિંગર પલક મુચ્છલે મૌન તોડ્યું છે અને લોકોને બંને પરિવારોની પ્રાઈવસીનું સન્માન કરવા અપીલ કરી છે.

પલક મુચ્છલે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું કે, 'સ્મૃતિના પિતાના સ્વાસ્થ્ય સબંધિત કારણોસર સ્મૃતિ અને પલાશના લગ્ન મોકૂફ રાખવામાં આવ્યા છે. અમે તમને બધાને આ સંવેદનશીલ સમયમાં પરિવારોની પ્રાઈવસીનું સન્માન કરવા વિનંતી કરીએ છીએ.'

સ્મૃતિ મંધાનાના મેનેજર તુહીન મિશ્રાએ જણાવ્યું હતું કે, 'રવિવારે સવારે સ્મૃતિના પિતાને હૃદયની તકલીફ થઈ હતી, ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. પિતાના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને સ્મૃતિએ તેઓ સંપૂર્ણ સ્વસ્થ ન થઈ જાય ત્યાં સુધી લગ્ન મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.'

મિશ્રાએ જણાવ્યું કે, 'સ્મૃતિના પિતા મિસ્ટર શ્રીનિવાસ મંધાના સવારે નાસ્તો કરી રહ્યા હતા ત્યારે તેમની તબિયત ખરાબ થવા લાગી. અમે એ વિચારીને થોડીવાર રાહ જોઈ કે તેઓ જલ્દી સ્વસ્થ થઈ જશે, પરંતુ કોઈ સુધારો થયો નહીં. તેથી અમે કોઈ જોખમ ન લેવાનું નક્કી કર્યું અને એમ્બ્યુલન્સ બોલાવી. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા અને તેઓ ઓબ્ઝર્વેશનમાં છે.' સ્મૃતિના પિતાની તબિયત ખરાબ થયા બાદ પલાશ મુચ્છલની પણ તબિયત ખરાબ થઈ ગઈ હતી. તેને પણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો પરંતુ તે થોડા જ સમયમાં ડિસ્ચાર્જ થઈ ગયો. આ પહેલા પલાશ અને પલકની માતાએ એક ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું કે, 'પલાશ સ્મૃતિ મંધાનાના પિતાની ખૂબ નજીક છે. તેમની તબિયત ખરાબ થવાની જાણ થતાં જ પલાશે સ્મૃતિ મંધાના પહેલા જ નક્કી કરી લીધું હતું કે, તેઓ સ્વસ્થ નહીં થાય ત્યાં સુધી હું લગ્ન નહીં કરું.'

સ્મૃતિ મંધાના અને પલાશ મુચ્છલના લગ્ન ૨૩ નવેમ્બર, રવિવારના રોજ મહારાષ્ટ્રના સાંગલીમાં થવાના હતા. મહિલા વર્લ્ડ કપ વિજેતા ટીમની ઘણી ચેમ્પિયન ખેલાડીઓ મહેંદી અને હલ્દી સેરેમનીમાં હાજર રહી હતી. સ્મૃતિ મંધાનાના પિતા શ્રીનિવાસ મંધાનાની લગ્નના દિવસે જ અચાનક તબિયત લથડતા લગ્ન અનિશ્ચિત સમય માટે મોકૂફ રાખ્યા છે.

## સોશિયલ મીડિયા ઈન્ટરેક્શન પરથી સંકેત

# ધનુષ અને મૃણાલ ઠાકુર ડેટિંગ કરી રહ્યાં હોવાની ફરી ચર્ચા

**હાલમાં અભિનેત્રી મૃણાલ ઠાકુરે પોતાની આવનારી ફિલ્મ 'દો દીવાને શહેર મેં'નું એનિમેટેડ ટીઝર શેર કર્યું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૬**

ધનુષ અને મૃણાલ ઠાકુર ડેટિંગ કરી રહ્યા હોવાની ચર્ચા ફરી વ્યાપક બની છે. હાલમાં અભિનેત્રીએ પોતાનીઆવનારી ફિલ્મ 'દો દીવાને શહેર મેં'નું એનિમેટેડ ટીઝર શેર કર્યું હતું. જે જોઈને ધનુષે દિખને ઔર સુનમેં અચ્છા લગ રહા હૈની પ્રતિક્રિયા આપી હતી. જેના પ્રત્યુત્તરમાં મૃણાલ ઠાકુરે દિલવાળું ઈમોજી શેર કર્યું હતું. તેના પરથી લોકોએ ફરી તેમના ડેટિંગની ચર્ચા શરુ કરી દીધી છે. ઘણા લોકોએ પોતાની પોસ્ટમાં ઠાકુર અને તેની ગલફ્રેન્ડ તરીકે સંબોધ્યા હતા. તો વળી થોડા લોકોએ આ જોડીને થલાઈવા અને થલાઈવી જેવા નામ આપ્યા હતા. અગાઉ ગત ઓગસ્ટમાં મૃણાલના જન્મદિવસની પાર્ટીમાં ધનુષ સામેલ થયો હતો. ઉપરાંત જુલાઈના એક થ્રોબેક વીડિયોમાં મૃણાલે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ધનુષના ઈડલી કઢાઈ ગીત પર નૃત્ય કર્યું હતું. આ પહેલાં પણ ધનુષ અને મૃણાલ ઠાકુર ડેટિંગ કરી રહ્યા હોવાની અફવા ચગી હતી. ઓગસ્ટ મહિનામાં 'સન ઓફ સરદાર ૨'ના પ્રીમિયર બન્નેએ એક બીજાને ભેટયા હોવાની તસવીર વાયરલ થઇ હતી.

# દીવની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા બુચરવાડામાં 'બંધારણ દિવસ'ની ઉજવણી કરાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દીવ, તા.૨૬**

સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા બુચરવાડામાં 'બંધારણ દિવસ'ના અવસર પર શાળાના આચાર્ય શ્રી આરિફ લાખાવાલા અને શિક્ષકોએ બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડૉ. ભીમરાવ આંબેડકરના છબી પર પુષ્પમાળા પહેરાવી અને દીપ પ્રગટાવીને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગ દરમિયાન શાળાની વિદ્યાર્થીની કુમારી શિયાએ બંધારણની પ્રસ્તાવનાનું પઠન કર્યું અને નઝરાના ખલીફાએ બંધારણ આધારિત કાવ્યપાઠ કર્યો હતો. શાળાના આચાર્ય શ્રી આરિફ લાખાવાલાએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, બંધારણ દિવસ આપણને બંધારણના મહત્ત્વ અને તેના પ્રાવધાનો વિશે જાણવાનો અવસર આપે છે. તેમણે વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો કે તેઓ બંધારણના મૂલ્યો અને સિદ્ધાંતોને પોતાના જીવનમાં અપનાવે અને દેશના વિકાસમાં યોગદાન આપે.

આ પ્રસંગ દરમિયાન વરિષ્ઠ શિક્ષક શ્રી મનીષ સ્માર્ટ અને શ્રી હર્ષદ મકવાણાએ આપણા બંધારણની તાકાત અને તેના મહત્ત્વને વિવિધ દૃષ્ટાંતો દ્વારા સમજાવ્યું હતું અને તેમને બંધારણ પ્રત્યે જાગૃત રહેવા માટે પ્રેરિત કર્યા હતા.

આ રીતે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા બુચરવાડાએ દેશના બંધારણ પ્રત્યે પોતાનો આદર અને સન્માન વ્યક્ત કર્યો હતો.

ગોડથલથી ખેરના લાકડા ભરેલ ટ્રક મહારાષ્ટ્ર વન વિભાગે ઝડપી પાડવાના પ્રકરણમાં

# સીએફ, ડીસીએફ સહિતના ઉચ્ચ અધિકારીઓ ચીખલી ધસી આવી કર્મચારીઓની પુછપરછ સાથે હાથ ધરેલી તપાસ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૨૬**

વલસાડ ઉત્તર વન વિભાગના ડીએફ મીડિયાકર્મીઓના સંપર્ક બાદ પણ માહિતી આપ્યા વિના જ રવાના થઈ જતા ઈમારતી લાકડાની તસ્કરીના પ્રકરણમાં જવાબદાર અધિકારીની નિષ્ફળતા પર ઢાંકપીછોડો કરવા માટે ધમપછાડા કરવામાં આવી રહ્યા હોવાનું ફલિત થવા પામ્યું છે.

ગત તા. ૪ નવેમ્બરના રોજ મહારાષ્ટ્ર વન વિભગના અધિકારીઓ દ્વારા દહાણુ વિસ્તારમાં ખેરના લાકડા ભરેલ ટ્રક ઝડપી પાડી હતી અને આ ખેરના લાકડાનો જથ્થો દક્ષિણ ગુજરાતના વિવિધ જંગલોમાંથી લાવી રૂમલા નજીકના ગોડથલ ગામમાં છાલ કાઢી છોલેલો જથ્થો ટ્રકમાં ભરાવી રવાના કરાયો હતો. જેમાં વન વિભાગ દ્વારા કેટલાકની ધરપકડ પણ કરી છે. પરંતુ આ જથ્થો ક્યાંથી કપાયો હતો અને કોણે ભરાવ્યો હતો? કેટલો જથ્થો છે? તે હકીકત આજદિન સુધી જાહેર કરવામાં આવી નથી.

આ દરમ્યાન આજરોજ સુરત સર્કલના સીએફ સહિતના અધિકારીઓ ચીખલી ધસી આવી કેટલાક કર્મચારીઓની પૂછપરછ કરી નિવેદનો પણ લીધા હતા. આ ગુનાની ચોક્કસ હકીકત માટે સ્થાનિક મીડિયાકર્મીઓ દ્વારા સર્કિટ હાઉસ ખાતે ડીસીએફ લોકેશ ભારદ્વાજનો રૂબરૂ સંપર્ક કરતા શરૂઆતમાં તેમણે મારા સિનિયર અધિકારીના પ્રોટોકોલમાં છું તેઓના ગયા બાદ માહિતી આપવાનું જણાવ્યું હતું. જોકે બાદમાં ડીસીએફ માહિતી આપ્યા વિના જ રવાના થઈ ગયા હતા. ત્યારે લાકડાનો જથ્થો મહારાષ્ટ્રમાંથી પકડાયાના દિવસો બાદ પણ અધિકારી દ્વારા ગુનાની વિગત જાહેર કરવામાં આનાકાની કરવામાં આવી રહી છે.

હકીકતમાં વલસાડ ઉત્તર વન વિભાગની ચીખલી રેન્જના તાબામાં આવતા ગોડથલ ગામેથી આ ખેરના લાકડાનો જથ્થો ભરાયો હતો અને ચીખલી રેંજ ધરમપુર સબ ડિવિઝનના તાબામાં આવતી હોય તેવામાં વલસાડ ડિવિઝન, ધરમપુર સબ ડિવિઝન અને ચીખલી રેન્જના જવાબદાર અધિકારીઓ ઊંઘતા ઝડપાવા પામ્યા છે. ચીખલીના ગોડથલ વિસ્તારમાંથી ખેરના લાકડાનો જથ્થો ભરાઈને ઠેઠ મહારાષ્ટ્ર સુધી પહોંચી જતો અને હોય એસીએફ, ડીસીએફ સહિતના ઉચ્ચ અધિકારીઓને ખબર જ ન પડતી હોય તેવામાં સ્થાનિક અધિકારીઓની નિષ્ફળતા છતી થવા પામી છે તે ચોક્કસ છે. અને આ જથ્થામાં ખેરના લાકડાના અંદાજે ૧૦૦ થી વધુ નંગ હોવાનું કહેવાય છે. ત્યારે આટલી મોટી માત્રામાં ઈમારતી લાકડાનો ગોડથલ ભરાયેલો જથ્થો મહારાષ્ટ્રમાંથી ત્યાંના અધિકારીઓ દ્વારા ઝડપવામાં આવતા અહીંના એસીએફ સહિતના જવાબદાર અધિકારીઓની ભૂમિકા સામે અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. અને નવાઈ ની વાત તો એ છે કે આ ગુનાની તપાસ ધરમપુર સબ ડિવિઝનના એસીએફને જ સોંપવામાં આવી છે. અને મીડિયાકર્મીઓ દ્વારા તપાસકર્તા અધિકારી તરીકે ગુનાની વિગત જાણવા અવાર નવાર મોબાઈલ ફોન પર સંપર્ક કરતા તેમના દ્વારા ફોન ઉપાડવાની તસ્દી લેવાતી નથી અને આજે ડીસીએફ પણ વિગત આપ્યા વિના જ રવાના થઈ જતા સમગ્ર પ્રકરણમાં એસીએફ સહિતના જવાબદાર અધિકારીઓની નિષ્ફળતા પર રીતસરના ઢાંકપીછોડો કરવા માટેના પ્રયાસ થઇ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

ત્યારે સમગ્ર પ્રકરણમાં વન વિભાગના ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ કરાવવામાં અને ખરેખર ખેરના લાકડાનો જથ્થો કેટલો હતો. અને આટલા મોટા જથ્થા માટે ખરેખર જવાબદારી એસીએફ, આરએફઓ કે રાઉન્ડ ફોરેસ્ટરની કોની થાય તે નક્કી કરી જવાબદાર અધિકારી સામે કાર્યવાહી થાય તે જરૂરી છે.

# નવસારીની એસજીએમ સ્કૂલમાં વિદ્યાર્થી પર સહપાઠીઓએ કાતરથી હુમલો કર્યો



**(સંપૂર્ણ સમાચાર સેવા) નવસારી,તા.૨૬**

રાજ્યમાં શિક્ષણધામો હવે જાણે રણમેદાન બની રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલ જેવી ગંભીર ઘટના બનતા સહેજમાં રહી ગઈ છે, પરંતુ નવસારીની એક શાળામાં વિદ્યાર્થીઓ વચ્ચે લોહિયાળ ઘર્ષણના સમાચાર સામે આવ્યા છે. નવસારીની એસજીએમ સ્કૂલમાં વિદ્યાર્થીઓ અંદરોઅંદર બાખડ્યા હતા, જેમાં એક વિદ્યાર્થી પર કાતર વડે હુમલો કરાયાનો ગંભીર આરોપ લાગ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર નવસારીની SGM સ્કૂલમાં અભ્યાસ કરતા એક જ ક્લાસના વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ બાબતે તકરાર થઈ હતી. વાત વણસતા બે વિદ્યાર્થીઓએ મળીને તેમના જ વર્ગના અન્ય એક વિદ્યાર્થી પર હુમલો કરી દીધો હતો. પ્રાથમિક માહિતી મુજબ ઝઘડા દરમિયાન વિદ્યાર્થી પર કાતર વડે હુમલો કરવામાં આવ્યો હોવાનો આરોપ મુકવામાં આવ્યો છે. કાતરના ઘા વાગવાને કારણે ભોગ બનનાર વિદ્યાર્થી લોહીલુહાણ થઈ ગયો હતો. ઘટનાની ગંભીરતાને જોતા ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. શાળા સંકુલમાં જ હિંસક ઘટના બની હોવાની જાણ થતાં વાલીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. પોતાના બાળકોની સુરક્ષાને લઈને વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. બીજી તરફ, કાતરથી હુમલાની વાત વહેતી થતાં સ્કૂલના અન્ય વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં પણ ભયનું વાતાવરણ સર્જાયું છે. આ ઘટનાએ ફરી એકવાર વિદ્યાર્થીઓમાં વધતી જતી આક્રમકતા સામે લાલ બત્તી ધરી છે.


**CHANGE OF NAME**

**OLD NAME**
Shrivastav Tanujakumari Manojkumar
**NEW NAME**
**TANUJAKUMARI SHRIVASTAV**
**ADDRESS:**
H. NO.1266/2, Kamdi Faliya, Tokarkhada, Silvassa.


# વાપી મહાનગરપાલિકા દ્વારા દેસાઈવાડથી ખડકલા સુધી રોડ ડિવાઈડર બનાવવાની કામગીરી શરૂ કરાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૬**

વાપી નગરપાલિકામાંથી મહાનગરપાલિકામાં રૂપાંતરિત થતાં શહેરમાં મહાનગરપાલિકા દ્વારા વિકાસ કામોમાં વેગ પકડતો જોવા મળી રહ્યો છે. હાલમાં મનપા દ્વારા દેસાઈવાડથી ખડકલા સુધીના રોડ ઉપર ડિવાઈડર બનાવવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે.

વાપીને હજુ વિકાસની રફતાર પકડતા થોડી વાર લાગશે. મનપાની ચૂંટણી યોજાયા બાદ પ્રજાના પ્રતિનિધિઓનો વહિવટ શરૂ થશે એટલે શહેરનો ચોતરફ વિકાસ શરૂ થઈ જશે. હાલ મનપાનું એડમિસ્ટેશન કમિશ્નર દ્વારા ચલાવાઈ રહ્યું છે. જો કે હાલમાં અનેક વિકાસ કાર્યો પાઈપલાઈનમાં છે. તેમાં મહત્ત્વાકાંક્ષી રેલવે ફલાય ઓવરબ્રિજ, અતુલ સોસાયટી સામે રેલવે અંડરપાસ (જો કે હાલ કામકાજ બંધ છે) જે-ટાઈપ પુલ સહિત શહેરમાં રોડ રસ્તા નવા અથવા મરામતની કામગીરી ચાલુ જ છે. સફાઈ અને સ્ટ્રીટ લાઈટની સમસ્યા અમુક વિસ્તારોમાં જોવા મળી રહી છે તે પણ આગામી સમયમાં દુરસ્ત થશે તેવી વકી જોવા મળી રહી છે.


## પશ્ચિમ રેલવે

સિનીયર ડિવિઝનલ કોમર્શિયલ - મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે
ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, એનએફઆર વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦ ૦૦૮.

**કામ : મુંબઈ ડિવિઝન પર વિવિધ એનએફઆર મીડિયા દ્વારા જાહેરાતનું પ્રદર્શન**

| હરાજી કેટલોગ નં. | હરાજી પ્રારંભ (તમામ લોટ) |
|---|---|
| MMCT-PnU-25-12 | 12-12-25 13:00:00 |

| ક્રમ નં. | લોટ નં. | સ્થળ / વિસ્તાર | દિવસો | ઈ-હરાજી બંધ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | **PnU-BCT-MMCT-WRL-80-25-1** (પે એન્ડ યુઝ - લાઉન્જ/વેઈટિંગ / રિટાયરિંગ / ક્લોક રૂમ) | મુંબઈ સેન્ટ્રલ (એમએમસીટી) સ્ટેશન પર રિટાયરિંગ રૂમ / ડોર્મિટરીઝના નવીનીકરણ, સંચાલન અને જાળવણી માટે ઈ-હરાજી | **1826** | 12-12-25 13:30:00 |

| હરાજી કેટલોગ નં. | હરાજી પ્રારંભ (તમામ લોટ) |
|---|---|
| MMCT-ADVTM25-40 | 12-12-25 14:00:00 |

| ક્રમ નં. | લોટ નં. | સ્થળ / વિસ્તાર | દિવસો | ઈ-હરાજી બંધ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | **MSS-BCT-NVS-PrKiosk-50-25-1** (વિવિધ-સ્થિર-સેવાઓ - પ્રમોશનલ કિઓસ્ક) | નવસારી સ્ટેશન (એનવીએસ) સ્ટેશન પર ૩ વર્ષના સમયગાળા માટે પ્રમોશનલ કિઓસ્ક/પ્રોડક્ટ ડિસ્પ્લે દ્વારા કોમર્શિયલ જાહેરાતના કરાર માટે ઈ-હરાજી | **1096** | 12-12-25 14:30:00 |

**સંપર્ક વિગતોઃ લેન્ડલાઈન નં.:** 02267644212. **ઈમેઈલ આઈડીઃ acmadvtgbct@gmail.com નોંધઃ** સંભવિત બિડર્સોને IREPS વેબસાઈટ **(www.ireps.gov.in)** પર ઈ-હરાજી લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા માટે વિનંતી કરવામાં આવે છે. લોટ પ્રમાણેની વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. **0835**

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ X.com/WesternRly



## ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ
**અન્સારી નગર, નવી દિલ્હી - ૧૧૦૦૨૯**
**પરિક્ષા વિભાગ**

**પ્રવેશ સૂચના નં. ૩૩૦/૨૦૨૫**

**F.No./AIIMS/E.S./34-95/25/DHR-BRET 2025** **21.11.2025**

**DHR-બાયોમેડિકલ રિસર્ચ પાત્રતા કસોટી (DHR-BRET-2025)**

નોટિસ નં. ૩૨૯/૨૦૨૫ ૩૦.૧૦.૨૦૨૫ના સંદર્ભમાં, આથી જાણ કરવામાં આવે છે કે DHR બાયોમેડિકલ રિસર્ચ પાત્રતા કસોટી (DHR-BRET-2025)ની ઓનલાઈન નોંધણીની છેલ્લી તારીખ **૦૮ ડિસેમ્બર ૨૦૨૫ (સાંજે ૦૫.૦૦ વાગ્યા સુધી)** સુધી લંબાવવામાં આવી છે. સુધારેલ સમયપત્રક નીચે મુજબ છેઃ

| અરજી માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન | પ્રારંભ તારીખ | છેલ્લી તારીખ |
|---|---|---|
| અરજી માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન | ૦૧.૧૧.૨૦૨૫ | ૦૮.૧૨.૨૦૨૫ (સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં) |
| નોંધણીની સ્થિતિ અને નકારવામાં આવેલ છબીઓ/ખોટી નોંધણી વિગતો સુધારવા માટેની છેલ્લી તારીખ | ૧૧.૧૨.૨૦૨૫ | ૧૩.૧૨.૨૦૨૫ (સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં) |
| એઈમ્સ વેબસાઇટ પર પ્રવેશ કાર્ડ અપલોડ કરવું | પછીથી જાહેર કરવામાં આવશે | |
| પરીક્ષાની તારીખ | પછીથી જાહેર કરવામાં આવશે | |

તમામ નવીનતમ અપડેટ્સ અને વિગતવાર માહિતી માટે કૃપા કરીને નિયમિતપણે વેબસાઇટ www.aiimsexams.ac.in ની મુલાકાત લો.

**CBC 17112/12/0053/2526** **આસિસ્ટન્ટ કંટ્રોલર (પરીક્ષા)**



**U. T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**DIU MUNICIPAL COUNCIL - DIU**
**NOTICE INVITING TENDER**

1. Construction of additional shed in Gaushala situated at Naida-Fudam Road, Diu. (3rd call).

| | |
|---|---|
| Tender No. | :DMC/DIU/CONST/2025-2026/832 |
| Start date id submission | :24/11/2025 till 06.00 PM |
| Last date for physical submission | : 02/12/2025 at 14:30 PM |
| Bid opening date | : 05/12/2025 at 16:00 PM |

www.diu.gov.in
dmc-diu-dd@nic.in
02875-252126

**Chief Officer, Diu Municipal Council, Diu**

**No. IP/DMN/2/5/2025-26/957, Dated: 26/11/2025**



**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

જવાહર નવોદય સ્કૂલ પ્રિમાઈસીસ દુનેઠા, નાની દમણ ખાતે ભૂગર્ભ સમ્પનું બાંધકામ. (પમો કોલ) (ઈ-૧૧૬૮૭)

| | |
|---|---|
| ટેન્ડર આઈડી નં. | : 2025_DAMAN_4541_1 |
| પ્રીબીડ મીટિંગ તારીખ | : --- |
| ડાઉનલોડની છેલ્લી તારીખ | : 01/12/2025 |
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ | : 01/12/2025 |
| બિડ ખોલવાની તારીખ | : 01/12/2025 |

For details please scan https://ddtenders.gov.in

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**

**No. IP/DMN/2/5/2025-26/958, Dated: 26/11/2025**



**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

નાની દમણમાં વિવિધ સરકરી ઈમારતોમાં કમ્પાઉન્ડ વોલનું પુનઃનિર્માણ

| | |
|---|---|
| ટેન્ડર આઈડી નં. | : 2025_DAMAN_4543_1 |
| પ્રીબીડ મીટિંગ તારીખ | : --- |
| ડાઉનલોડની છેલ્લી તારીખ | : 03/12/2025 |
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ | : 03/12/2025 |
| બિડ ખોલવાની તારીખ | : 03/12/2025 |

For details please scan https://ddtenders.gov.in

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**

**No. IP/DMN/2/5/2025-26/960, Dated: 26/11/2025**



**કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન**

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

**નીલામી સૂચના**

જમ્પોર ઘાટ, સી-ફ્રન્ટ, મોટી દમણ ખાતે સ્ટૉલ ચલાવવા માટે પરવાનગી મંજૂર કરવા બાબત

ટેન્ડર નં. : 4/442/DT/DMN/JMPRGHT/STALLS/24-25/626

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/
dnhddtourism@gmail.com
Phone No. 0260-2250002

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 16/12/2025

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ – 396215

**No. IP/DMN/2/5/2025-26/961, Dated: 26/11/2025**



## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં

રજી. ૧૨૫-૨૦૨૪

**અરજદારઃ પટેલ ધીરૂભાઈ મોતીભાઈ**
રહે. રોહિણા દામુ ફળિયા, તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી રોહિણા
તા.પારડી, જી. વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ ધીરૂભાઈ મોતીભાઈ,** રહે. રોહિણા દામુ ફળિયા, તા.પારડી, જી. વલસાડનાએ તેઓના **પિતરાઈ દાદી વેલકીબેન હિરકાભાઈ પટેલનું મરણ તા.૨૦/૦૪/૧૯૯૩**ના રોજ મોજે-રોહિણા, તા.પારડી, જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી, જી.વલસાડની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૩/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં. એમએજી./જન્મ-મરણ/રજી. નં. ૧૨૫-૨૦૨૪/૨૦૨૫.**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી.**
**તા. પારડી, જી. વલસાડ**

કોર્ટનો સિક્કો

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**



## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં

રજી. ૧૨૪-૨૦૨૪

**અરજદારઃ પટેલ ધીરૂભાઈ મોતીભાઈ**
રહે. રોહિણા દામુ ફળિયા, તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી રોહિણા
તા.પારડી, જી. વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ ધીરૂભાઈ મોતીભાઈ,** રહે. રોહિણા દામુ ફળિયા, તા.પારડી, જી. વલસાડનાએ તેઓના **પિતરાઈ દાદી વેસ્તીબેન લીસ્ટીભાઈ પટેલનું મરણ તા.૧૫/૦૪/૧૯૮૨**ના રોજ મોજે-રોહિણા, તા.પારડી, જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી, જી.વલસાડની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૩/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં. એમએજી./જન્મ-મરણ/રજી. નં. ૧૨૪-૨૦૨૪/૨૦૨૫.**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી.**
**તા. પારડી, જી. વલસાડ**

કોર્ટનો સિક્કો

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**



## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં

રજી. ૮૫-૨૦૨૪

**અરજદારઃ પટેલ ધીરૂભાઈ મોતીભાઈ**
રહે. રોહિણા દામુ ફળિયા, તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી રોહિણા
તા.પારડી, જી. વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ ધીરૂભાઈ મોતીભાઈ,** રહે. રોહિણા દામુ ફળિયા, તા.પારડી, જી. વલસાડનાએ તેઓના **પિતરાઈ દાદા લીસ્ટીભાઈ મેરવાનભાઈ પટેલનું મરણ તા.૧૯/૦૨/૧૯૮૫**ના રોજ મોજે-રોહિણા, તા.પારડી, જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી, જી.વલસાડની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૩/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં. એમએજી./જન્મ-મરણ/રજી. નં. ૮૫-૨૦૨૪/૨૦૨૫.**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી.**
**તા. પારડી, જી. વલસાડ**

કોર્ટનો સિક્કો

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**



## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં

રજી. ૮૩-૨૦૨૪

**અરજદારઃ પટેલ ધીરૂભાઈ મોતીભાઈ**
રહે. રોહિણા દામુ ફળિયા, તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી રોહિણા
તા.પારડી, જી. વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ ધીરૂભાઈ મોતીભાઈ,** રહે. રોહિણા દામુ ફળિયા, તા.પારડી, જી. વલસાડનાએ તેઓના **દાદા રાઘાભાઈ માંદિયાભાઈનું મરણ તા.૧૯/૦૪/૧૯૯૫**ના રોજ મોજે-રોહિણા, તા.પારડી, જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી, જી.વલસાડની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા.૦૬/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં. એમએજી./જન્મ-મરણ/રજી. નં. ૮૩-૨૦૨૪/૨૦૨૫.**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી.**
**તા. પારડી, જી. વલસાડ**

કોર્ટનો સિક્કો

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**


**વર્તમાન પ્રવાહ** વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

નવી દીલ્હીમાં એનઈએસટીએસ દ્વારા આયોજીત જીઆઈ ટેગ ટ્રાઈબલ આર્ટ એક્સટ્રાવેગેન્ઝાની રાષ્ટ્રીય પેઈન્ટિંગ સ્પર્ધામાં ભાગ લઈ

# દાનહની એકલવ્ય રેસિડેન્શિયલ સ્કૂલના ધોરણ ૧૦ના વિદ્યાર્થી મેહુલ ગોરાતે મેળવેલો પ્રથમ ક્રમ




## સંઘપ્રદેશનું વધારેલું ગૌરવઃ ડિઝાઈનિંગમાં નિષ્ણાંત માર્ગદર્શક ચિત્ર શિક્ષક ચંદ્રકાન્ત માહલાનું રહેલું વિશેષ યોગદાન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૬**

ભારતની આદિવાસી કલાને સમર્પિત રાષ્ટ્રીય મંચ પર એકલવ્ય રેસિડેન્શિયલ સ્કૂલ દાનહના ધોરણ ૧૦ના વિદ્યાર્થી શ્રી મેહુલ રાજેશ ગોરાતે નવી દીલ્હીમાં એનઈએસટીએસ દ્વારા આયોજીત જીઆઈ ટેગ ટ્રાઈબલ આર્ટ એક્સટ્રાવેગેન્ઝાની રાષ્ટ્રીય પેઈન્ટિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી શાળા અને પ્રદેશનું નામ રોશન કર્યું છે.

દાનહના એક સાધારણ આદિવાસી પરિવારમાંથી આવતા શ્રી મેહુલની આ સફળતા પાછળ તેમના માર્ગદર્શક ચિત્ર શિક્ષક શ્રી ચંદ્રકાન્ત માહલાનું વિશેષ યોગદાન રહ્યું છે. શ્રી ચંદ્રકાન્ત માહલા પોતે આર્ટ એન્ડ ક્રાફ્ટ અને મોટા કાર્યક્રમોના ડિઝાઈનિંગમાં નિષ્ણાંત છે. શ્રી મેહુલ ગોરાતની આ જીત 'પ્રતિભા મહેનતની મોહતાજ નથી' એ સૂત્રને સાર્થક કરે છે. આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરતા શ્રી ચંદ્રકાન્ત માહલાએ જણાવ્યું હતું કે, યોગ્ય માર્ગદર્શન અને તક મળે તો સંઘપ્રદેશના આદિવાસી વિદ્યાર્થીઓ કોઈપણ રાષ્ટ્રીય મંચ પર ચમકી શકે છે. આ આપણાં ઈએમઆરએસ પરિવાર માટે ગૌરવની ક્ષણ છે. શ્રી મેહુલ ગોરાતની આ સિદ્ધિ સમગ્ર પ્રદેશના આદિવાસી યુવાનો માટે પ્રેરણાસ્તોત્ર બની રહેશે.

# દમણ ફાયર ફાઈટર વિભાગે આગ સલામતી ટિપ્સ સમજાવવા માટે યોજેલી મોક ડ્રીલ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૬**

આજે દમણ ફાયર ફાઈટર વિભાગ દ્વારા નાની દમણની આનંદ હાઉસિંગ સોસાયટીમાં આપત્તિ નિવારણ અંગે માહિતી આપવા રસોઈ ગેસ સિલિન્ડરથી આગ ઓલવવાની મોક ડ્રીલ યોજવામાં આવી હતી. ફાયર ફાઈટર ઓફિસરશ્રી એ.કે. વાલાએ વિવિધ પ્રકારની આપત્તિઓ સમજાવી અને તમામ કટોકટીમાં ધીરજ રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે લોકોને સમજાવતા જણાવ્યું હતું કે, ધુમાડો ઈમારતમાં લોકોને ગૂંગળાવી શકે છે અને આવી પરિસ્થિતિઓમાં ખાસ સાવચેતી રાખવી જોઈએ. ઘર બનાવતી વખતે, બે દરવાજા રાખવાનો પ્રયાસ કરવો જોઈએ, એક આગળ અને બીજો પાછળ, જેથી જો એક બાજુ આગ લાગે તો સરળતાથી બીજી બાજુથી બહાર નીકળી શકાય.

મોક ડ્રીલમાં સિલિન્ડરમાં લાગેલી આગ કેવી રીતે ઓલવવી અને કાબુમાં લેવી તે દર્શાવવામાં આવ્યું. આ પ્રક્રિયામાં જનતા પણ સામેલ હતી. પશુધન માટે અગ્નિ સલામતીના પગલાં, કોઠારમાં આગ સલામતીમાં ધ્યાનમાં લેવા જેવી બાબતો, ઘરમાં આગ નિવારણ અને ગેસ સિલિન્ડરમાં આગ લાગે તો લેવાના પગલાં વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

# 'પેરાડાઈમ શિફ્ટ' એવો અભિગમ છે કે જેનાથી જ્ઞાતિવાદ, ભાષાવાદ, દેશવાદ જેવી વિશ્વભરની અનેક સમસ્યાઓ પણ પળભરમાં હલ થઈ શકે!

**કોઈ પણ પ્રસંગ કે વાતનો સાચો સંદર્ભ સમજતાની સાથે જ આપણાં વિચારોમાં, નિર્ણયમાં અને વર્તનમાં આવતા આમૂલ પરિવર્તનને ''પેરાડાઈમ શિફ્ટ'' કહેવાય છે. પરંતુ માનવજાતનો અભિગમ એવો રહ્યો છે કે, વસ્તુને પૂર્ણ રીતે સમજ્યા વિના, જોવામાં નહીં આવેલી માહિતીમાં મસાલો ભેળવી, તરત જ ચુકાદો આપવાની અને તે બીજાને પહોંચાડવાની હોડ મચાવી દેવી**

## સિક્કાની ત્રીજી બાજુ



- સ્વામી ચિન્મયદાસ

**સ્ટીફન કોવી–દૃષ્ટિકોણ બદલાવના માર્ગદર્શક**

સ્ટીફન આર. કોવી (Stephen R. Covey) એક પ્રસિદ્ધ અમેરિકન લેખક, વક્તા અને મેનેજમેન્ટના નિષ્ણાત હતાં. તેઓએ વ્યક્તિગત વિકાસ, લીડરશિપ, સમયની ઉપયોગિતા અને માનવીય સંબંધો જેવા વિષયો પર મનનીય લેખન કર્યું છે.

તેમના અસરકારક સંવાદો અને દૃષ્ટાંતો વાંચકને જીવનની નવી દિશા અપનાવવા પ્રેરિત કરે છે. તેમની સૌથી જાણીતી કૃતિ ''The Seven Habits of Highly Effective People'' વિશ્વભરમાં વ્યક્તિગત વિકાસ માટે ઉત્તમ માનવામાં આવે છે.

ક્યારેક એક નાની, પરંતુ હૃદયદ્રાવક ચિનગારી પણ આપણાં સમગ્ર જીવનને પ્રકાશિત કરી દેતી હોય છે. આ પુસ્તકમાં સ્ટીફન કોવી પોતાનો એવો જ એક ચોટદાર સ્વાનુભવ વર્ણવે છે–જે માનવજીવનને નવું ઓજસ પૂરુ પાડવા માટે પૂરતો છે.

**સબવેનું શાંત દૃશ્ય**

રવિવારની એક શાંત સવારે ન્યૂયોર્ક શહેરની સબવે ટ્રેનમાં સ્ટીફન કોવી મુસાફરી કરી રહ્યાં હતાં. કમ્પાર્ટમેન્ટમાં નીરવ શાંતિ છવાયેલી હતી. કોઈ સમાચારપત્રમાં મશગુલ હતું, કોઈ સુડોકુના કોયડામાં ગૂંચવાયું હતું, કેટલાંક મુસાફરો આંખ બંધ કરી આરામ કરતા હતાં, તો કેટલાંક આગલા સ્ટેશનની રાહ જોઈ રહ્યા હતાં. કેટલાંક તો પોતાની જ વિચારોની દુનિયામાં ખોવાયેલા હતાં.

**બાળકોની મસ્તી અને મુસાફરોની ચીડ**

ટ્રેનના આગલા સ્ટોપ પર થોડી હલચલ થઈ. એક પીઢ માણસ ત્રણ-ચાર નાનાં બાળકો સાથે કમ્પાર્ટમેન્ટમાં પ્રવેશ્યો અને સ્ટીફનની નજીકની સીટ પર આવીને બેઠો. તેની આંખોમાં ઊંડી ઉદાસીનતા દેખાતી હતી. બાળકો જ્યાં જગ્યા મળે ત્યાં ગોઠવાઈ ગયા, પરંતુ તેમની દોડાદોડ, કલબલાટ અને મસ્તીની ધમાલે શાંત વાતાવરણને જાણે મેળામાં ફેરવી નાંખ્યું.

એક બાળક કોઈ મુસાફરની પાસેથી પેપર છીનવી લેતો હતો, બીજો બે સીટ વચ્ચે જગ્યા કરવા તોફાન મચાવી રહ્યો હતો. નીરવ શાંતિમાં રણશિંગું ફૂંકાયું હોય તેમ નિંદ્રાધીન મુસાફરો પણ સફાળા જાગી ગયા. બાળકોનું વર્તન બધાંને ખટકતું હતું; જો કે, સૌને સૌથી વધુ આશ્ચર્ય તો તેના પિતાના નિષ્ક્રિય વર્તનનું થયું. તે માણસ આંખ બંધ કરી જડ અવસ્થામાં બેઠો હતો–બાળકોની ગેરવર્તણૂંક અંગે તે લાપરવાહી હોય તેમ સૌને લાગ્યું.

મુસાફરોમાં અણગમો સ્પષ્ટ દેખાતો હતો. અસંતુષ્ટ નજરો ગણગણાટ... બધું ગરમાતું ગયું.

**સ્ટીફન કોવીનો હસ્તક્ષેપ**

શિસ્તપ્રિય સ્ટીફન કોવી પણ અંતે ચીડાઈ ગયા. તેમણે પેલાં મહાશયને સૌજન્યપૂર્વક ઢંઢોળીને કહ્યું–

''ભાઈ, તમારા બાળકો બધાંને પરેશાન કરી રહ્યા છે. કૃપા કરી તેમનું થોડું ધ્યાન રાખશો?''

મહાશયે આંખ ખોલી, દુઃખભર્યા સ્વરે ઉત્તર આપ્યો–

''હા... તમે સાચું કહો છો. મારે તે માટે કંઈક કરવું જોઈએ.''

બાજુના એક મુસાફરે તરત ટિપ્પણી કરી– ''તો કરો ને કંઈક!''

તે વ્યક્તિએ ભારે નિશ્વાસ સાથે કહ્યું,

''પણ હું નિઃસહાય છું.'' તેના આ ઉત્તરથી કેટલાંક મુસાફરો બંને હાથની હથેળીઓ પલટાવી આશ્ચર્ય વ્યક્ત કરતાં દેખાયાં.

**હૃદયને કંપાવી દેનારી સત્યકથા**

''અમે હોસ્પિટલમાંથી આવી રહ્યા છીએ. એક કલાક પહેલાં જ આ બાળકોની માતાનું અવસાન થયું છે.

હું પોતે સમજી શકતો નથી શું કરવું?

અને બાળકોને પણ ખબર નથી કેવી રીતે વર્તવું?'' અશ્રુભીની આંખો સાથે બોલાયેલા પેલાં મહાશયના આ એક જ વાક્યે કમ્પાર્ટમેન્ટનું આખું દૃશ્ય બદલી નાંખ્યું!

ચીડ કરુણામાં ફેરવાઈ ગઈ!

ગુસ્સો શરમમાં શમી ગયો!

ઠપકાઓ સાંત્વનામાં બદલાઈ ગયા!

ટ્રેનમાં બેઠેલા દરેક યાત્રીઓની મનોભૂમિકા એકાએક બદલાઈ ગઈ. એક ક્ષણ પહેલાં જ્યાં અણગમાનો કાદવ ઉછળતો હતો, ત્યાં દયા, સહાનુભૂતિ અને સ્નેહની હેલી થવા લાગી!

આને જ કહેવાય પેરાડાઈમ શિફ્ટ (Paradigm Shift)–

એવું પરિવર્તન, જ્યાં આપણું મૂળભૂત વિચારધોરણ અને દૃષ્ટિકોણ સંપૂર્ણપણે બદલાઈ જાય.

**પેરાડાઈમ શિફ્ટ એટલે શું?**

ટૂંકમાં કહીએ તો– કોઈ પણ પ્રસંગ કે વાતનો સાચો સંદર્ભ સમજતાની સાથે જ આપણાં વિચારોમાં, નિર્ણયમાં અને વર્તનમાં આવતા આમૂલ પરિવર્તનને ''પેરાડાઈમ શિફ્ટ'' કહેવાય છે.

પરંતુ માનવજાતનો અભિગમ એવો રહ્યો છે કે, વસ્તુને પૂર્ણ રીતે સમજ્યા વિના, જોવામાં નહીં આવેલી માહિતીમાં મસાલો ભેળવી, તરત જ ચુકાદો આપવાની અને તે બીજાને પહોંચાડવાની હોડ મચાવી દેવી.

સ્ટીફન કોવી કહે છે-

''જીવન બદલવા માટે સૌથી મહત્વની બાબત છે- તમારો પેરાડાઈમ બદલો.''

કારણ કે-

"We see the world, not as it is, but as we are."

અર્થાત્-દુનિયા ખરેખર જેવી છે તે નહીં, પણ આપણે કેવી રીતે વિચારીએ છીએ તે પ્રમાણે દેખાય છે.

**દૃષ્ટિકોણનો બદલાવ એટલે ચમત્કાર**

જો આપણે લોકોને, સમાજને અને પ્રસંગોને નવા દૃષ્ટિકોણથી જોવાનું શીખી જઈએ, તો જ્ઞાતિવાદ, ભાષાવાદ, દેશવાદ જેવાં અનેક વિવાદો પણ સહેલાઈથી ઉકેલાઈ જાય.

આપણી જાતને એક વાર પૂછીએ...'

- ''શું આપણે પણ કોઈને સમજ્યા વિના જ ચુકાદો આપી દેતા નથી ને ?''
- ''આજે તમે કોના વિષે તમારી દૃષ્ટિ બદલી શકો?''

દૃષ્ટિકોણ બદલાય તો આપણા જીવનમાં ચમત્કારિક પરિવર્તન આવી શકે–એક વાર પ્રયત્ન કરવા જેવો ખરો!

# સેલવાસ નરોલી રોડ પર બાઈક થાંભલા સાથે અથડાતા બાઈક ચાલક યુવકનું ઘટના સ્થળે જ મોત



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૬**

સેલવાસથી નરોલી તરફ જતા મેઈન રોડ પર બાઈક ચાલકની બાઈકનું બેલેન્સ ના રહેતા થાંભલા સાથે ટકરાયા બાદ નીચે પટકાતા ઘટના સ્થળ પર જ મોત થયું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર સેલવાસથી નરોલી તરફ ચેતન કેવંતી એની બાઈક પર કંપનીમાં નોકરી પર જવા નીકળ્યો હતો તે સમયે નવા ઓવરબ્રિજ નજીક પહોંચ્યો તે સમયે બાઈકનુ બેલેન્સ ખોરવાતા રોડ સાઈડ પર થાંભલા સાથે અથડાતા બાઈક પરથી નીચે પટકાયો હતો. આ અકસ્માત જોતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી હતી. પરંતુ એમ્બ્યુલન્સ પહોંચે તે પહેલા જ બાઈક સવારનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ત્યાં ઉપસ્થિત લોકોએ યુવકની ઓળખ માટે ખિસ્સા ચેક કરતા એની પાસેથી ભીલોસા કંપનીનો આઈકાર્ડ મળી આવ્યો હતો. જેમાંનું એનુ નામ ચેતન કેવંતી હતું. સેલવાસ પોલીસે લાશનો કબજો લઈ પીએમ માટે નમો હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. આ ઘટના અંગે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાંસદ ખેલ મહોત્સવમાં

# વાપી એલ.જી. હરિયા સ્કૂલની વિદ્યાર્થીનીઓની વોલીબોલ ટીમે રોકડ પુરસ્કાર મેળવ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

રમતગમત વિભાગ દ્વારા ''સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫'' અંતર્ગત અંડર ૧૪ બહેનો માટે વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાપીની શ્રી એલ.જી. હરિઆ મલ્ટિપર્પઝ શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનાર વિદ્યાર્થીઓ અનુક્રમે અદિતિ શર્મા, અંકિતા માલી, અર્પિતા સીંગ, જિયા ભાનુશાલી, પરિધી પાટીલ, સુનિતા શેખાવત, ઈન્દ્રાયુષી ત્રિપાઠી, આરાધ્યા તિવારી, અહન્યા યાદવે સ્પર્ધામાં ભાગ લઈ અને પ્રથમ રનર્સઅપ રહી રૂા.૧૫૦૦૦ રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. શાળાના મેનેજમેન્ટ અને આચાર્યા બીની પૌલે શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થીઓ અને તેમના કોચ વિજય યાદવને અભિનંદન પાઠવ્યા હતા.

# વલસાડ મહેતવાડમાં ટેમ્પોએ કાબુ ગુમાવતા પૌરાણિક મકાન સાથે ભટકાયો, મકાનનો એક હિસ્સો ધરાશાયી થયો

## બાલ્કની સહિત મકાનનો હિસ્સો કાટમાળમાં ફેરવાયો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

વલસાડમાં અનેક ૧૦૦ વર્ષથી પણ પૌરાણિક મકાનો આવેલા છે તેવું એક મકાન મહેતવાડ અંબામાતા મંદિર પાસે આવેલું છે. ગતરોજ એક ટેમ્પોએ કાબુ ગુમાવતા આ મકાન સાથે ધડાકાભેર ટેમ્પો ભટકાતા મકાનનો એક હિસ્સો બાલ્કની સાથે ધરાશાયી થઈ ગયો હતો.

વલસાડના મહેતવાડ અંબામાતા મંદિર પાસે આવેલ એક ૧૦૦ થી વધારે જુના મકાનને બેફામ આવતા ટેમ્પો મકાન સાથે ધડાકાભેર અથડાતા મકાન હચમચી ગયું હતું. મકાનનો એક હિસ્સો બાલ્કની સાથે જમીનદોસ્ત થઈને કાટમાળમાં ફેરવાઈ ગયો હતો. અકસ્માતની જાણ બાદ ફાયરની ગાડી ઘટના સ્થળે દોડી આવી હતી. સદનસીબે અકસ્માત સમયે નજીકમાં કોઈ નહી હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. અકસ્માતમાં કોઈને પણ જાનહાની થવા પામી નહોતી. અલબત્ત ઘટના બાદ લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. અનેક તર્કવિતર્ક લોકોએ વહેતા કર્યા હતા. વલસાડમાં સેંકડો પૌરાણિક મકાનો આજે પણ શહેરની વિરાસતને જાળવી રહેલા જોવા મળી રહ્યા છે.

# વલસાડ નગરપાલિકા ગેરકાયદે દબાણો હટાવવા એક્શનમાંઃ મોગરાવાડીમાં ડિમોલિશન કાર્યવાહી કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

વલસાડ નગરપાલિકા દ્વારા ભીડભાડવાળા વિસ્તારોમાં ગેરકાયદે દબાણો હટાવવાની કટીબધ્ધતા દાખવી રહી છે. અનેક વિસ્તારોમાં ગેરકાયદે દુકાનો બાંધકામ, લારીગલ્લા ઉભા કરી દેવાયા છે તેની ઉપર પાલિકાએ બુલડોઝર ફેરવવાનું શરૂ કરી દીધું છે. શહેરના મોગરાવાડી વિસ્તારમાં પાલિકા દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરવા માટે ડિમોલિશન કાર્યવાહી હાથ ધરાઈ હતી.

વલસાડ શહેરમાં ધરમપુર રોડ, શાકભાજી માર્કેટ, તિથલ રોડ મળી અનેક વિસ્તારોમાં અવારનવાર ક્યાંક વિખવાદો વચ્ચે ડિમોલિશન કામગીરી ચલાવાઈ રહી છે. શહેરના મોગરાવાડી વિસ્તારમાં પાલિકાના જે.સી.બી. અને ટ્રેક્ટરો ડિમોલિશન કામગીરીમાં જોતરાયા હતા. પાલિકા શહેરમાં પથરાયેલા ગેરકાયદે દબાણો હટાવવાના મુડમાં છે તે અંતર્ગત મંગળવારે મોગરાવાડી વિસ્તારમાં દબાણો હટાવાયા હતા. આજે બુધવારે પણ આ ડિમોલિશનની કાર્યવાહી આગળ ધપી હતી.

# વાપી હાઈવે બગવાડા ટોલનાકા સુધી કલાકો સુધી ટ્રાફિકનો પંજો ફરી વળ્યોઃ વાહનોની કતારો લાગી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૬**

વાપી વલસાડ જિલ્લા મધ્યેથી પસાર થતો નેશનલ હાઈવે ક્યારેક ક્યારે શિરોવેદના સમાન બની જતો હોય છે. વલસાડ થી વાપી વચ્ચે સપ્તાહમાં અનેકવાર ટ્રાફિકની સમસ્યા ઉભી થતી રહે છે. તેવી વિકટ સમસ્યા આજે બુધવારે વાપી થી બગવાડા ટોલનાકા સુધી ટ્રાફિકની પેચીદી સમસ્યા સર્જાઈ હતી. વાપી નેશનલ હાઈવે ઉપર મોરાઈ નજીક કોઈ વાહન પલટી મારી જતા વલસાડ તરફ જતી લાઈન ઉપર ટ્રાફિક સર્જાયો હતો. ટ્રાફિક પણ કેવો અંધાધુંધ ટ્રાફિક રોડ ઉપર ત્રણ-ત્રણ લાઈનો શરૂ થઈ હતી. કેટલાક ઉતાવળીયા વાહન ચાલકોએ તો સર્વિસ રોડ પણ જામ કરી દીધો હતો. ટ્રાફિકની ઉદભવેલી સમસ્યાથી લાખો રૂપિયાનું ઈંધણ અને માનવ કલાકો ખર્ચાઈ ગયા હતા. વાપી હાઈવે ઉપર છાશવારે ટ્રાફિક સમસ્યા સર્જાતી રહે છે. ટ્રાફિકનું ભારણ સર્વિસ રોડ ઉપર ઠલવાતા બલીઠા થી લઈ વાપી વૈશાલી ચોકડી સુધી ટ્રાફિકની અસર કલાકો સુધી જોવા મળી હતી. વાપીમાં હાઈવે નહિ બલ્કે શહેર પણ ટ્રાફિકની સમસ્યાથી નિરંતર મોટા ભાગના તમામ વિસ્તારોમાં ઉદ્દભવતી રહે છે. રોડ ઉપર વધી રહેલા વાહનોનું દબાણ શહેરના રસ્તા-રોડ ઉપર નિરંતર જોવા મળે છે. વાપી શહેર વિકાસની સાથે સાથે ટ્રાફિક હબ બની ચૂક્યું છે.




-તસવીરઃ સુરેશ ઉમતિયા